Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૯૨
તા.૩૦-૧૦-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૪ કારતક સુદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૫ સૂર્યાસ્ત : ૦૬:૦૨

તાપમાન: ડીસા ૩૬.૪ | અમદાવાદ ૩૫.૬ | ગાંધીનગર ૩૭.૦ | વડોદરા ૩૬.૦ | સુરત ૩૬.૪ | નલિયા ૩૫.૮

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૨૫૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# હું રહું ના રહું પરંતુ દેશ આબાદ રહેશે : મોદી

## કર્ણાટકમાં ચૂંટણી અભિયાનની નરેન્દ્ર મોદીએ શરૂઆત કરી : વધુ રોકડ કારોબાર સામાજિક દૂષણો સર્જે છે : મોદી : હવે ડિજિટલ કરન્સીના યુગની શરૂઆત થઇ ચુકી છે : કયો પંજો છે જે એક રૂપિયાને ૧૫ પૈસા બનાવી દે છે : જાહેર સભામાં મોદીનો કોંગ્રેસ પર પ્રહાર

બેંગ્લોર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વર્ષ ૨૦૧૮માં કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તે પહેલા જ ચૂંટણી પ્રચાર માટે રણશિંગૂ ફુંકી દીધું હતું. ચૂંટણી આડે સમય છે પરંતુ ભાજપે અત્યારથી જ કર્ણાટકમાં પોતાની તાકાત ઉભી કરવાના તમામ પ્રયાસો શરૂ કરી દીધા છે. મોદી આજે એક દિવસની યાત્રાએ કર્ણાટક પહોંચ્યા હતા જ્યાં તેઓએ જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. સાથે સાથે નોટબંધી અને જીએસટીને લઇને ટિકાકારોની જોરદાર ઝાટકણી પણ કાઢી



હતી. તેમણે ઉમેર્યું હતું કે, દેશના લોકો કેશલેસની દિશામાં આગળ વધી રહ્યા છે ત્યારે કેટલાક પક્ષો બિનજરૂરીરીતે હોબાળો મચાવીને રોકડની વાત કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ડિજિટલ કરન્સીના યુગની શરૂઆત થઇ ચુકી છે. કાળા નાણા, કેશલેસ અભિયાન અને નોટબંધી જેવા મુદ્દાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, કેટલાક લોકો નોટબંધીના સંદર્ભમાં જેટલું ખોટુ બોલે તેટલું બોલી શકે છે પરંતુ યાદ રાખવાની જરૂર છે કે, કરન્સી દરેક યુગમાં બદલતી રહી છે. ડિજિટલ કરન્સીને પ્રોત્સાહન આપવાની વાત કરતા તેમણે કહ્યું હતું કે, વધારે પ્રમાણમાં રોકડ સામાજિક દૂષણોને આકર્ષિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, જો ઈરાદા નેક અને પાકા રહે તો અડચણો પણ તકમાં ફેરવાઈ જાય છે. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, દેશના એક વડાપ્રધાને એક વખતે કહ્યું હતું કે, દિલ્હીમાંથી એક રૂપિયો નિકળે છે અને ગાંવમાં જતા જતાં ૧૫ પૈસા થઇ જાય છે. મોદીએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, આ રૂપિયાને ખસી કાઢનાર પંજાની રમત રહી છે. કયા એવા પંજા છે જે રૂપિયાને ખસીને ૧૫ પૈસામાં ફેરવી કાઢે છે. વર્તમાન સરકાર નક્કી કરી ચુકી છે કે, દિલ્હીમાંથી જો એક રૂપિયો નિકળશે તો ગરીબની પાસે ૯૯ પૈસા પણ નહીં બલ્કે પુરો એક રૂપિયો પહોંચશે. મોદી કર્ણાટકના એક દિવસના પ્રવાસે પહોંચ્યા હતા.

## વિચાર વૈભવ...

### મનોવલણ - એટિટ્યૂડ - નું મહત્વ !

આકાશને આંબતા એક વૃક્ષની ટોચ પર આવેલ ગરૂડના માળામાં એક દિવસ બરાબરની તૈયારી ચાલી રહી હતી. એ દિવસ એક ખાસ દિવસ હતો. નાનકડા ગરૂડબાળને હવે પ્રથમ ઉડાન ભરવાનો સમય થઈ ગયો હતો. ગરૂડપિતાએ એની સાથે ખુબ જ વિશ્વાસથી વાત કરી. બધું સમજાવ્યું અને કહ્યું, દીકરા! આજે તારે પ્રથમ વખત ઊડવાનું છે. ઊડવા અંગે તું બધું જ જાણે છે. બસ, આજે એ જ્ઞાન અમલમાં મુકી તારે આકાશને આંબી લેવાનું છે. યાદ રાખજે તું એક ગરૂડબાળ છે. જા! તારી પ્રથમ ઉડાનને અદભુત બનાવી દે!

ગરૂડપિતા પોતાના માળામાં ટટ્ટાર ઊભા રહીને આત્મવિશ્વાસથી ભરપુર અવાજે બોલતા હતા. પરંતુ નાનકડા ગરૂડબાળના મનમાં થોડીક શંકાઓ સળવળતી હતી. પિતાએ એનો વિશ્વાસ વધારતી ઘણી વાતો કરી પણ એના મનમાં ઘેરાયેલાં શંકાનાં વાદળો વીખરાતા નહોતાં. ઘણા બધા સવાલો એના મનમાં તોફાન મચાવી રહ્યા હતા. પિતાને પૂછ્યા વિના મનનું સમાધાન નહીં જ થાય એવું લાગતાં એણે પિતાની નજર સાથે નજર મિલાવીને પૂછ્યું, 'પિતાજી! હું ઊડવા માટે તૈયાર છું, પરંતુ મારા મનમાં થોડાક સવાલો છે. શું હું એ સવાલો તમને પૂછી શકું ખરો?'

'ચોક્કસ પુછી શકે! બોલ! શું પૂછવું છે તારે?' બાપે એક ગરૂડને છાજે એવી અક્કડતા સાથે કહ્યું.

'હું કેટલે દૂર સુધી જઈ શકીશ?' બચ્ચાએ પૂછ્યું.

'તું કેટલે દૂર સુધી જોઈ શકે છે?' બાપે સવાલરૂપે જવાબ આપ્યો.

'હું કેટલે ઊંચે સુધી ઊડી શકીશ?' આગળના પ્રશ્નનો બાપે આપેલ જવાબ બરાબર ન સમજાયો તેમ છતાં બચ્ચાએ બીજો પ્રશ્ન કર્યો.

'તું પૂરી તાકાતથી તારી પાંખો કેટલી પહોળી કરી શકે છે?' બાપે આ વખતે પણ એવો જ જવાબ આપ્યો.

'જો એકધારૂં ઊડું તો હું કેટલીવાર સુધી સતત ઊડી શકીશ?'

'ક્ષિતિજ કેટલી દૂર હોય છે એ તું જાણે છે? બાપે ફરીથી સામા સવાલરૂપે જ જવાબ આપ્યો. પછી કહ્યું, 'હા! એક વાત તને કહી દઉં કે ક્ષિતિજને એક ટેવ હોય છે, હંમેશા દૂર દૂર રહેવાની!'

બચ્ચાને બરાબર સમજાતું હતું કે નહીં એની તો એને ખુદને પણ ખબર નહોતી પડતી. પરંતુ એના મનમાં એ દિવસે વિચારોનું જે વાવાઝોડું ઊઠ્યું હતું. એ થંભવાનું નામ નહોતું લેતું. એણે ફરી એક વખત મનમાં ચાલી રહેલા વિચારોને પ્રશ્નનું સ્વરૂપ આપ્યું. એણે બાપને પૂછ્યું, 'મારે કેટલાં અને કેવાં સપનાં જોવા જોઈએ?'

'તું કેટલાં અને કેવા સપનાં જોઈ શકે છે?' બાપ પણ એ દિવસે ખરા વિચિત્ર જવાબો આપતો હતો.

'હું ઊડવામાં અને મારાં સપનાંઓ સાકાર કરવામાં કેટલી ખ્યાતિ પ્રાપ્ત કરી શકીશ?' બચ્ચાએ પૂછ્યું.

'તને તારી જાતમાં કેટલો વિશ્વાસ છે?' બાપે એવો જ જવાબ આપ્યો.

હવે ગરૂડબાળ બરાબર અકળાઈ ગયું. એક તો એ પ્રથમ વખત ઊડવાની તૈયારી કરતું હતું એનું ટેન્શન હતું, મનમાં અનેક સવાલો ઊઠી રહ્યા હતા અને બીજી બાજુ એનો બાપ એક પણ સવાલનો સરખો જવાબ નહોતો આપતો. એણે બાપને થોડીક ખીજ સાથે કહ્યું, 'મારા એક પણ સવાલનો તમે સરખો જવાબ કેમ નથી આપતા?'

'નહીં! બિલકુલ નહીં! મેં તારા બધા જ સવાલના બરાબર જવાબ આપ્યા છે!' બાપે કહ્યું.

'ના હો! તમે એક સવાલનો સીધો જવાબ આપ્યો જ નથી. તમે યાદ કરો, મારા દરેક સવાલના જવાબમાં તમે સવાલ જ પૂછ્યો છે. એને બરાબર જવાબ કહેવાય?' બચ્ચાએ રોષ ઠાલવ્યો.

'અરે મારા દીકરા! મારાથી બની શકે એટલા સ્પષ્ટ જવાબો તો મેં આપ્યા છે.' બાપે કહ્યું, 'તારા મનની શંકાનું સમાધાન થાય એવી મેં પૂરી કોશિશ કરી છે. પછી ભલે ને એ પ્રશ્નના જવાબમાં પ્રશ્ન તરીકે કેમ ન હોય?'

'પણ તમે તો માસ્ટર ગરૂડ છો! તમે મારા બધા જ સવાલોના જવાબ આપી જ શકો એમ છો. તમારા જેટલું આ બધી બાબતોનું જ્ઞાન બીજા કોની પાસે હોય! જો તમે પણ મારા આ બધા પ્રશ્નોના સરખા જવાબ નહીં આપો તો બીજું કોણ આપશે?' ગરૂડબાળે કહ્યું.

'તું! તું પોતે એ જવાબ આપી શકશે!' બાપે કહ્યું.

'હું?! હું કેવી રીતે?' બચ્ચાને નવાઈ લાગી.

'કારણ કે બેટા! તમારે કેટલું ઊડવું, કેટલું ઊંચે સુધી પહોંચવું, કેવાં સપનાં જોવાં, શું ધ્યેય પ્રાપ્ત કરવું, એ કઈ રીતે પ્રાપ્ત કરવું એ તમે પોતે જ નક્કી કરી શકો છો. તમારા માટે એ બીજું કોઈ નક્કી ન જ કરી શકે. દરેક ગરૂડ માટે આ દરેક પ્રશ્નની વ્યાખ્યા અને ઉત્તર બંને સાવ જુદા હોઈ શકે! તમારી તાકાત શી છે, તમારા હૃદયમાં શું પડ્યુ છે અને તમે ક્યાં સુધી આગળ વધી શકો એ તો તમે અને ઈશ્વર બે જ જાણી શકો. એટલે તેં જે સવાલો પૂછ્યા એના જવાબો પણ તું જ આપી શકે. તમારી શકિત તેમજ તમારી મર્યાદા તમારા પોતાના વિચારોથી જ નક્કી થતી હોય છે. તમે જો તમારી જાતને કોઈ મર્યાદામાં ન બાંધી દો તો તમને આગળ વધતા, ઊંચે ઊડતા કે આકાશને આંબતા રોકવાવાળું બીજું કોઈ નથી હોતું!' ગરૂડ બાપે કહ્યું.

'હું... ઉં...!' હવે બચ્ચાને કાંઈક સમજાયું. ઘડીક એ વિચારમાં પડી ગયું. પછી બેચાર ઊંડા શ્વાસ લીધા. બાપની સામે જોઈને બોલ્યું, 'મને હવે બધું સમજાય છે અને સ્પષ્ટ દેખાય છે! બસ, તમારા આશીર્વાદ જોઈએ છે!'

બાપે એના માથા પર પાંચ પસવારી. એણે પણ એ વહાલભર્યા સ્પર્શ સાથે એક ઊંડો શ્વાસ લીધો. પછી કહ્યું, 'મારા આશીર્વાદ તારી સાથે જ હોય દીકરા! હવે તારી પાંખો ફેલાવ, સામે ક્ષિતિજ સામે જો અને જા, આકાશને આંબી લે!'

બાપના અવાજમાં થોડીક ભીનાશ હતી પણ બચ્ચાની પાંખોમાં આખું આકાશ સમાઈ ગયું હતું.

ડૉ.આઈ.કે.વીજળીવાળા

એક સાથે અનેક દેશોના પ્રમુખો ઉપસ્થિત રહેશે

# પ્રજાસત્તાક પરેડ : એશિયાન દેશના પ્રમુખ ઉપસ્થિત રહેશે

## હાલ વિયેતનામ અને સિંગાપોરના વડાપ્રધાન પ્રજાસત્તાક પરેડમાં ભાગ લેવા તૈયાર : મલેશિયા સાથે મંત્રણા જારી

નવીદિલ્હી

આગામી વર્ષે પ્રજાસત્તાક દિવસની ઉજવણી વિશેષ રીતે કરવામાં આવનાર છે. ૨૬મી જાન્યુઆરીના દિવસે પૂર્વ એશિયન દેશોના વડાપ્રધાનને આમંત્રિત કરવામાં આવ્યા છે. જો આવું થશે તો ભારતમાં પ્રજાસત્તાક દિવસ પર વડાપ્રધાનની પણ પરેડ જેવો નજારો રહેશે. સુત્રોના કહેવા મુજબ વિયેતનામ અને સિંગાપોરના વડાપ્રધાન આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે તૈયાર થઇ ચુક્યા છે. મલેશિયાના વડાપ્રધાન સામેલ થાય તેવી શક્યતા છે. ભારત હાલમાં એશિયન દેશોના નેતાઓ સાથે વાતચીતમાં વ્યસ્ત છે. આવનાર સપ્તાહમાં તેમાં સામેલ થવાની સ્થિતિ પણ સ્પષ્ટ થઇ જશે. પ્રથમ વખત પ્રજાસત્તાક દિવસની પરેડમાં અનેક દેશોના વડાપ્રધાન મુખ્ય મહેમાન તરીકે રહેશે. આ અગાઉ બે વખત આવું બન્યું છે. બે વખત બન્યુ છે જ્યારે એકથી વધુ મહેમાનો ઉપસ્થિત રહ્યા છે. ૧૯૬૮માં યુગોસ્લાવિયાના પ્રમુખ જોસીફ બ્રોઝ અને સોવિયતસંઘના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. ૧૯૭૪માં ટીટો અને શ્રીલંકાના વડાપ્રધાન ભંડારનાયકે ઉપસ્થિત રહ્યા હતા. એશિયાન ભારતની એક્ટઈસ્ટ પોલિસીના કેન્દ્ર તરીકે છે. એશિયાના સભ્ય દેશોમાં સિંગાપોર અને વિયેતનામ મુખ્ય કેન્દ્ર તરીકે છે. આ નીતિને આગળ વધારવાના પ્રયાસરુપે સરકારે એશિયાના તમામ ૧૦ દેશોના પ્રમુખોને ૨૬મી જાન્યુઆરીના દિવસે થનાર પરેડમાં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું છે. એશિયાન દેશોના પ્રમુખ ભારત-એશિયાન શિખર બેઠકમાં ભાગ લેશે જે બંને પક્ષો વચ્ચે સંબંધોમાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત કરવામાં આવી છે.

૨૦૧૨માં કેશુભાઈએ પાટીદારના મત કાપ્યા હતા

# હાર્દિક પટેલ કેશુભાઈની જેમ કોંગ્રેસના મત કાપશે

## કોંગ્રેસ પાર્ટીને પટેલના મત કપાઈ જતા નુકસાન થયું હતું અને સીધો ફાયદો ભાજપને થયો હતો : રાજકીય ગણતરી

અમદાવાદ

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થઇ ગયા બાદ કોંગ્રેસ અને ભાજપે પોતપોતાની વ્યૂહરચના ઘડી કાઢવા માટે તમામ તાકાત લગાવી દીધી છે. રાજકીય પંડિતોમાં એવી ચર્ચા પણ છે કે, હાર્દિક પટેલ કેશુભાઈ પટેલ પણ બની શકે છે જે રીતે વિતેલા વર્ષોમાં કેશુભાઈ પટેલે ભાજપ સાથે છેડો ફાડીને ૨૦૧૨માં ગુજરાત પરિવર્તન પાર્ટી લોંચ કરી હતી અને ૨૦૧૨ની ચૂંટણીમાં તેમની મત હિસ્સેદારી ૩.૬૩ ટકા રહી હતી. આ મત હિસ્સેદારી કોંગ્રેસની તરફેણમાં જઇ શકી હોત પરંતુ આ મત જીપીપીને મળી ગયા હતા અને રાજ્યોમાં પટેલના ગઢ ગણાતા વિસ્તારમાં ભારતની સરળ જીત થઇ હતી. આમા સૌથી મોટા વિસ્તાર સૌરાષ્ટ્રનો સમાવેશ થાય છે. જીપીપીને માત્ર બે સીટો મળી હતી પરંતુ ડઝન જેટલી સીટો ઉપર કોંગ્રેસ માટે મુશ્કેલી ઉભી કરી દીધી હતી. પટેલોના અનામત સંબંધિત અલ્ટીમેટમને લઇને કોંગ્રેસ પાર્ટી ફરી એકવાર મોટી મુશ્કેલી અનુભવી રહી છે. ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર ઓબીસી લિસ્ટમાં પાટીદાર સમાજને સામેલ કરવાનો વિરોધ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં પટેલ માટે અનામત આપવાની બાબત કોંગ્રેસ માટે અશક્ય દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં જો હાર્દિક પટેલ કોઇ ત્રીજી પાર્ટીને સમર્થન કરશે તો ત્રીજી પાર્ટી એનસીપી હોઈ શકે છે. આવી સ્થિતિમાં કોંગ્રેસના મત કપાશે જેનો સીધો ફાયદો ભાજપને થશે. જો આવું થશે તો ૨૦૧૨ની ચૂંટણીની જેમ જ પટેલ વોટ ભાજપને ફાયદો પહોંચાડી શકે છે. હાર્દિક પટેલ કોંગ્રેસની સાથે નહીં જાય તો પાર્ટીની બે વર્ષની મહેનત પટેલ મતદારોના વિભાજન થવાથી બિનજરૂરી સાબિત થશે અને આનો લાભ ભાજપને થશે. વર્ષ ૨૦૧૨માં જીપીપી દ્વારા ૧૬૪ ઉમેદવાર ઉભા કરવામાં આવ્યા હતા પરંતુ પાર્ટીને માત્ર બે સીટો મળી હતી.

# હિમાચલ બાદ હવે કાશ્મીરમાં ૫.૭ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ

શ્રીનગર

કાશ્મીરમાં શનિવારે મોડી રાત્રે રિક્ટર સ્કેલ પર ૫.૭ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપના કારણે ખળભળાટ મચી ગયો હતો. લોકોમાં દહેશત પણ ફેલાઈ ગઈ હતી. ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી પરંતુ હવામાન વિભાગના કહેવા મુજબ શનિવારે મોડી રાત્રે ૧૧.૧૫ વાગ્યાની આસપાસ રિક્ટર સ્કેલ ઉપર ૫.૭ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપના આંચકાના કારણે દહેશત ફેલાઈ ગઈ હતી. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના હિન્દુકુશ વિસ્તારમાં ૧૦૦ કિલોમીટરની ભૂગર્ભ સપાટીમાં રહ્યું હતું. ઉત્તર પાકિસ્તાનમાં પણ આંચકાઓ અનુભવાયા હતા. પાકિસ્તાનમાં ભૂકંપ સંબંધિત વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, આની તીવ્રતા ૫.૯ આંકવામાં આવી હતી. ભૂકંપના આંચકા ઉત્તરમાં અફ ગાનિસ્તાન સરહદે આદિવાસી વિસ્તારો અને પૂર્વીય પ્રાંત પંજાબના લાહોરથી લઈને આસપાસના અન્ય વિસ્તારોમાં અનુભવ કરવામાં આવ્યા હતા.

# થરાદના દુધવામાં પોતાના જ ટ્રેક્ટર વડે ખેડાણ કરી રહેલા ખેડુતનું કરૂણ મોત

## ચાલક પટકાઈને પાછળના પૈડા તળે દબાયો ને ઉપર જ ટ્રેક્ટર બંધ થઈ ગયું

થરાદ

થરાદ તાલુકાના દુધવા ગામમાં પોતાના ટ્રેક્ટર વડે પોતાના જ ખેતરમાં ખેડાણ કરી રહેલા એક ખેડુત ટર્ન મારતાં નીચે પટકાતાં તે પાછળના પૈડા તળે આવી ગયા હતા આ વખતે જ ટ્રેકટર બંધ થઇ જવાના કારણે સ્થળ પર જ દમ તોડ્યો હતો.કરુણ બનાવથી પંથકમાં ભારે ચકચાર સાથે અરેરાટી મચવા પામી હતી.

રવિવારની સવારના સુમારે થરાદ તાલુકાના દુધવા ગામના મલાભાઇ મુળાભાઇ પટેલ પોતાની માલિકીનું ય્ન૦૮ ર્મ ૩૮૮૭ નંબરનું ટ્રેક્ટર લઇને પોતાના ખેતરમાં ખેડાણ કરતા હતા. આ વખતે દશેક વાગ્યાના સુમારે પુરઝડપે ટર્ન મારતાં હાથમાંથી સ્ટીયરીંગ છુટી જતાં મલાભાઇ નીચે પડી ગયા હતા.અને ટ્રેક્ટરના પાછળના પૈડા તળે આવી ગયા હતા.આથી તેમણે બચાવવા બુમો પાડતાં પડોશી ખેડુત રૂડાભાઇ વસ્તાભાઇ દોડી ગયા હતા.અને જોતાં પૈડા નીચે આવેલા અને તેમના પર ટ્રેક્ટર બંધ હાલતમાં જોતાં તેમણે તેને આઘુપાછુ કરવાનો પ્રયત્ન કર્યો હતો.પણ નહી થતાં મોબાઇલથી ગામના અન્ય ખેડતોને જાણ કરતાં તાબડતોબ બધા દોડી આવી ટ્રેક્ટરને ધકેલી મલાભાઇને બહાર કાઢ્યા હતા.જોકે ટ્રેકટરના વજનથી પાંસળીઓ તુટી જવાના કારણે લોહીલુહાણ હાલતમાં સ્થળ પર જ મોત નિપજ્યું હતું.આ બનાવથી જાણ કરાતાં દોડી આવેલી ૧૦૮ તેમને હોસ્પીટલમાં લઇ ગઇ હતી.રૂડાભાઇએ જાણ કરતાં પોલીસે અક્સ્માત મોત રજીસ્ટરે નોંધ કરી મૃતદેહને પીએમ બાદ વાલીવારસોને સોંપી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી પંથકમાં ચકચાર સાથે અરેરાટી મચવા પામી હતી.

રખેવાળના પ્રતિનિધિના ધર્મપત્નિનું કરૂણ મોત

# શિહોરી-દિયોદર રોડ પર કારનું ટાયર ફાટતા ગમખ્વાર અકસ્માત : એકનું મોત

## પત્રકાર સહિત ત્રણને ઈજાઓ થતાં સારવાર માટે ખસેડાયા

પ્રતિ. ડીસા/શિહોરી

રખેવાળ દૈનિકના દિયોદર તાલુકા પ્રતિનિધિ અશોકભાઈ શેઠ ગઈકાલે પોતાની કાર લઈ અમદાવાદથી દિયોદર આવી રહ્યા હતા. ત્યારે શિહોરી - દિયોદર રોડ ઉપર મુલકપુરના પાટીયા પાસે તેમને અકસ્માત નડયો હતો. જેમાં કારનું ટાયર ફાટતાં કાર ઝાડ સાથે ટકરાઈ હતી જે ઘટનામાં અશોક ભાઈના ધર્મપત્નીનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું જ્યારે કારમાં સવાર અશોકભાઈ સહિત ત્રણ વ્યક્તિઓને ઈજાઓ થતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવથી અરેરાટી સાથે શોકની લાગણી વ્યાપી ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ દિયોદરના વતની અને રખેવાળ દૈનિકના દિયોદર તાલુકા પ્રતિનિધિ અશોકભાઈ બાલચંદભાઈ શેઠ અને તેમના ધર્મપત્ની જોષનાબેન સહિત ચાર વ્યક્તિઓ ગઈકાલે સવારે પોતાની કાર નં. જીજે - ૦૧- આરવાય ૧૩૭૫ માં




અમદાવાદથી દિયોદર તરફ આવી રહ્યા હતા. ત્યારે શિહોરી - દિયોદર રોડ ઉપર મુલકપુર ગામના પાટીયા પાસે એકાએક કારનું ટાયર ફાટતાં કારએ કાબુ ગુમાવી રોડની બાજુમાં બાવળના ઝાડ સાથે અથડાઈ હતી. જે ઘટનામાં અશોકભાઈ ના પત્ની જોષના બેનનું ગંભીર ઈજાઓના કારણે ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું જ્યારે કાર ચાલક અશોકભાઈ શેઠ સહિત ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી આ બનાવના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. બાદમાં મૃતકની લાશને પી.એમ.માટે શિહોરી સરકારી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યારે ઈજાગ્રસ્ત અશોકભાઈ શેઠ, જશવંતભાઈ જીવરા જભાઈ ઠક્કર તથા મુકેશભાઈ ચતુરભાઈ પટેલને સારવાર માટે શિહોરી સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા બાદ અશોકભાઈ તથા જશવંત ભાઈને ગંભીર ઈજા પહોંચી હોઈ તેમને વધુ સારવાર માટે પાટણની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને લઈ દિયોદર સહિત પંથકમાં અરેરાટી સાથે શોકની લાગણી વ્યાપી ગઈ હતી.



**સૂર્યોદય - ૬.૪૫ સૂર્યાસ્ત - ૬.૦૨**

## તિથિદર્શન
કારતક સુદ-૧૦ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક સુદ :દશમ સોમવાર નક્ષત્રઃ ધનિષ્ઠા સવારે ૬.૪૬ પછી શતતારા યોગ :વૃદ્ધિ કરણઃ તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી કકુંભ (ગ.શ.સ.)અક્ષરો ઉપર પાડવું શાસ્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### સંતુષ્યત્યુત્તમઃ સ્તુત્યા ધનેન મહત્તાધમઃ પ્રસીદન્તિ જ્યેર્દેવા બલિભિર્તુત વિગ્રઃ

જે ઉત્તમ છે,સજ્જન માણસ છે તે તો માત્ર પ્રશંસા- વખાણ કરવાથી જ સંતુષ્ટ - ખુશ થઈ જાય છે, અધમ-નીચ માણસને ધન- ભેટ- સોગાદ આપવાથી રાજી- ખુશ- પ્રસન્ન થઈ જાય છે, દેવો તેમના નામ- જપથી પ્રસન્ન થાય છે, પરંતુ ભૂત- પ્રેમ- પિશાચ વગેરે અધમ પ્રકારનાં તત્વો તો 'બલિદાન' આપવાથી જ પ્રસન્ન થાય છે. દરેક માણસની સંતુષ્ટિકરણથી પોતાની સંસ્કાર અને ગુણ પ્રમાણેની સીમા- મર્યાદા હોય છે. પોતાની સમજ- મર્યાદા-સ્વભાવશીલ પ્રમાણે તેને સંતોષ થઈ જતો હોય છે જે ખરેખર સજ્જન - સંત સ્વભાવના હોય તેને હ્રદયપૂર્વક આભાર માનવાથી જ એ આપણા ભાવ સમજી શકે અને ખુશ થાય છે. એમને બીજી કોઈ જ અપેક્ષા હોતી નથી. અધમ- નીચા કક્ષાના લોકો કોઈ કામ કરી આપે- ઉપકાર કરે ત્યારે તેના બદલામાં ભેટ- સોગાદ- ધનની અપેક્ષા રાખે છે. તેનાથી પણ અધમ માણસો કોઈ કામ કરી આપે તેના બદલામાં 'બલિદાન' માગે છે. દા.ત., કોઈ પ્રધાનશ્રી કોઈ ગુનાઈતને બચાવે તો બદલામાં 'સોપારી' પણ માગી શકે છે. સજ્જન- સંત- મધ્યમ- અધમ લોકો પોતાના શીલ- સંસ્કાર પ્રમાણે અપેક્ષાઓ રાખતા હોય છે.

# હિમાચલ ચૂંટણી : ૫ દિનમાં ૧૦ રેલી કરવા માટે સુસજ્જ

સિમલા

ભાજપ અધ્યક્ષ અમિત શાહ હિમાચલ પ્રદેશમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરવા માટે તૈયાર છે. આવતીકાલથી તેમના આક્રમક કાર્યક્રમની શરૂઆત થશે. અમિત શાહ આવતીકાલે ૩૦મી ઓક્ટોબરના દિવસે ડલહોજી ક્ષેત્રના બનિખેત અને જવાલીના છાલવારામાં રેલી કરનાર છે. ત્યારબાદ ૩૧મી ઓક્ટોબરના દિવસે ઈન્દોરાના ટોકી અને પછાડમાં રેલી કરશે. પહેલી નવેમ્બરના દિવસે સેરાજ અને હમીરપુરમાં ઝંઝાવતી પ્રચાર કરનાર છે. હિમાચલમાં વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગુ ફુંકાઈ ગયા બાદ સાત જિલ્લાના અનેક વિધાનસભા ક્ષેત્રોમાં અમિત શાહ ૧૦થી પણ વધારે રેલી કરનાર છે. અમિત શાહ ત્રીજી નવેમ્બરના દિવસે જયસિંહપુર અને ગાગ્રેટ તેમજ છઠ્ઠી નવેમ્બરના દિવસે રામપુર અને બદ્દીમાં જનસભાને સંબોધિત કરશે. નવમી નવેમ્બરના દિવસે યોજાનાર વિધાનસભા ચૂંટણી માટે ૭મી નવેમ્બરના દિવસે ચૂંટણી પ્રચારનો અંત આવશે. આ ગાળા દરમિયાન સોલનના અધિકારી રાકેશ કંવરે કહ્યું છે કે, અર્કી વિધાનસભા ક્ષેત્રમાં કોઇ પંચાયતે ચૂંટણીનો બહિષ્કાર કરવાની ધમકી આપી નથી.

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

બીજા વિશ્વયુધ્ધમાં જર્મનીએ જયારે સૌ પ્રથમ ટિયરગેસનો ઉપયોગ કર્યો ત્યારે તેનાથી બચવા માટે એક વિશિષ્ટ પ્રકારનો ઓવરકોટ બનાવી એજા લાખો કોટ બ્રિટનવાસીઓને આપનાર ભારતના એક મહાન વૈજ્ઞાનિક ડો. હોમીભાભાની જન્મ જયંતિ છે. એમનો જન્મ ૩૦-૧૦-૧૯૦૯ ના રોજ થયો હતો. એમનું વિશ્વકિરણોને લગતું સંશોધન મેસન કણોની શોધ કવાન્ટમ મિકેનિકસમાં મહત્વનું સમીકરણ અને ટ્રોમ્બેના યુવાન અને ઊગતા વૈજ્ઞાનિકોમાં વિજ્ઞાનરૂપી પ્રાણ રેડવાનું કાર્ય સાચે જ અભિનંદનીય હતું.

એમનું ૨૪-૧-૧૯૬૬ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુકશાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે.

**મિથુન**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ**

આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુકશાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઈ શકશો.

**કન્યા**

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય.જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદને લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે. આનંદ-પ્રમોદમાં વિશેષ લાભ રહે.

**કુંભ**

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન**

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે. અનૈતિક કાર્યો તરફથી મન ખેંચાય પરંતુ એ પ્રકારના કાર્યોમાં સફળતા નહિંવત મળે તેથી ટાળવા હિતાવહ.

- કનકચંદ્ર સી. વ્યાસ

# ધાનેરામાં ગૌ- ચિકિત્સાલય ખાતે ગોપાષ્ટમી નિમિત્તે ગૌ-માતાની મહા આરતીનું આયોજન

ધાનેરા

દિવાળી પછીની આઠમને ગોપાષ્ટમી તરીકે મનવાવમાં આવે છે ત્યારે ધાનેરામાં બીમાર - નિસહાય ગાયો માટે બનાવવામાં આવેલા ગૌ- ચિકિત્સાલય ને પણ આ ગોપાષ્ટમીના દિવસે ૧ વર્ષ પૂર્ણ થઇ રહ્યું છે જેથી આજે ગૌ-ચિકિત્સાલય ખાતે ગૌ માતાની મહા - આરતી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડોક્ટર એમ.એસ. અગ્રવાલ, ત્રમ્બકભાઈ શાસ્ત્રી, ડોક્ટર લાખાભાઇ પ્રજાપતિ સહીત ગૌ-ભક્ત ભાઈઓ, બહેનો ઉપસ્થિત રહ્યા હતા

# વડગામમાં કરણીસેના અને બાવનઆંટા રાજપૂત યુવક મંડળની બેઠક મળી

### ગુજરાતમાં પદ્માવતી ફિલ્મ પ્રદર્શિત ન થવા દેવા રાજપૂત યુવકોનો હુંકાર



પાલનપુર

વડગામ ખાતે રવિવારે શ્રી રાજપૂત કરણીસેના અને શ્રી બાવનઆંટા રાજપૂત શક્તિ યુવક મંડળની એક બેઠક મળી હતી. જેમાં હિન્દુ સમાજ અને ક્ષત્રિય સમાજની સાન સમાન રાણી પદ્માવતી પર બનેલી ફિલ્મમાં ઈતિહાસ સાથે ચેડા કરી હિન્દુ ધર્મને બદનામ કરવાની ચેષ્ટા કરવામાં આવી છે. જે ફિલ્મને ગુજરાતમાં પ્રદર્શિત ન થવા દેવા રાજપૂત સમાજના યુવકોએ હુંકાર કર્યો હતો. વડગામ ખાતે રવિવારે શ્રી રાજપૂત કરણી સેનાના સંસ્થાપક લોકેન્દ્રસિંહજી કાલવી અને મહિપાલસિંહજી મકરાણાના આદેશથી ગુજરાત અને ઝારખંડના પ્રભારી તેમજ દાંતાના રાજવી પરમ વિરસિંહજી, ઉત્તર ગુજરાતના અધ્યક્ષ વિરેન્દ્રસિંહ બડગુજર, મહાસચિવ કૃણાલસિંહજી ચૌહાણ, બાવન આંટા રાજપૂત શક્તિયુવક મંડળના પ્રમુખ ભરતસિંહ સોલંકીની ઉપસ્થિ તિમાં બેઠક યોજાઇ હતી. જે બેઠકમાં સમાજના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં હાલમાં ચાલી રહેલા ફિલ્મ પદ્માવતીના વિરોધમાં પણ ચર્ચા કરતા જણાવવામાં આવ્યું હતુ કે, રાણી પદ્માવતીએ હિંદુ ધર્મ અને ચરિત્રની રક્ષા માટે સોળ હજાર હિન્દુ રાણીઓ સાથે જૌહર કર્યુ હતુ. ત્યારે ફિલ્મ ડાયરેકટર સંજય લીલા ભણશાલીએ પદ્માવતીના ઈતિહાસ સાથે ચેડા કરી ફિલ્મમાં તેમના પાત્રને અલગ રીતે જ રજુ કરવામાં આવ્યું છે. રાણી પદ્માવતીએ હિંદુ સમાજ માટે એક ચારિત્રવાન અને દેવી સમાન નારી હતા. ત્યારે તેમના ઈતિહાસ સાથેના આ ચેડા સહન ન કરી સમગ્ર ગુજરાતમાં આ ફિલ્મને પ્રદર્શિત ન થવા દેવા હુંકાર કર્યો હતો. આ પ્રસંગે કરણીસેનાના ઉત્તર ગુજરાતના પ્રભારી તરીકે નરેન્દ્રસિંહ ડી. પરમાર અને બનાસકાંઠા જિલ્લાના ઉપાધ્યક્ષ તરીકે ગુણવંતસિંહ રાજપૂતની વરણી કરવામાં આવી હતી.

### મન કી બાત કાર્યક્રમમાં નહેરુ, પટેલને યાદ કર્યા

# ખાદી વેચાણમાં રેકોર્ડ વધારો થયો છેઃ નરેન્દ્ર મોદીનો દાવો

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના કાર્યક્રમ મન કી બાતની ૩૭મી આવૃત્તિમાં જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. મોદીએ દિવાળી બાદ મનાવવામાં આવી રહેલા મહાપર્વ છઠના પ્રસંગે લોકોને શુભેચ્છા આપી હતી. મોદીએ મન કી બાતને લઈને કહ્યું હતુ કે, આ કાર્યક્રમની પ્રશંસા પણ થઈ રહી છે. સાથે સાથે ટિકા પણ થઈ રહી છે પરંતુ તેના પ્રભાવને જોતા તેમનો આત્મવિશ્વાસ વધી જાય છે. મોદીએ આ ગાળા દરમિયાન દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, ઈન્દિરા ગાંધી સહિત અનેક મહાન હસ્તીઓને યાદ કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, દરેક વખતે ગાંદી જયંતિના પ્રસંગે તેઓ ખાદીની ખરીદી માટે તરફેણ કરે છે. આને લઈને હવે પરિણામ આવવા લાગી ગયા છે. જે આંકડા હવે આવ્યા છે તે જોઈને તમામને આશ્ચર્ય થઈ શકે છે. આ વખતે ૧૭મી ઓક્ટોબરના દિવસે ધનતેરસના દિવસે દિલ્હીના ખાદીગ્રામોદ્યોગ સ્ટોરમાં આશરે એક કરોડ ૨૦ લાખ રૂપિયાનું રેકોર્ડ વેચાણ થયું છે. એક જ સ્ટોરમાં આ સ્તર પર વેચાણની બાબત સંતોષજનક છે. તેમણે ઉમેર્યું હતું કે, દિવાળીના ગાળા દરમિયાન ખાદી ગિફ્ટ કૂપનના વેચાણમાં ૬૮૦ ટકાનો વધારો થયો છે. ખાદી અને હેન્ડીક્રાફટના કુલ વેચાણમાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે આશરે ૯૦ ટકાનો વધારો નોંધાઈ ચુક્યો છે જે દર્શાવે છે કે, આજના યુવાનો, મહિલાઓ અને દરેક વર્ગના લોકો ખાદી અને હેન્ડલુમને પસંદ કરી રહ્યા છે. આનાથી અનેક વણકર પરિવારો, ગરીબ પરિવારોને ફાયદો થયો છે. ખાદી ફોર ફેશનની પહેલા પ્રથા હતી પરંતુ હવે ખાદી ફોર ફેશનની વાત થઈ રહી છે. હવે ખાદી ફોર નેશન અને ખાદી ફોર ફેશનની સ્થિતિ થયા બાદ ખાદી ફોર ટ્રાન્સફોર્મેશનની જગ્યા લઈ રહી છે. મોદીએ દિવાળી પર જવાનોની સાથે સમય ગાળવાને લઈને પણ વાત કરી હતી.

## દુખદ નિધન

પાલનપુર

પાલનાપુરના દિલ્હીગેટ વિસ્તારમાં આવેલ ઠક્કરવાસમાં રહેતા ઠક્કર ડાહ્યાલાલ શંકરલાલ શિખંડ વાળા ના પુત્ર જીતુભાઈ નું યુવા વસ્થામાં લાંબી બિમારી બાદ ગત શનિવારે માતાજીની આઠમના પાવન દિવસે આક સ્મિક નિધન થતાં શોકની લાગણી છવાઈ છે.

## દુઃખદ અવસાન

ડીસા

દિયોદરના વતની અને રખેવાળ દૈનિકના દિયોદર તાલુકા પ્રતિનિધિ અશોકભાઈ બાલચંદભાઈ શેઠના ધર્મ પત્ની જોષનાબોનાનું ગાઈકાલ તા.૨૯/૧૦/૨૦૧૭ ના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થતાં તેમના પરિવારજનો સહિત સગા



સ્નેહીઓમાં આઘાતની લાગણી ફેલાઈ જવા પામી છે. સદગત માયાળુ સ્વભાવના અને ધાર્મિકવૃત્તિ ધરાવતા હતા. સદગત એક પુત્ર અને એક પુત્રીને વિલાપ કરતા મુકી ગયા છે. સદગતની સ્મશાનયાત્રા આજે સવારે તેમના નિવાસ સ્થાન પ્રગતિનગર સોસાયટીમાંથી નીકળશે.

# કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો તમારા હાથમાં...

**વિધાનસભાની ચૂંટણીના ભણકાર સંભળાઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષોએ સંમેલનો અને યાત્રાઓ દ્વારા પ્રચારના શ્રી ગણેશ કરી દીધા છે. ફરી એકવાર વાયદા અને વચનોની રસલ્હાણ કરાઈ રહી છે પરંતુ તેમાં ભરમાવાને બદલે એક જાગૃત મતદાર તરીકે લાયક ઉમેદવારની પસંદગી સૌની ફરજ બની જાય છે. ત્યારે પંથકનો વિકાસ કરી શકે તેવા સક્ષમ ઉમેદવારની પસંદગી થાય તે હેતુથી 'રખેવાળ' દ્વારા આપનો મત જાણવાનો એક પ્રયત્ન કર્યો છે. પક્ષાપક્ષીથી પર રહી આપ આપનો અભિપ્રાય નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી ફોર્મ ભરીને 'કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો આપણા હાથમાં' લખી અમારા નજીકના પ્રતિનિધિને અથવા રખેવાળ કાર્યલય કે ફોર્મના ફોટા પાડી અમારા વોટસઅપ નંબર ૯૮૨૪૫૦૨૧૦૨ ઉપર મોકલી આપશો.**

નામ : ______________________ ઉંમર ________
સરનામું : ______________________ ગામ ________
વ્યવસાય : ______________________

**તમારે માત્ર દરેક પ્રશ્નના ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ એક વિકલ્પ સામે આપેલા બોક્ષમાં ખરાનું નિશાન કરવું અથવા તમારો વ્યક્તિગત અભિપ્રાય આપવા માટે ચોથા વિકલ્પમાં લખવું તમારૂં નામ ગુપ્ત રાખવામાં આવશે.**

**(૧) તમે વિધાનસભામાં કેવો ઉમેદવાર પસંદ કરશો ?**
અ. શિક્ષિત અને સર્વ લોકોને સાથે રાખીને ચાલે તેવા ? ☐
બ. સ્થાનિક ☐
ક. તમારા મત વિસ્તારની દરેક સમસ્યાનો ઉકેલ લાવે તેવા? ☐
ડ. ..............................

**(૨) તમારા વર્તમાન ધારાસભ્યને મત આપવા કે ન આપવાના કારણો ?**
અ. મત વિસ્તારના વિકાસમાં સક્રિય છે ? ☐
બ. વિધાન સભામાં પ્રશ્નોની રજુઆત કરી છે ? ☐
ક. અમારા મત વિસ્તારના કામો કરવામાં ઉણા ઉતર્યા છે ? ☐
ડ. ..............................

**(૩) તમારા વિસ્તારના ભાવિ ઉમેદવાર પાસેથી શું અપેક્ષા છે ?**
અ.તમારા વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ ? ☐
બ. તમારા વિસ્તારનો સર્વાંગી વિકાસ કરે. ☐
ક. ભ્રષ્ટાચારનો અંત લાવવા પ્રયત્ન કરે ? ☐
ડ. ..............................

**(૪) તમારો ઉમેદવાર આપેલ વચનો ન પાળે તો ?**
અ. તેને પાછા બોલાવવા મતદારોને અધિકાર હોવો જોઈએ? ☐
બ. તેના પર ફરી ચૂંટણી લડવાનો પ્રતિબંધ મુકવો જોઈએ ? ☐
ક. તેની સામે છેતરપિંડીનો ગુન્હો નોંધાવો જોઈએ ? ☐
ડ. ..............................

**(૫) તમારા પસંદગીના ઉમેદવારો પક્ષના નામ સાથે ?**

| પક્ષ - કોંગ્રેસ | પક્ષ ભાજપ |
| --- | --- |
| (૧).................. | (૧).................. |
| (૨).................. | (૨).................. |
| (૩).................. | (૩).................. |
| (૪).................. | (૪).................. |
| (૫).................. | (૫).................. |

**અમારો આ સર્વે કોઈ પણ રાજકીય પક્ષ, વિચારધારા અથવા વ્યક્તિગત રીતે સીધા અથવા પરોક્ષ રીતે જોડાયેલો નથી. આ સર્વેની કવાયત માત્ર મતદારોના અભિપ્રાય જાણવા પુરતા જ છે. તેનાથી કોઈ પક્ષ કે વ્યક્તિને નિશાન બનાવવાનો આશય નથી.**

# ઓટલા બહારનો પગ

મન દર્પણ- મંજુ પ્રજાપતિ

સવારે સાડાનવ વાગે વૃધ્ધાશ્રમ ના સંચાલિકા બહેનને આવવાનો સમય હતો. સાડાદસ થઇ ગયા છતાંય આવ્યા ન હતા. હું અકળાયેલી અવસ્થા માં બહારના બાંકડે બેઠો હતો. એમની રાહ જોઈ રહયો હતો. વારંવાર મારી નજર ઘડિયાળના કાંટા તરફ જતી હતી. ઘડિયાળનો ગોળ ચંદો અને કાંટા તેઓ તેમનું કામ દર્શાવી રહ્યા હતા. દસ અને ચાલીસ થઇ બહેનશ્રી આવે એટલે મારે કહી દેવું હતું – મને અહી ફાવતું નથી. મારે અહીં આ બધાની સાથે રહેવું નથી. મને મુક્ત કરો... અહીંથી હું મારા વતનમાં... નાનકડા ઘેર જઈશ કંઈક કામ કરીને સ્વતંત્ર રહીશ... કશુંય ન થાય તો નાના છોકરાંને ભણાવીશ. પણ મને અહીંથી તો... મારામાં બે-ત્રણ દિવસથી આ પ્રકારના વિચારો ઉદભવ્યા હતા. તેથી જાણે જીવ અકળાઈ ગયો હતો. કશીક હતાશા દુઃખ અનુભવતો હતો.. શું મારે મારી વૃધ્ધાશ્રમમાં આવી રીતે સમય પસાર કરવાનો ? છતે છોકરે અને છતી વહુઓએ.

ઘડિયાળના કાંટા અગિયાર નો સમય દર્શાવવા લાગ્યા રોજ કરતા આજે સંચાલિકા બહેન મોડા હતા... એમનું નામ સુધાબહેન સિવાય હું બીજું કોઈ જાણતો. હું હજી ચાર પાંચ દિવસ પૂર્વે જ અહી આવ્યો હતો એમ નહિ મારા છોકરા મને મૂકી ગયા હતા. એમને મન હું જાણે નકામો બોજ બની ગયો હતો. એ મુકવા આવ્યા ત્યારે સુધાબહેન હાજર હતા. અને એમને કહેલું, કશીય ચિંતા કરશો નહિ. અહીં ઘર જેવું વાતાવરણ છે. દાદાને કશોય અહળગો નહિ લાગે... અમારામાં એ બરાબર ભળી જશે... હું બેય ટાઈમ અહી આવું છું. એમની ભાળ લેતી રહીશ. તમારે હવે કશી ચિંતા કરવાની જરૂર નથી.

સુધાબહેને કહેલું – ત્યારે હું સાવ ભાંગી પડેલો. શો જમાનો આવ્યો છે અને શા આપણા સંસ્કારોનું સર્જન થયું છે. તો છોકરાઓ – વહુઓ એક સમયે વૃધ્ધ મા-બાપને બોજ મજે છે. કચરો સમજે છે અને હું વિચારી ન શક્યો. આંખની પાંપણો પર આંસુની ઝાંય ઘેરાઈ વળી હતી.

ત્યારે-ત્યારે પત્ની સાધના યાદ આવી ગયેલી તું જીવતી હોત તો મારે ઘરડાઘરમાં જવાની નોબત... હું આગળનું કંઇ વિચારું એ પૂર્વે જ ચારે જણે હાથ જોડતા કહેલું – બાપુજી લો તારે અમે હવે નીકળીએ... અમારે છેક દુર જવાનું છે... મેં સાંભળતા જ ગળે ડૂમો ભરાઈ ગયો હોવાથી બોલી શક્યો ન હતો. નીચું જોઈ રહેલો – ત્યારે એમની કાર વૃધ્ધાશ્રમનો સાંકળો માર્ગ વટાવીને આગળ ચાર રસ્તે ચડી ગઈ હતી. જાણે એક સંબંધ પૂરો થઇ ગયો હતો... મારું મન બળાપામાં ડૂબી ગયું હતું... કદાચ મારા ગયા ભવના કર્મો આમ રાશી-કચરા જેવા હશે.

હું વિચારતો બેઠો.

સાડા અગિયાર થયા. ત્યાંતો વાહનનો અવાજ આવ્યો. ખુલ્લા ઝાંપા માંથી સુધાબહેન માથે હેલ્મેટ સાથે પ્રવેશ્યા. મારી નજર ગયી. હું જ્યાં બેઠો હતો. સુધાબહેને સીધા આસોપાલવના વૃક્ષના થડ પાસે એમનું વાહન થોભાવ્યું. હેલ્મેટ મૂકી ઘાસમાં ચાલતા મારી પાસે આવીને હસ્યા... કેમ છે ફાવે છે ને ? સીધો સવાલ એમણે પૂછ્યો.

ના – મારે ઘેર જવું છે મેં કશાક ક્ષોભ સાથે કહ્યું.

ઘેર ? અને તમારા ઘેર ?

હાં – મારા ઘેર.

પણ તમારું તો ઘર છે ક્યાં ? તમારા બાળકો જ તમને અહીં મૂકી ગયા છે. એનો અર્થ સાફ છે... પછી કોના ઘેર જવાની વાત કરો છો ? એમણે આગળ જ ઊભા ઊભા મારી સામે જોતા જોતા કહ્યું –

મારા ઘેર ? મેં ભારપૂર્વક કહ્યું, પણ એ મારા વતનનું ઘર હતું... જ્યાં જવા રહેવા હું ઈચ્છતો હતો.

એમણે ફરીવાર એકની એક વાત રજુ કરી. તમારા પુત્રો અહીં મૂકી ગયા છે અને હવે તમારે અહીં આ બધા સાથે રહેવાનું છે.

ના – મારું મન ના પાડે છે.

પણ કેમ ?

એમણે મને ઘણું સમજાવ્યો પણ મારું મન માનવા ... રહેવા તૈયાર નહતું. હું અતિશય વ્યગ્ર બની ગયો હતો. જિંદગીની એ બધી ઘટનાઓ મને વિહવળ બનાવતી હતી. જિંદગીમાં એક વખત જે માણસ શિખર પર બિરાજમાન હતો અને હવે ... આજે

ત્યાં તો ડંકા વાગ્યા.

ડંકાનું વાગ્યું એટલે બપોરના ભોજનનો સંકેત. અંદરનું વાતાવરણ બદલાયું. થાળી વાટકા ખખડવાનો અવાજ આવ્યો. હું મારી જગ્યા પર બેસી રહ્યો. છેલ્લા કેટલાક દિવસથી જાણે ભૂખ જ મરી ગઈ હતી.

અંદર ભોજન પીરસાઈ ગયું. પ્રાર્થના શરુ થઇ ત્યાં સુધી હું મારા સ્થાન પર જ બેસી રહ્યો. મને મારા ઘરની એ જિંદગીની પળો યાદ આવી ગઈ... સાધના યાદની આંખે ચડી ગઈ... જમવા બેસી જાવ... ગરમા ગરમ ફૂલેલી રોટલી બનાવી દઉં છું... તમારે વળી ખાવી તો ચાર કે પાંચ શહેરનું એ ઘર... એ રસોડું... પલાંઠી વાળીને રોટલી વણવા બેઠેલી સાધના... સાધના ના રૂપાળા હાથ... એના અંગ પર શોભતી સાડી.

ત્યાંતો સુધાબહેન બહાર આવ્યાં. ચાલો જમવા બેસી જાવ... શા માટે બેસી રહયા છો... હમણાં પુરું થઇ જશે પછી છેક ચાર વાગે ચા સાથે મળશે.. એય માત્ર બે ભાખરી...

એમણે આગ્રહ કર્યો હું અંદર ગયો. જમવા બેઠો. મારું ભાવતું રીંગણ મોટા બટાકા ના પીતાનું શાક હતું. મગફળી નાખેલી દાળ હતી. ઘી માં લથબથ પાતળી રોટલી હતી.

ખાવા બેઠો.

શાક બિલકુલ મારા ઘર જેવું જ થયું હતું. પણ આવું શાક સાધના મારી પત્ની સાંજ ટાણે બનાવતી હું કહેતો તું આવું શાક સવારે બનાવતી હોય તો ?

ના સાંજે મને બનાવવું ગમે છે કારણકે તમે ધરાઈને ખાઈ શકો.

મારી વહુઓએ કદી કયું શાક ખાવું છે એ પૂછ્યું નહતું, બાકી છોકરાઓને રોજ પૂછતી...

મારા સાધનાના ડાબા પડખે એક દિવસ દુઃખાવો ઉપાડ્યો હતો... મને લાગતું હતું મામુલી હશે – પણ બીજા દિવસે સાધના એકાએક મને છોડીને ચાલી ગઈ હતી. એ સાથે જિંદગીનું આખું સમીકરણ બદલાઈ ગયું હતું. જે છોકરાઓ – વહુઓ એક છત્ર નીચે રહેતા હતા – જીવતા હતા એ સઘળું જાણે માળાની મુખ્ય દોરી તૂટી જતાં એ બધું વેરવિખેર થઇ ગયેલું.

સાધનાના મરી ગયાના બીજા મહિને પહેલો... પછી બીજો એમ ક્રમવાર એક એક અલગ થઇ ગયેલા. પોતપોતાના ભાગ લઈને મારે મારા ખિસ્સા ખાલી કરવા પડ્યા હતા. કશુંય પાસે રહયું ન હતું... વતનના ઘર સિવાયનું શહેરનું ઘર પણ વેચાઈ ગયેલું. આવેલા રૂપિયા છોકરાઓમાં વહેંચાઇ ગયેલા – હું જોતો રહી ગયેલો.

જો સાધના જીવતી હોત તો ... તો મારે આવી નોબત ન આવત એ સાથે જિંદગીની ફિલોસોફી સમજાઈ ગઈ હતી. આપણે ઈચ્છીએ એ કદી નથી બનતું .. ધાર્યું ધણીનું થાય છે. મારી સાધના ઈચ્છતી હતી. ધડાપણમાં આપણે બે જણાં ઝાઝી ભક્તિ કરી ભગવાનને રીઝવશું.. આપણા બાળકોને રમાડીશું અને મજાની જિંદગી જીવીશું...

પણ .... જાણે જિંદગી ની બાજીનાં પાનાં કંઇક અવળાં ખેલાઈ ગયાં. સાધના ગઈ હું એકલો થઇ ગયો. બાકી હતું તે બધા છોકરા લાગણીશુન્ય થઇ ગયા. એમાં વહુઓએ મુખ્ય ભાગ ભજવ્યો. હું જાણે જુનો ખડૂસ બન્યો હતો... મારો સમય કેવી રીતે બદલાયો જાણ જ ન થઇ... રાયમાંથી રંક... પ્રભાવશાળી માંથી નિસ્તેજ ... છોકરાઓ એ મને ત્રણ – ત્રણ મહિના રાખવાનું વિભાજન કર્યું.. ત્યારે કહેતો... સાધના તું ગઈ તેની સાથે જો મને લેતી ગઈ હોત તો ...

એ આખો દિવસ ગયો. બીજા દિવસે મારા છોકરાઓએ મારા નામ માટે ત્યાં ભરેલા રૂપિયા પાછા માગ્યા. જેટલો ખર્ચ થયો હોય એટલો કાપીને... પહેલાતો આનાકાની થઇ... પછી મારી સ્થિતિ – વિનંતી જોઈ મળી ગયા... મારો નિર્ણય વતનમાં મારું નાનકડું ઘર હતું ત્યાં જઈને.. રહીને.. કશુંક કરવાનો ઈરાદો રાખ્યો.

સંચાલિકા બહેન તથા આશ્રમમાં રહેતા અન્યની સાથે વાતો કરીને હું નીકળ્યો. મેં ઓશિયાળી જેલ માંથી છુટકારો મળ્યો... જિંદગીનું જે થયું હોય એ થાય પણ... હું જીવતો રહીશ તો કંઇક કરી બતાવીશ... એક સમયે મારામાં રહેલો અને તરવરતો જુસ્સો મેં જગાવ્યો... માણસ જો ઈચ્છતો ... એને વયના બંધન નડતાં નથી.

વતનમાં મારા નાનકડા ઘેર આવ્યો ઘર ખોલ્યું હું જ્યાં રહેતો હતો તે બધાને મારી ખબર હતી કે છોકરાઓએ મારી શી દશા કરી છે... એકે ઘર સાફ કર્યું.. બીજાએ જમવાની ગોઠવણ કરી કોઈએ પૈસાની – મદદની ઓફર કરી... કોઈએ કશીય વાતે ન ગભરાવાની પણ વાત કરી નાખી.

આજકાલ કરતા છ દિવસ થઇ ગયા. મેં નાના છોકરાઓને ભણાવાની શરૂઆત કરી ત્યારે ઘણાંના છોકરા અગાઉથી કોઈને કોઈના ત્યાં ટ્યુશનમાં હતા જ... છતાય મને તક મળી... એકથી સાત સુધીના ધોરણના છોકરા શરુ થયા હું ગીતો ગવડાવતો... વાર્તાઓ કહેતો... છોકરા ડાહ્યાડમરા બની જતા... ભણતા... વાર્તા કહેવાનો આગ્રહ કરતા... મને ગમતું... ખુબ ગમતું... હું વાર્તા કહેતા... મારા પગ પર ઊભો રહેતા શીખી ગયો.

# દશનામ ગોસ્વામી સમાજનો વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

પાલનપુર- વડગામ ચાર જલા દશનામ ગોસ્વામી સમાજનું સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ ગઈકાલ તા. ૨૯/૧૦/૨૦૧૭ રવિવારે દશનામ ગોસ્વામી ભવન ડેરી રોડ પાલનપુર ખાતે અગ્રણી ઉદ્યોગપતિ બાબુગીરી એલ.ગોસ્વામી (પટોસણ) ની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે ઉદ્યોગપતિ કેશરગીરી ગોસ્વામી (સાગ્રોસણા), રતુભારથી ગોસ્વામી (વણસોલ મઠ), દેવપુરી ગોસ્વામી (માલોસણા મઠ), સેસન્સ જજ બી.ડી.ગૌસ્વામી (સરીપડા મઠા), ઉદ્યોગપતિ ઉપેન્દ્રપુરી ગોસ્વામી (ગાંધીધામ), ચાર જલા પ્રમુખ અમૃતપુરી જી. ગોસ્વામી (વડગામ મઠ), નારાયણભારથી ગોસ્વામી (જસલેણી મઠ), હીરાગીરી ગોસ્વામી (કુંભાસણ મઠ), ઘેમરપુરી ગોસ્વામી (આંબેયામઠ), જીવણભારથી (જગાણા મઠ) સહિત તમામ ગામોના દશનામ ગોસ્વામી સમાજના અગ્રણીઓ, પરિવારો, યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં ઉ.ગુ.ના પ્રખ્યાત ભજનીક મહંત રતુભારથી ગોસ્વામી અને લિંબોઈ મઠના નટવરભારથી એ શિવમહિમા વિશે સત્સંગ કર્યો હતો. સ્વાગત પ્રવચન પ્રમુખ અમૃતપુરી જી. ગોસ્વામીએ કર્યુ હતું. સમાજના અગ્રણીઓના હસ્તે ધો.૧ થી ૧૨ અને જુદી જુદી ડિગ્રીઓના તેજસ્વી તારલાઓનું સરસ્વતી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સફળ સંચાલન અમીષપુરી (બાદરપુરા ભુતેડી મઠ), રાજેશપુરી ગૌસ્વામી (નાંદોત્રા મઠ), મુકેશભારથી (મોરીયામઠ), બળદેવભારથી (જગાણા મઠ) એ કર્યું હતું.

# મોતીપુરા ગામે મીઠાઈના પેકેટનું વિતરણ કરાયું



પ્રતિનિધિ મુમનવાસ

દિવાળીના પાવન પ્રસંગે વિશ્વાસ ગૃપ દ્વારા મોતીપુરાના આદિવાસી વિસ્તારમાં ઘેર ઘેર મિઠાઈના પેકેટનું વિતરણ કરી દિવાળીનો પાવન અવસરને ઉજવવામાં આવ્યો હતો. જે પ્રસંગે ગૃપના ચેરમેન દેવેન ભીલડીયા, વા.ચેરમેન પ્રદિપ કટારીયા દ્વારા આ વર્ષની દિવાળીના દિવસે આદિવાસી બાળકો સાથે ઉજવવાનું નક્કી થયું એ તેમના ઘેર ઘેર ફરીને મીઠાઈના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે બાળકો અને વડીલોમાં હર્ષની લાગણી છવાઈ હતી. જે પ્રસંગે નિલેશ ભાંડવા, કિશન સુથાર, પંકજ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# માલગઢમાં દ્વારકાધીશ હવેલી મંદિર - તુલસી- વિવાહ યોજાશે

પ્રતિનિધિ માલગઢ

પૌરાણિક કથા અનુસાર કારતક સુદ અગિયારસની તિથિ સતી વૃંદા (તુલસી) અને વિષ્ણુના વિવાહ તરીકે જગતભરમાં જાણીતી છે.

કારતક સુદ-૯ ને રવિવારના સવારે ૧૦-૦૦ વાગ્યે ભગવાન દ્વારકાધીશની પાટવિધિ ધામધૂમપૂર્વક યોજાઈ હતી. આ શુભ પ્રસંગે ડ્રોનથી પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. ગામની શ્રધ્ધાળુ મહિલાઓએ ભક્તિસભર ગીતો ગાઈ, વાતાવરણને કૃષ્ણમય બનાવી દીધુ હતું.



શ્રેષ્ઠીઓના સહયોગથી, દાતાઓના દાનથી અને ગામલોકોના સાથ- સહકારથી મંદિરને માઈક અને ટેન્ટની વ્યવસ્થા પણ શ્રધ્ધાળુઓએ નિ:શુલ્ક આપી હતી.

કારતક સુદ-૧૧ ને મંગળવારે સાંજે ગોધૂલિક સમય ૭-૧૫ કલાકે ભગવાન દ્વારકાધીશ અને તુલસી(સતી વૃંદા) ના લગ્ન યોજાશે.

કન્યા પક્ષના ભાગ્યશાળી ભરતકુમાર દયારામજી સાંખલા અને મોમેરાના દાતા પરખાજી પુનમાજી ટાંક પરિવારની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. આ શુભ પ્રસંગે શ્રધ્ધાળુ ભક્તોને સપરિવાર પધારવા શ્યામસુંદર મિત્ર મંડળ અને માલગઢ યુવા સંગઠન દ્વારા અનુરોધ કરાયો છે.

# સવર્ણ સમાજ માટે હાલની ૪૯ ટકા ઉપરાંત ૨૦ ટકા અનામત; ખરડો પસાર કરાશે : ભરતસિંહ સોલંકી

અમદાવાદ

પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ સવર્ણ સમાજ માટે વર્તમાન ૪૯ ટકાની ઉપરાંતની ૨૦ ટકા અનામતની જોગવાઈનું બિલ વિધાન સભામાં પસાર કરીને કેન્દ્રની સરકારને મંજૂરી માટે મોકલી આપશે

સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં કેન્દ્રમાં ભાજપની સરકાર છે તેથી જો તેઓ બંધારણીય સુધારા માટેનું બિલ લોકસભામાં ન લાવે તો કોંગ્રેસ પક્ષ વર્ષ - ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી બાદ રચાનારી કોંગ્રેસની સરકાર આ સુપ્રીમ કોર્ટ સાથે સંકલન સાધીને બિલ લોકસભામાં પસાર કરીને સવર્ણ સમાજ માટે અનામતની જોગવાઈ કરશે પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા હાર્દિક પટેલ દ્વારા પાટીદાર અનામત અંગે કોંગ્રેસ પક્ષને આપેલી તા. ૩જી સુધીની મુદત અંગે પ્રતિક્રિયા આપતા ભરતસિંહ સોલંકીએ જણાવ્યું કે, કોંગ્રેસ કારોબારીએ દોઢ વર્ષ અગાઉ સવર્ણ સમાજ માટે ૨૦ ટકા અનામત આપવાનો ઠરાવ કર્યો હતો.કોંગ્રેસના ધારાસભ્યોએ ગુજરાત વિધાનસભામાં ૨૦ ટકા અનામત માટેનું ખાનગી બિલ રજૂ કર્યું હતું, જે બિલ ફગાવીને ભાજપ સરકારે પાછળથી ૧૦ ટકા અનામત આપવાની જાહેરાત કરી હતી. જો કે, ભાજપ અનામત માટે ગંભીર ન હોવાથી હાઈકોર્ટે રાજ્ય સરકારનો આ નિર્ણય રદ કર્યો હતો.

# કાશ્મિર મુદ્દે શાંતિ વાર્તાના પ્રયાસમાં મોદી સરકાર સફળ થશે ખરા...!?

(જી.એન.એસ) ગાંધીનગર

કાશ્મીરની સમસ્યા વધુને વધુ ગૂંચવાતી જાય છે અને કાશ્મીરમાં શાંતિ સ્થાપવા માટે નરેન્દ્ર મોદી સરકાર અથાગ પ્રયત્ન કરી રહી છે અને ફરી એક વખત કાશ્મીરનો મુદ્દો ચર્ચા કરીને ઉકેલવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, ત્યારે લોકોમાં પ્રશ્ર્ન એ ચર્ચાઇ રહ્યો છે કે શું મોદી આ કોકડું ઉકેલવામાં સફળ થશે ?

જે રીતે એમણે ચીન સાથે અત્યંત કપરો ગણી શકાય એવો ડોકલામ વિવાદ ચર્ચા દ્વારા ઉકેલ્યો હતો, એવો જ કોઇ કરિશ્મા અહીં બતાવવો જરૂરી છે. કાશ્મીરના ઈતિહાસમાં પાછલાં ૨૭ વર્ષમાં અનેક વખત શાંતિ સ્થાપવાના પ્રયત્ન થયા છે, પણ શાંતિવાર્તા હંમેશ નિષ્ફળ રહી છે. કાશ્મીરમાં જ્યારે ત્રાસવાદે પોતાનો ફેલાવો કરીને એકાદ વર્ષ થયા બાદ૧૯૯૦માં સૌપ્રથમ પહેલી વખત ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળને કાશ્મીર મોકલવામાં આવ્યું હતું.

એ અને ત્યારબાદ અનેક વખત આ રીતે શાંતિ સ્થાપવાના પ્રયત્ન થયા છે, પણ હજુ સુધી એકપણ પ્રતિનિધિ મંડળને સફળતા મળી નથી. ૨૦૦૧માં ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન કેસી પંતને સરકારે પહેલી વખત સત્તાવાર પ્રતિનિધિ નિયુક્ત કરીને કાશ્મીરમાં મોકલ્યા હતા, પણ એ વખતે અલગતાવાદી નેતાઓએ ચર્ચા કરવા માટે પંતને મળવાની જ ના પાડી

અનુસંધાન પાના નં.૬

# વડગામ માર્કેટયાર્ડ દ્વારા કેન્દ્રીય મંત્રીનું સન્માન કરાયું


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

તાજેતરમાં વડગામ ખાતે પધારેલ કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીનું માર્કેટયાર્ડ ચેરમેન કે.પી. ચૌધરી દ્વારા સાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કરાયું હતું. સેક્રેટરી માંધજીભાઈ ધુળીયાએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. આ પ્રસંગે કાળુભાઈ ચૌધરી (નાંદોત્રા), પ્રેમજીભાઈ ચૌધરી (એદ્રાણા), દિનેશભાઈ ચૌધરી (એદ્રાણા), પરથીભાઈ લોહ(પસવાદળ), ચેલજીભાઈ ડેકલીયા (વડગામ) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# થરાદમાંથી જુગાર રમતા બે ઝડપાયા : એક ફરાર

થરાદ

થરાદમાં વિજય બિઝનેશ સેન્ટરના ખુલ્લા ધાબામાં કેટલાક શખ્સો હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની ખાનગી બાતમી મળતાં થરાદના પીએસઆઇ ડીએન શર્માએ સ્ટાફ સાથે રવિવારે રેડ કરી હતી. દરમ્યાન પોલીસને જોઈને ભાગવા જતાં સીડીઓમાંથી હબીબશા કાસમશા ફકીર રહે.વિજય બિઝનેશ શોપીંગની બાજુમાં તથા સદામશા ઈમામશા ફકીર રહે.આશાપુરીવાસ બંન્ને રૂપીયા ૧૧૬૦ રોકડા તથા ગંજીપાનાં અને એક મોબાઈલ સાથે ઝડપાઈ ગયા હતા.જ્યારે નાસીરશા ગાજીસા ફકીર રહે.થાણાશેરી મોટા શોપીંગસેન્ટરની ઘણીબધી સીડીઓ હોઇ તેનો લાભ લઇ પોલીસને હાથતાળી આપી નાસી છુટ્યો હતો. પોલીસે ત્રણેયની સામે જુગારધારાની જોગવાઈઓ મુજબ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### ચંદ્રશેખરની સરકાર પડી ન હોત તો આ વિવાદનો ઉકેલ આવી ગયો હોત

# રામ મંદિર-બાબરી મસ્જિદના વિવાદનુ સમાધાન વર્ષ ૧૯૯૧માં આવી ગયુ હોત : શરદ પાવર

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

બાબરી મસ્જિદ અને રામમંદીરનો પ્રશ્ન વર્ષોથી કુટાતો આવે છે. આ ઉપરાંત બાબરી મસ્જિદને લઈને વર્ષોથી અનેક વિવાદો થતા આવ્યા છે. જોકે દ્ગઁના નેતા શરદે પાવરે બાબરી મસ્જિદને લઈને જણાવ્યુ કે આ વિવાદનુ સમાધાન વર્ષ ૧૯૯૧માં થવા આવ્યુ હતુ. દ્ગઁ નેતા શરદ પાવરે જણાવ્યું કે વર્ષ ૧૯૯૧માં જો વડાપ્રધાન ચંદ્રશેખરની સરકાર પડી ન હોત તો રામ મંદિર અને બાબરી મસ્જિદના વિવાદનો ઉકેલ આવી ગયો હોત. તેમને કહ્યું કે એ સમયગાળામાં અમે આ વિવાદના સમાધાન માટે કામ શરૂ કર્યુ હતુ. જોકે માર્ચ ૧૯૯૧માં કોંગ્રેસે સાત મહિના જુની ચંદ્રશેખરની સરકારમાંથી પોતાનુ સમર્થન પાછુ ખેંચી લીધુ અને સરકાર પડી ગઈ અને આ તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા. આ ઉપરાંત શરદ પાવરે જણાવ્યુ કે તેમને અને રાજસ્થાનના તત્કાલિન મુખ્યમંત્રી ભૈરોસિંહ શેખાવતે મળીને એક અનૌપચારિક સમિતિનુ નિર્માણ પણ કર્યુ હતુ.

ત્યારબાદ અમે લોકો એ ફોર્મ્યુલા પહોંચ્યા કે આ વિવાદીત સ્થળ પર મેમોરીયલ બનાવવામાં આવે મંદિર અને મસ્જિદના નિર્માણ માટે જમીન ફાળવવામાં આવે. જેને લઈ વિવાદત સ્થળને છોડીને ૬૦-૬૫માં ભાગની જમીન પર મંદિર અને બાકી વધેલ ૩૫-૪૦ ટકા ભાગની જમીન પર મસ્જિદનુ નિર્માણ કરવામાં આવે. જેથી સૈદ્ધાંતિક રીતે બન્ને પક્ષો આ વાતથી સહમત પણ થયા હતા. જો કે એવુ બન્યુ કે આ વાત આગળ વધે તે પહેલા કોંગ્રેસ ચંદ્રશેખર સરકાર પાસેથી પોતાનુ સમર્થન પાછુ ખેંચી લીધુ. જેથી સરકાર પડી ભાગવાથી આ વાત આટલે જ અધૂરી રહી ગઈ. ઉલ્લેખનીય છે કે શરદ પાવરે પોતાની આત્મકથાના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે કે અગાઉના સાત મહીના ચંદ્રશેખરની સરકાર ટકી ગઈ હોત તો આ સમસ્યાનુ સમાધાન આવી ગયુ હોત.

### ભાજપ પર કોંગ્રેસનો આરોપ

# ભાજપનો ચીની માલસામાનના બહિષ્કારના દાવો માત્ર દેખાડો અને દંભ

(જી.એન.એસ) ગાંધીનગર

આરએસએસ અને ભાજપ હંમેશા ચીનમાં બનેલા માલસામાનનો બહિષ્કાર કરવાની વાત કરતા રહે છે. ચીનના માલસામાનનો બહિષ્કાર કરીને ભારતીય સામાનનો ઉપયોગ કરીને ભારતીય વેપારીઓને લાભ આપવાની મુહિમ ચલાવવામાં આવે છે. પરંતુ કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ભાજપનો ચીનના માલસામાનના બહિષ્કારના દાવા માત્ર દેખાડો અને દંભ છે.

કોંગ્રેસનો આરોપ છે કે ભાજપ ગુજરાત વિધાનસભાની ચૂંટણામાં ચીનમાં બનેલી પ્રચાર સામગ્રીનો ઉપયોગ કરી રહ્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલે એક ટ્વિટ કરીને ભાજપ પર ચીનમાં બનાવવામાં આવેલી પ્રચાર સામગ્રી મંગાવવાનો આરોપ લગાવ્યો છે. શક્તિસિંહ ગોહિલે ટ્વિટ કરીને તેમણે કેટલાક બિલની કોપી પણ દર્શાવી છે. ગોહિલે પોતાના ટ્વિટ દ્વારા બિલની કોપી મૂકીને દાવો કર્યો છે કે કથિતપણે આ પ્રચાર સામગ્રીના પેમેન્ટ પણ કરવામાં આવ્યું છે.

શક્તિસિંહ ગોહિલે આ આરોપ એક રિટ્વિટના માધ્યમથી લગાવ્યો છે. આ ટ્વિટ મૂળભૂત રીતે ઓબીસી રાજનીતિ કરી રહેલા અને કોંગ્રેસમાં સામેલ થયેલા અલ્પેશ ઠાકોરના અપુષ્ટ ટ્વિટ દ્વારા કરવામાં આવ્યું છે. જો કે અલ્પેશ ઠાકોરના ટ્વિટની પુષ્ટિ

અનુસંધાન પાના નં.૬

# જેડી(યુ) ગુજરાતમાં ચાર-પાંચ બેઠકો પર ઉમેદવાર ઊભા રાખશે

(જી.એન.એસ) પટણા

નીતિશકુમારના નેતૃત્વ હેઠળના જેડી(યુ)એ એવું જણાવ્યું હતું કે અમે ગુજરાતમાં અમારી પરંપરાગત ચારથી પાંચ બેઠકો પરથી લડીશું. તેમણે ચૂંટણી પંચને શરદ યાદવ જૂથના પક્ષના સિમ્બોલ પરના દાવાને નકારી કાઢવાની વિનંતી કરી છે, જેથી તેઓ વિધાનસભાની ચૂંટણી લડી શકે.

પક્ષના મુખ્ય પ્રવક્તા કે. સી. ત્યાગીએ જણાવ્યું હતું કે ‘ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સાથે કોઈ ચૂંટણી સમજૂતીની કોઈ વાતચીત નથી ચાલતી, જોકે અમે એનડીએનો એક હિસ્સો છીએ. તેમણે કહ્યું હતું કે, હરીફ જૂથે ૨૬મી ઑક્ટોબરે ‘ઍરો’ ચૂંટણી ચિહ્ન પર પોતાનો દાવો કરતા તાજા દસ્તાવેજો ચૂંટણી પંચમાં સુપરત કર્યા હતા.

હકીકતે ચૂંટણી પંચે એવી જાહેરાત કરી દીધી છે કે નીતિશ કુમારના નેતૃત્વ હેઠળ જેડી(યુ) સાથે જનતા દળ (યુનાઈટેડ) છે, એવું તેમણે કહ્યું હતું. જેડી(યુ)ના આ નેતાએ એવો આક્ષેપ કર્યો હતો કે શરદ યાદવના નેતૃત્વ હેઠળના જૂથે ચૂંટણી પંચને ‘બનાવટી’ દસ્તાવેજો મોકલ્યા છે. આ ‘છેતરપિંડી’ અને ‘તિરસ્કાર’નો સીધો ને સટ કેસ છે.

ચૂંટણી પંચે તેને નકારી કાઢીને ઝડપી નિર્ણય લેવો જોઈએ, એવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

# મોદી વગર યોજાઈ રહેલી વિધાનસભા ચૂંટણી ભાજપ માટે પડકારરૂપ સાબિત થશે..!

(જી.એન.એસ) ગાંધીનગર

ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે લગભગ ૧૩ વર્ષ લાંબુ નેતૃત્વ પુરું પાડનારા મોદીના વડાપ્રધાન થયા બાદ પ્રદેશ ભાજપમાં જાણે કે શૂન્યાવકાશની સ્થિતિ દેખાઈ રહી છે. કદાચ તેને કારણે જ ગુજરાતમાં ભાજપ સામેની એન્ટિઈક્મ્બન્સી છેલ્લા અઢી વર્ષમાં મજબૂત બની છે અને ગુજરાતે આનંદીબહેન પટેલ અને વિજય રૂપાણી એમ બે મુખ્યપ્રધાનો પણ ટૂંકા ગાળામાં જોયા છે.

૨૦૦૧ના ભૂકંપ બાદ યોજાયેલી પેટાચૂંટણીમાં નબળા દેખાવના આધારે તત્કાલિન મુખ્યપ્રધાન કેશુભાઈ પટેલના સ્થાને નરેન્દ્ર મોદીને ગુજરાતના મુખ્યપ્રધાન બનાવવામાં આવ્યા હતા. ૨૦૦૨માં ગુજરાતમાં બનેલી કમનસીબ ઘટનાઓ વચ્ચે ગૌરવયાત્રાના માધ્યમથી મોદીએ ભાજપને જંગી બહુમતી અપાવી હતી.

૨૦૦૭માં પણ મોદી ભાજપમાં આંતરીક વિરોધ અને બળવાના તબક્કામાં ચૂંટણી જીત્યા હતા. બાદમાં તેમણે પોતાની છબીને વિકાસપુરુષ તરીકે વધુ દ્રઢ બનાવી અને છેલ્લે તો મોદીએ સદભાવનાપુરુષ તરીકે સ્થાપિત થવા માટે ગુજરાતના જિલ્લે-જિલ્લે સદભાવના ઉપવાસ કર્યા હતા. ગુજરાતના વિકાસ મોડલ અને પોતાની આગવી રાજકીય ઓળખના પ્રતાપે નરેન્દ્ર મોદી અનેક રાજકીય વિરોધો વચ્ચે ૨૦૧૪માં ભારતના વડાપ્રધાન બન્યા હતા. મોદીએ ગુજરાતની કમાન તેમના અત્યંત વિશ્વાસુ આનંદીબહેન પટેલને સોંપી હતી.

૨૦૦૭માં પણ મોદી ભાજપમાં આંતરીક વિરોધ અને બળવાના તબક્કામાં ચૂંટણી જીત્યા હતા. બાદમાં તેમણે પોતાની છબીને વિકાસપુરુષ તરીકે વધુ દ્રઢ બનાવી અને છેલ્લે તો મોદીએ સદભાવનાપુરુષ તરીકે સ્થાપિત થવા માટે ગુજરાતના જિલ્લે-જિલ્લે સદભાવના ઉપવાસ કર્યા હતા. ગુજરાતના વિકાસ મોડલ અને પોતાની આગવી રાજકીય ઓળખના પ્રતાપે નરેન્દ્ર મોદી અનેક રાજકીય વિરોધો વચ્ચે ૨૦૧૪માં ભારતના વડાપ્રધાન

### હાર્દિક અને અન્યો એનસીપીના પણ સંપર્કમાં

# હાર્દિક પટેલ કિંગમેકર તરીકે ઉભરવા તૈયાર હોવાની ચર્ચા

અમદાવાદ

પાટીદાર સમુદાયના લોકોને ક્વોટા આપવાને લઈને પાટીદાર નેતા હાર્દિક પટેલે કોંગ્રેસ પાર્ટીને અલ્ટીમેટમ આપ્યા બાદ કોંગ્રેસની દુવિધા પણ વધી ગઈ છે. કારણ કે, ઓબીસી નેતા અલ્પેશ ઠાકુર પહેલાથી જ કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થઇ ચુક્યા છે અને અલ્પેશ ઠાકોરે સ્પષ્ટપણે ઓબીસી ક્વોટામાં કોઇ ચેડાનો વિરોધ કર્યો છે. ભાજપ સરકારે પાટીદાર સમુદાય તરફથી જોરદાર દબાણ બાદ ઈબીસી હેઠળ ૧૦ ટકા ક્વોટા આપવાનો નિર્ણય કર્યા બાદ આને લઈને પણ ભારે હોબાળો થયો હતો. મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. આખરે ગુજરાત હાઈકોર્ટે ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં ભાજપ સરકાર દ્વારા ઈબીસી હેઠળ પાટીદારોને આપવામાં આવેલા ૧૦ ટકા ક્વોટાને રદ કરી દીધો હતો. ભાજપ સરકારે તે વખતે તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં પાટીદારોને ૧૦ ટકા ક્વોટા આપ્યો હતો. આ મામલો ઓબીસી ક્વોટાની સમીક્ષાના પાસાને લઈને સુપ્રીમ કોર્ટમાં હજુ પણ પેન્ડિંગ છે. આશરે ૨૫ વર્ષથી ઓબીસી ક્વોટાની જોગવાઈને લઈને દુવિધાઓ દૂર થઈ શકી નથી. ઉચ્ચ જાતિના લોકોને બંધારણીય સુધારા મારફતે જ અનામત આપી શકાય છે. બંધારણીય નિષ્ણાતો નક્કરપણે માને છે કે, હાર્દિક પટેલે કોંગ્રેસ પાર્ટીને ઓબીસી ક્વોટાને લઈને અલ્ટીમેટમ આપીને સ્થિતિ વધુ જટિલ બનાવી દીધી છે. કારણ કે ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરે ઓબીસી યાદીમાં પાટીદારોના સમાવેશને લઈને જોરદાર વાંધો ઉઠાવ્યો છે. આવી સ્થિતિમાં આ ક્વોટા હેઠળ પાટીદારોને સામેલ કરવા કોંગ્રેસ માટે અશક્ય સ્થિતિ સર્જાઈ છે. હાર્દિક પટેલે આપેલા અલ્ટીમેટમ મુજબ જો કોંગ્રેસ તરફથી ત્રીજી નવેમ્બર સુધી સંતોષજનક જવાબ નહીં મળે તો તે અન્ય કોઇ પાર્ટીને સમર્થન આપવાની વાત પણ

# ડીસા તાલુકા સંઘના ડિરેક્ટરના ધર્મપત્નીનું અવસાન

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના સાવિયાણા ગામના વતની અને ડીસા તાલુકા ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટર વાસીભાઈ સવાભાઈ દેસાઈની ધર્મપત્ની તથા રબારી સમાજના સામાજીક યુવા આગેવાન- આર.એસ. એસ. ના પ્રખર કાર્યકર તથા ડીસા આદર્શ હાઈસ્કુલના કમીટી સભ્ય રેવાભાઈ દેસાઈ સાવિયાણાના માતુશ્રી



જબુબેન વાસીભાઈ દેસાઈનું ગતરોજ ૨૭/૧૦/૨૦૧૭ ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થતા રબારી સમાજ સહિત સાવિયાણા ગામમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ છે. માયાળુ સ્વભાવ અને પરોપકારી વૃત્તિ ધરાવતા સ્વ. જબુબેનની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં સ્નેહી-સ્વજનો સાથે ગામ લોકો જોડાયા હતા.

## તંત્રી સ્થાનેથી ...

### ઘરની વાત સડક ઉપર આવે એટલે લોકો તમાસો જુવે છે.

## પરમાણું સજ્જ વિમાન વાહકનું નિર્માણ હવે ભારતમાં થશે

એક સમય હતો કે જ્યારે ૧૯૭૧ ના બાંગલા દેશના યુધ્ધ સમયે અમેરીકા પાકિસ્તાનને મદદ કરવા તેમજ ભારતને ભીંસમાં લેવા પોતાનો વિશાળ નૌકા કાફલો કે જેમાં પરમાણું સંચાલિત વિમાન વાહક જહાજ સહિત અન્ય યુધ્ધ જહાજોને બંગાળના ઉપસાગરમાં મોકલ્યો હતો હવે આજે અમેરિકા અત્યારે હિન્દ મહાસાગર વિસ્તારોમાં ચીનની સબમરીનોની વધી રહેલી પ્રવૃત્તિઓ સામે ભારતને વધારે સજ્જ કરવા અત્યંત આધુનિક ડ્રોન ભારતીય નૌકાદળને આપવા સંમત થઈ રહ્યું છે. આ ડ્રોન પ્રાપ્ત થતાં ભારતીય નૌકાદળ કેવળ હિન્દ મહાસાગર વિસ્તારોજ નહીં પરંતુ છેક ચીનના કિનારા - દક્ષિણ ચીન સાગર સુધી બાજ નજર રાખી શકશે.

દરમ્યાન ભારત જે પરમાણું સજ્જ વિમાન વાહક જહાજનું ઘર આંગણે નિર્માણ કરવા માંગે છે. તે અંગેની અદ્યતન ટેકનોલોજી પણ અમેરિકા આપનાર છે. આ ગાઢ બનતા સંબંધોના ભાગરૂપ અમેરિકાના વિદેશમંત્રી ટિલરસેન દક્ષિણ એશિયાના પ્રવાસે આવ્યા છે ત્યારે ભારત અને પાકિસ્તાન બંને તેમની પ્રવાસ સૂચિમાં તો છે જ , પરંતુ પાકિસ્તાનમાં માત્ર ચાર કલાકનું રોકાણ કર્યું અને ભારતમાં બે રાત્રિઓનું રોકાણ કર્યું હતું. જો કે બંને રાષ્ટ્રો વચ્ચે કેટલીક સમજૂતિ થઈ છે પરંતુ તે બરાબર છે અને હવે ગમે ત્યારે અમેરિકા પાકિસ્તાનમાં ત્રાટકીને ત્યાંના ત્રાસવાદી સંગઠનોનો સફાયો કરશે તે વાત ચોક્કસ છે. ત્યારે ભારતે પણ આ બાબતે પોતાનું સમર્થન આપ્યું છે. આથી પાકિસ્તાન લાલઘુમ બની ગયું છે. ત્રાસવાદીઓને આશ્રય આપવાના મુદ્દે અમેરિકા - પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી ચૂકી છે ત્યારે ભારત સામેના અમેરિકાના સંબંધોમાં આવી રહેલી ભરતીથી ઈસ્લામાબાદને બેવડી વ્યથા થઈ રહી છે. એક તો અફઘાનિસ્તાન (જેને ઈસ્લામાબાદ પોતાનું કાયમી આશ્રીત બનાવી રાખવાનું સ્વપ્ન જોતું રહ્યું છે) ભારત પોતાની ભૂમિકા વધુ રાખે તેવું ખુલ્લુ નિમંત્રણ અમેરિકા આપી રહ્યું છે.

વર્તમાન સંજોગોમાં તાલિબાન સંગઠનને પડકારવા અમેરિકા મહત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે. તે બાબત પાકિસ્તાન સારી પેઠે જાણે છે. પરંતુ પાકિસ્તાન આ સંગઠન વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરી શકે તેમ નથી. કેમ કે તાલિબાનના મૂળીયા પાકિસ્તાનના રાજ-કારણમાં ઘુસી ચૂક્યા છે.

વિશ્વના રાજકારણમાં ત્રાસવાદ બાબતે જે નવી શતરંજ ગોઠવાતી ચાલી છે તેનું નવું કેન્દ્ર બિંદુ હવે હિન્દ પ્રશાંત સાગરનો વિસ્તાર છે અને તેનું મહત્વનું ખેલાડી ભારત બની રહ્યું છે. કેમ કે હવે અફઘાનિસ્તાનમાંથી તાલિબાનના સફાયા માટે અમેરિકા અને ભારત નવી નીતિ અપનાવનાર છે અને હવે ગમે ત્યારે નવી રાષ્ટ્રીય શતરંજ ખેલાશે તેમાં બે મત નથી ચીન તેની આર્થિક લશ્કરી તાકાત વધારી રહ્યું છે તે બાબત ભારત - અમેરીકા જાણે છે. પરંતુ ચીન યુધ્ધ બાબતે હમણાં આગળ આવશે નહિ તે બાબત અમેરીકા સારી પેઠે જાણે છે.

## ઉગ્રવાદના પ્રતિકારની કથા 'સબકા સાથ સબકા વિકાસ' માં મહિલાઓનો સમાવેશ

'સબકા સાથ,સબકા વિકાસ'ના ધ્યેય સહિત હાલની સરકારનું એક સ્વપ્ન, દરેક નાગરિક-પુરુષ યા મહિલા- નીઆવશ્યકતાઓ પૂરી કરવા ઉપરાંત, તેમના સંયુક્ત વિકાસનું પણ છે.અને આ સ્વપ્નો જ્યારે સાચાં પડશે ત્યારે ભારતીયોનેસશક્ત બનાવવા જ નહિ પરંતુ એમના માટે સુખ, સમ્રુદ્ધિ અને સર્વાંગ પ્રગતિનાં દ્વાર પણ ખોલશે. ભારતના માન.વડાપ્રધાનશ્રીની કલ્પના મુજબનો આ દુસ્તર (તરવો મુશ્કેલ ) ઉપક્રમ, સરકારી તંત્ર, રાજકીય નેત્રુત્વ અને પ્રજાના નક્કરઅને સમર્પિત પ્રયાસો માગે છેજોકે, સ્ત્રીઓ કે જે પુરુષોથી અડધોઅડધ છે, અને એક ચઢિયાતિ જાતિ (લીંગ) હોવા છતાં,વાસ્તવમાં હજીમિલકતમાં અડધો ભાગ મેળવવાનો બાકી હોવા ઉપરાંત એમણે દરેક અર્થમાં -પુરુષ સમોવડી થવાનું છે.આ કાર્યમાંમહિલાઓનો ફાળો નિશ્ચિતપણે એમને દરેક ક્ષેત્રમાં સંમિલિત કરશે, એ માટે એમનામાં પ્રેરણા, હિંમત અનેહકારાત્મકતાની જરૂર પડશે.. –પુરુષલોકોની જાતિય શ્રેષ્ઠતા માટેનું વલણ, સ્ત્રીઓને હતાશ કરીને, સ્ત્રીસમાનતાનો માર્ગબન્ધ કરવા ઉપરાંત એમને વારાફરતી સ્વાભિમાનના જુસ્સા અને પ્રતિષ્ઠાના અમ્રુત થી વેગળી કરશે. સંયુક્ત કલ્યાણનાઉપરોક્ત સ્વપ્નને મૂર્તિમંત કરવા માટે ઉચ્ચ નેતાગિરીએ દરેક ભારતીયની સમ્રુદ્ધિ,આરોગ્ય, સુખ અને માનસિકબુદ્ધિક્ષમતાની સ્થિતિને ધરમૂળથી બદલવી પડશે. સરવાળે, ભારત એ વિશ્વના શ્રેષ્ઠ રાષ્ટ્ર તરીકે ઉપસવું પડશે, જેથી,(દા.ત.) "વિકાસશીલ " માંથી "વિકસિત " દેશ તરીકે દરેક ભારતીયના મનમાં ગૌરવ થઈ શકે.... **બી.જીવરાણી**

### <u>આત્મચિંતન</u>

## આપવાથી જ મળશે

કોઈને કાંઈ આપો કે તેની ઉપર કોઈ પ્રકારનો ઉપકાર કરો તો બદલામાં તે વ્યક્તિ પાસેથી કોઈ પ્રકારની આશા ન રાખશો. આપને જે કાંઈ આપવાનું હોય તો આપો. તે હજાર ગણું બનીને તમારી પાસે પાછું આવશે પરંતુ તમારે તેના પાછા આવવાની કે ન આવવાની ચિંતા જ ન કરવી જોઈએ. પોતાનામાં આપવાની શક્તિ રાખો, આપતા રહો, આપીને જ ફળ પ્રાપ્ત કરી શકશો. એક વાત શીખી લો કે સમગ્ર વિશ્વ આપી રહ્યું છે, પ્રકૃતિ આપવાને માટે તમને વિવશ કરશે આથી પ્રસન્નતાપૂર્વક આપો, આજ હોય કે કાલ, તમારે કોઈને કોઈ દિવસ ત્યાગ કરવો જ પડશે.

જીવનમાં તમે સંગ્રહ કરવા માટે આવ્યા છો, પરંતુ પ્રકૃતિ તમારૂં ગળું દબાવીને મુઠી ખોલાવી નાખે છે. જે કાંઈ તમે મેળવ્યું છે તે આપવું જ પડશે. ભલે તમારી ઈચ્છા હોય કે ન હોય જેવું તમારા મુખમાંથી નીકળશે કે 'ના હું નહીં આપું' તે ક્ષણે જોરથી ધક્કો આવે છે. તમે વસ્તુ આપવા કે ત્યાગ કરવા માટે વિવશ ન હોય આ નિયમથી પ્રતિકુળ આચરણ કરવા માટે જેટલો પ્રયત્ન કરે છે તે પોતાની જાતને એટલી જ દુ:ખી અનુભવે છે.

આપણી દુ:ખદ અવસ્થાનું કારણ એ છે કે ત્યાગ કરવાનું સાહસ આપણે કરતા નથી. આથી આપણે દુ:ખી છીએ, તમે ગ્રહણ કરો છો તે આપવાને માટે આપી બદલામાં કાંઈ માંગશો નહીં..

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## સદ્કાર્યમાં આપેલ 'દાન' જમીનમાં વાવેલા બીજ સમાન છે.. પરત મળે ત્યારે હજાર ગણું હોય છે..

ભાગવતમાં સુદામા અને શ્રીકૃષ્ણની મિત્રતાનો પ્રસંગ આવે છે. ને તેમાં 'ન માગવાનો નિયમ' જીવનમાં કેટલી મુસીબત લાવે તેવું સુદામાના જીવનમાંથી જાણવા મળે છે. પૌરાણિક શાસ્ત્રો તથા સાહીત્યકારોએ પણ પોતાની કલાઓ મારફતે કહેતા હોય છે કે 'સબસે બુરો માગનારો' ને વળી 'મરૂ પણ માગું નહીં મેરે તનકે કાજ' જેવા વાકયો પણ સાંભળવા મળે છે. જીવનમાં કોઈની પાસે ન માગવાનો નિયમ હોવો જોઈએ તે સારી બાબત કહેવાય પણ આ કહેવતો બાબતે સમય સંજોગ અનુસાર કામમાં લેવામાં આવે તો વધુ ઉચિત રહેશે.

કોઈક સાહિત્યકારે ખરૂં જ કીધું છે જે માંગવામાં પણ સામેના માણસને જોઈને માગવું જોઈએ. મારો હાથ જેની સામે લાંબો થાય છે તે માણસ કેવો છે ? તેની પાસેથી લક્ષ્મી મહેનતની છે કે બે નંબરીની ? બધી જ બાબતો જાણીને અબોલ જીવ માટે માગવામાં આવે તો શું ખોટું છે ? 'ગરીબ કે અબોલજીવ માટે મને માગતો શેને આવે લાજ' એ ધ્યેય સાથે બીજાને હિત થતું હોય તો માગવામાં વાંધો નથી.

પરભવનું કહો કે ઈશ્વરની અકૃપા કહો કે ગમે તે જ્યારે કોઈક માગનાર આપના ઘરના દરવાજે આવે છે ત્યારે તે કેટલો ક્ષોભ અનુભવતો હશે ? એ તો એના દિલમાં જરા ડોકીયું કરીને જોઈએ તો ખબર પડે.. એ આપજો બહેન મા.. માને બાપ.. તમને ભગવાન સુખી રાખે જેવા અંતરના આશીર્વાદ સાથે ઘરના દરવાજે ઉભો ઉભો તે માગનાર બોલતો હોય ત્યારે જરા એના હ્રદયદ્રાવક શબ્દો તો સાંભળો.. કેટલા કરૂણ હોય..? પોતાના બાળકના ભરણપોષણ માટે ઘરે ઘરે ભીખ માગીને બાળકમાં પેટ ભરતી મા કાશ...! એમ નહીં વિચારતી હોય કે અમારા નસીબમાં આ દુ:ખ કયાંથી ?

મિત્રો જરાક વિચાર કરો, જ્યારે તે ભિખારી ઘરના દરવાજે ઉભો ઉભો માગે ત્યારે આપણે આપણું મોં ફેરવી લઈએ તો શું એ ભિખારી નહીં સમજતો હોય ? તે જરૂર મનમાં કહેતો હશે કે અમારી પરીસ્થિતિ દયનીય છે. એટલે તમારી પાસે આવીએ છીએ.. કહેવાય છે કે પરમતત્વ રૂપી પરમાત્માનો અંશ દરેક જીવ માત્રમાં રહેલો છે એ ભિખારી આપના આંગણે આવેલો હોય અને કદાચ તેનામાં ઈશ્વરરૂપી અંશ મૌજુદ જ છે એમ ન માનીએ તો શું હજારો હાથવાળો આ વાતને નહીં જાણતો હોય... કુદરતે આપ્યું છે તો થોડુંક તેને આપીએ તો શું ફેર પડી જવાનો.. ? માગનાર પણ ખુશ થશે અને સર્વત્ર બિરાજમાન ઈશ્વરીય ભગવાન પણ રાજી થશે.

ખરૂં કહીએ તો ભલે આપણને ઈશ્વરે ઘણું બધું આપ્યું હોય તો પણ મંદિરના દરવાજે દેવદર્શન માટે જઈએ ત્યારે કોણ એવું હશે કે માગ્યા વગર રહી શકતું હોય ? પેલો ભિખારી આપના આંગણે આવે તો રોટલાનો ટુકડો માગે છે.. પણ આપણે જ્યારે મંદિરમાં જઈએ ત્યારે આંખો બંધ કરીને શું યે માગીએ છીએ...

જેટલો માણસ વધુ સુખી એટલું માગવાની કક્ષા વધુ ઉંચી હોય છે. અને સાચી રીતે ઈશ્વરને યાદ કરીને માગીએ તો તે આપે પણ છે તો પેલો ભિખારી આપણા ઘરના દરવાજે આવીને માગે તો.. આપણને આપતાં શું નડે છે ? એ જ સમજાતું નથી.. અહીં બધા કુટુંબો ભિખારીને નથી આપતા એવું પણ નથી.. ઘણા તો એવા લોકો અહીં છે કે જેઓ દરવાજે આવે તેને આપે જ છે પણ પોતે જાતે જઈને જ્યાં જ્યાં ગરીબ લોકો રહે છે તેમને જમવાનું, પહેરવા કપડાં આપે છે સરાહનીય બાબત છે કે અહીં આવા પણ લોકો વસે છે.

કોઈક સ્થળે રામાયણ, ભાગવત કે શિવ પુરાણ કથા ચાલુ હોય ત્યારે અબોલ જીવ એવા ગાયો માટે દાન આપવાનું કહેવામાં આવે છે અને આપણે વિચારતા હોઈએ છીએ કે, દાન લખાવું કે ન

### સંવેદના

**પ્રવીણ એમ. નાઈ**

લખાવું.. પછી માંડ માંડ દાન લખાવવા ઉભા થઈએ ને ઘરથી યાદ આવે પછી પરાણે મનને સમજાવે કે આપણું તો છે જ તો ઘરવાળાને પુછીને આપું.. બીજા દિવસે પુછીને આવ્યા હોઈએ ત્યારે આપના મનની સ્થિતિ જ બદલાઈ ગઈ હોય છે.. અને આપણે દાન લખાવી પણ શકતા નથી આપી શકતા નથી એવું સાંભળેલ કે કોઈક ભાગવત કાર્ય ચાલુ હોય ત્યાં કોઈપણનું દાન આપવું શ્રેષ્ઠ ગણાય છે. પછી તે ગૌદાન હોય, ભુમિદાન હોય કે ધનનું દાન હોય.. વિશેષ ફળ મળે છે. કોઈક સંતે ખરૂં જ કહ્યું છે કે સદ્કાર્યમાં જતું દાન જમીનમાં વાવેલા બીજ સમાન છે. જેમ બીજ વાવીએ અને જ્યારે તે ઉગ્યા બાદ ફાલે ફુલે અને એક કણમાંથી

હજારો કણ મળે પરત મળે, એવી રીતે સદ્કાર્યમાં આપેલ દાન પણ પરત મળે ત્યારે તેની ગણતરી થઈ શકતી નથી.. વિશેષ વધારો થાય છે. એવું કહેવાય છે કે માતા પિતાએ સંતાનોને બધું ધન સંપત્તિ આપી ન દેવી. અમુક ભાગ પોતાની કીર્તી માટે, અમુક ભાગ કોઈક સદ્કાર્ય માટે અને અમુક જ ભાગ વારસામાં સંતાનોને આપવું જોઈએ. બધી જ સંપત્તિ સંતાનોને આપી દેવામાં આવે તો તે નફ્ફટ પાકે છે. સંતાન કંઈક જાતે ફરીથી ઉત્પન્ન કરી શકે તેવી રીતે પ્રમાણસર ધન સંતાનોને આપવું જોઈએ.

જેને જેને દાન આપ્યું છે તેની કીર્તિ કોઈ દિવસ ઓછી થઈ નથી. વિરપુરની જલાબાપાની જગ્યા કે બાપા સીતારામવાળી જગ્યાએ તો વિશેષ નામ મેળવ્યું છે પણ અહીં આ ધરા ઉપર કેટલીય જગ્યાઓ છે કે ત્યાં હાલ પણ ચોવીસ કલાક ભોજન મળી રહ્યું છે. ન કોઈ સ્વાર્થ, ન કોઈ નામની મહેચ્છા તો પણ હજારો માણસો પોતાના ખર્ચે સેવા કરી રહ્યા છે. એક વાર કોઈક સદ્કાર્યમાં આપી તો જુઓ પછી આપોઆપ બધું જ પરત આવે છે. એકવાર હાથ વળે પછી તો બેડો પાર થઈ જાય છે.. એવું શાસ્ત્રોમાં કે સંતો પાસેથી સાંભળેલું છે.. ઉતરાયણ કે નવા વર્ષ જેવા વિશેષ તહેવારમાં આપણે દાન આપીએ તેનું ફળ વિશેષ મળે છે એ વાત સાચી પણ.. અન્ય દિવસોમાં પણ દાનનું મહત્વ વિશેષ જ રહે છે. જેને જરૂર છે તેને આપો ઈશ્વર બધું જ દેખે છે મંદીરોમાં જયાં જ્યાં પૈસાની જરૂર છે ત્યાં ત્યાં જરૂર આપો, પણ શિયાળાની કડકડતી ઠંડીમાં જે ગરીબ લોકો છે તેમને આપવાનું ન ભુલીએ.. મંદિરની દાનપેટીમાં એકાદ વખત ન નાખીએ તો કંઈ ભગવાન વઢશે નહીં પણ એ જ પૈસા કોઈ ભિખારીને અનાજ અને વસ્ત્ર લાવવા આપીશું તો કદાચ ઈશ્વર વધુ રાજી થશે..

**પ્રવીણ એમ.નાઈ**
**રતનગઢ**
**(તા.કાંકરેજ)**

## બ્રેસ્ટ કેન્સરને માત આપવા એચસીજી દ્વારા 'ફોરએવર એલિગન્ટ'ની રજૂઆત




અમદાવાદ

કેન્સર કેરમાં સ્પેશિયાલિસ્ટ એચસીજી દ્વારા ઓકટોમ્બર મહિનાને બ્રેસ્ટકેન્સર અવેરનેસ મન્થ તરીકે ઉજવવામાં આવે છે. બ્રેસ્ટ કેન્સરના વહેલા નિદાન માટે જાગૃતિ કેળવવાના હેતુથી 'ફોરએવર એલિગન્ટ' નામે એક ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું. સમગ્ર વિશ્વમાં બ્રેસ્ટ કેન્સરના કેસિસ વધી રહ્યાછે અને દર વર્ષે અંદાજે ૧.૭ મિલિયન નવા કેસિસનું નિદાન થાય છે. આ પ્રકારનું કેન્સર મૃત્યુનું એક મોખરાનુંકારણ પણ છે અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ૨૦૧૫માં અપડેટ કરાયેલી બ્રેસ્ટ કેન્સર ફેકટ શીટ મુજબ, દર વર્ષેઆ પ્રકારના કેન્સરથી ૫,૨૦,૦૦૦ મૃત્યુ થાય છે. આ એક ચિંતાજનક સ્થિતિ છે અને બ્રેસ્ટ કેન્સરને માગ આપવા માટે સમયસર નિદાન તથા જાગૃતિ કેળવવી બહુ મહત્ત્વની છે. એચસીજી દ્વારા યોજાયેલ ફોરએવર એલિગન્ટ ઈવેન્ટમાં કેન્સર સામેની લડતનાં આધ્યાત્મિક, શારીરિક અને માનસિક પાસાં આવરી લેવામાં આવ્યાં હતાં. આ ઈવેન્ટમાં ભાગ લેનારા લોકોએ અમદાવાદ સ્થિત લેખિકા, સ્ક્રીનરાઈટર, રેડિયો પર્સનાલિટી અને જર્નલિસ્ટ કાજલ ઓઝા વૈદ્ય સાથે જીવન તરફના એક નવા દૃષ્ટિકોણ વિશે પ્રશ્નોત્તરી કરી હતી. આ ઈવેન્ટમાં નેહાઝ ફિટનેસ સ્ટુડિયોના નિષ્ણાંતો દ્વારા એક મનોરંજક અને ઊર્જાભરી ફિટનેસ વર્કશોપ પણ યોજાઈ હતી જેનાથી લોકોને રોજિંદા જીવન દરમ્યાન કરી શકાતી કસરતો શીખવા મળી હતી. "વિદેશોમાં જાગૃતિ અને વહેલા નિદાનને કારણે દર્દીઓના સર્વાઈવલની શક્યતા વધી જાય છે. હવે અમે યુવાન વયની વ્યકિતઓમાં કેન્સરના કેસિસ વધતા જોઈ રહ્યા છીએ અને મોડા નિદાનને કારણે દર્દીના લાંબા ગાળાના સર્વાઈવલની શક્યતાઓ ઘટી જાય છે.

હેલ્થકેર ગ્લોબલ એન્ટરપ્રાઈસીઝ લિમિટેડ (એચસીજી) બેંગાલુરુમાં મુખ્ય મથક ધરાવે છે અને તે ભારતમાં સૌથી વિશાળ કેન્સર કેર પ્રોવાઈડર છે. સમગ્ર ભારતમાં ૧૯ કોમ્પ્રીહેન્સિવ કેન્સર કેર સેન્ટર્સના નેટવર્ક દ્વારા એચજીસીએ લાખો લોકોને ઘરઆંગણે કેન્સર સંભાળ પૂરી પાડી છે. એચસીજીનાં કોમ્પ્રીહેન્સિવ કેન્સર કેર સેન્ટર્સ એક જ છત્રહેઠળ કેન્સરના નિદાન અને સારવાર માટે એકસપર્ટાઈઝ અને લેટેસ્ટ ટેકનોલોજીસનો લાભ આપે છે.

## અમેઝોન સૌથી વધુ લેણદેણ કરનારા ગ્રાહકો અને ઓ-ર્ડરના હિસ્સા સાથે આ તહેવારની મોસમમાં અવ્વલ રહી

બેન્ગલુરુ

૨૧ સપ્ટેમ્બરે શરૂ થયેલો ધ ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ અમેઝોન.ઈન માટે સૌથી ભવ્ય શોપિંગ મોસમ રહી હતી. અમેઝોન.ઈન દ્વારા ત્રણ સમર્પિત સેલ્સ ૨૧-૨૪ સપ્ટેમ્બર, ૪-૮ ઓક્ટોબર અને ૧૪-૧૭ ઓકટોબરે તેનો ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ આયોજિત કર્યો હતો.આ એક મહિના લાંબી ચાલેલી ઉજવણી દરમિયાન અમેઝોન.ઈને લાખ્ખો ગ્રાહકો આકર્ષીને ભારતમાં સૌથી લોકપ્રિય શોપિંગ સ્થળ તરીકે પરંપરા જાળવી રાખી છે. આઈએમઆરબી અધ્યયન અનુસાર અમેઝોન.ઈન પર કોઈ પણ અન્ય ઓનલાઈન સ્થળ કરતાં ગ્રાહકોએ વધુ લેણદેણ કરી હતી. આ અધ્યયનમાં એવું પણ જણાવાયું છે કે અમેઝોન.ઈન આ તહેવારની મોસમમાં સૌથી વધુ ગ્રાહકોની સંખ્યા અને મહત્તમ સંખ્યામાં અપાયેલા ઓર્ડરો સાથે આગેવાની જાળવી રાખી છે.પ્રાઈમ જુલાઈ ૨૦૧૭થી બેગણી મેમ્બરશિપ સાથે આ મહોત્સવ દરમિયાન બેસ્ટસેલર તરીકે ચાલુ રહી છે. ભારતે આરંભિક વર્ષમાં પ્રાઈમ મેમ્બર્સની સૌથી વધુ સંખ્યા નોંધાની છે, જેઅમેઝોન પ્રાઈમ ઉપલબ્ધ છે એવા ૧૩ દેશોમાં સૌથી ઝડપથી વૃદ્ધિ છે. ગ્રાહકોએ ચુકવણી કરવા માટે અમેઝોન પેને ભરોસાપાત્ર અને સુવિધાજનક પદ્ધતિ તરીકે વોટ આપ્યો છે અને અમને અગાઉ કરતાં પણ વધુ બેલેન્સ ટોપ અપ તહેવારમાં નવા ગ્રાહકોએ કરાવ્યું હોવાનું જોવા મળ્યું છે. વધુ ને વધુ ગ્રાહકો તેમના ઓર્ડરો સામે ચુકવણી કરવા માટે અમેઝોન પેનો ઉપયોગ કરી રહ્યા છે.

## ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે !

ભારતીય સંસ્કૃતિમાં જીવનની એકે-એક ક્ષણને ઉત્સવ સમજવાની સનાતન વાત છે. આનાથી સ્વ માટેની જાગૃતિ કેળવાય છે તેથી એકંદરે જાગૃત સમાજની રચના થાય. દરેક કાર્ય સભાનતા પૂર્વક થાય તો વ્યવસ્થા એની મેળેજ જળવાય. ભારતમાં અંગ્રેજો આવ્યા તે પહેલાના આક્રમણો આપણી વ્યવસ્થાને બદલવા સક્ષમ હતા. વિભાજનના કારણો સમજ્યા વિના આપણે વધારે વિભાજીત થઇ ગુલામી વહોરી લીધી. આઝાદ ભારતનું યાદગાર, દુ:ખદ વિભાજન હિન્દુત્વ માટે ઘાતક પૂરવાર થયું . ગુજરાતના રાજવી પરીવારની અટક વાળી વ્યક્તિને દલિત કરાર આપી અનામતનો લાભ આપવાના બહાને નિમ્ન ગણાવી દીધા અને આપણે સ્વિકારતા પણ ગયા.

"મહાત્મા" શબ્દથી આપણે કેટલા અંજાઈએ છીએ તેની પરાકાષ્ઠા સાધુ બાવાઓના સમાચારો આપીજ રહ્યા છે. વકફ બોર્ડ કોર્ટના આદેશને નકારી શકે છે તેવી પણ વાતો સાંભળવા મળતી હોય ત્યારે હિન્દુત્વના સાચા નિયમોની રજૂઆત કરનાર બોર્ડ કયુ? અગ્રણી લોકો કે રાજકારણીઓ આવા વખતે ક્યાં શોધવા એવો સવાલ ઉદભવે છે !

"લખેલું વંચાય"ના ન્યાયના નિયમો માટેનુ લખાણ કયાં છે !? અને તેની રજુઆત કોણ કરે !? એકતા વિના બળની માત્રા ન દેખાડી શકાય. અભિવ્યક્તિની સ્વાતંત્રતા, ખોટી સમજ જેએનયુ કે વિવિધ ધર્મ સ્થાનમાં આપણે જોઈ શું રહ્યા છીએ !? આ બાબતે સભાનતા પૂર્વકની અભિવ્યક્તિ કેળવવી જરુરી છે.

માત્ર ફટાકડા ફોડવાથી સમસ્યાનું નિવારણ આવી જતુ હોય તો તે કરવું જોઈએ. આજકાલ સોશીયલ મિડીયા દ્વારા ફરતા ધર્મ અંગેના ખરા-ખોટા વિચારોમાંથી બહાર નિકળીએ, તેની સાચી વાત પ્રચલિત કરવાથી સ્વસ્થ સમાજ ઉભો થશે. શિવલિંગ પર અભિષેક તેની રેડિયો એકટીવીટી ઓછી કરવા માટે નથી. સાચી સમજ અને સચોટ રજૂઆત વિના પરીવર્તન શક્ય નથી.સમાજની એકતા તોડવાની મેલી મુરાદ ધરાવનારાનો અંધ સાથ આગામી સમય/પેઢી માટે દુષ્કર ન બની જાય તે જોવા, સમજવાની સૌની નૈતિક ફરજ કે રાષ્ટ્ર ધર્મ છે ! એકાદ બે નિર્ણય નહી પણ સમગ્ર સમાજ વ્યવસ્થા બદલાય તો જ બદલાવ શક્ય છે. દ્રૌપદી વસ્ત્રાહરણ બાદ પાંડવોની માનસિકતા ઈતિહાસમાં ચિતરાયેલી જ છે.

**- વિકેશશાહ દાંતીવાડા**

## દુર્ભાગ્ય

હંમેશની જેમ અનિકેત આવ્યોને અનિતાના ચહેરા ઉપર અણગમાના અને લાચારીના ભાવ આવી ગયા. હળવા નિ:શ્વાસ અને ઉહુકારાના અવાજો બંધ ઓરડામાં ગૂંજી રહ્યા. ક્ષણો વીતી ગઈને અનિકેત બંધ ઓરડામાંથી રવાના થયો અનીકેતના ચહેરા ઉપર તૃપ્તિનો એક અદ્ભુત અણસાર હંમેશની જેમ નજરે પડ્યો ને અનિતાનો ચહેરો જાણે કે લેવાઈ ગયો. મધ્યવયસ્ક અનિકેતને મધ્યવયસ્ક અનિતાનું આ મિલન પહેલું વહેલું ન હતું. આ સીલસીલો ઘણો પુરાણો હતો. અનિતા કીંકર્તવ્ય મૂઢ બની પલંગ પર બેસી રહી. સામેના અરીસામાં તે પોતાના દેખાવડા પ્રતિબીંબને જોઈ રહી ને જુના - નવા સ્મરણોમાં ખોવાઈ ગઈ. આદમકદના અરીસા સામે જોઈ તે પોતાની જાતને કહેતી હોય એમ કહેવા લાગી શું હું પાપી છું ? શું હું વ્યાભીચારી છું ? શું આ બધું હુ મારા પોતાના સ્વાર્થ માટે જ કરું છું ? પણ તેના આ બધા સવોલોના જવાબો આ નિર્જીવ અરીસા પાસેથી મળવાના ન હતા. થોડા દિવસો પહેલાનો એક બનાવ જાણે કે તેને બધા સવાલોનો જવાબ આપતો હોય એમ યાદ આવવા લાગ્યો.

મમ્મી - મમ્મી તારે અને આ અનિકેત અંકલ સાથે શું સંબંધ છે ? આપણા ગામના અને મહોલ્લાના અમુક લોકો ગંદી - ગંદી વાતો કરે છે. મને નથી ગમતું ચૌદ વર્ષની અવની જે આઠમા ધોરણમાં ગામની શાળામાં અભ્યાસ કરતી હતી તેણે એક સાંજે અનિતાને આવો લાગેલો જ સીધો મુંહતોડ સવાલ કર્યો હતો. અવનિના આવા સવાલથી અનિતાને જાણે કે ધરતીમાં સમાઈ જવાનું મન થયું હતું દીકરીના આવા કારમા સવાલથી આજે પહેલીવાર અનિતાને અફસોસ થયો હતો. આમ તો અનિતાને દુનિયાની કશી જ પડી ન હતી પરંતુ આ સંબંધથી પોતાની દીકરીના દિલને ઠેસ પહોંચી એ જાણ્યા બાદ તેને પારાવાર અપરાધ ભાવનાનો ગાઢ અનુભવ થયો હતો.

અવનિના પિતા અવિનાશને અનિકેત બંન્ને ખાસ મિત્રો હતા. જયાં સુધી અવિનાશ જીવતા હતા ત્યાં સુધી આડી નજરે જોયા સિવાય અનિકેતે અનિતા સાથે કોઈ છૂટછાટ લીધી ન હતી. અમુક વાર જયારે અવિનાશ ઘેર ન હોય અને જયારે કોઈક વાર જો અનિકેત ઘેર આવી જાય ત્યારે ટગર ટગર નજરે અનિતાને જોઈને તે ત્યાં રોકાયા વગર ચાલ્યો જતો. આમ પણ અનિતાનું સ્વરૂપ જ એવું હતું કે કોઈપણ મરદ તેને જોયા સિવાય રહી ન જ શકે. આખરે લગભગ છ વર્ષ પહેલા એક ભયાનક ઘટના જેને દુર્ઘટના કહી શકાય એવી ઘટના બની હતી. બાજુના શહેરમાં કામસર ગયેલ અવિનાશને અકસ્માત નડ્યો હતો. જુવાનજોધ અવિનાશ પોતાના પાછળ જુવાનજોધ પત્નિને અને નાની દીકરીને વિલાપ કરતાં છોડી ગયેલ હતા. થોડા દિવસ વીતી ગયા હતા. બધી ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ પણ અનિકેત અનિતાના સાથે જ રહ્યો હતો.

ઓરડાના એ દિવસના એકાંતમાં ભાવાવેશમાં આવી ગયેલ તેણે અનિતાને પોતાની બાહોમાં ભરી દીધી હતી. અનીતાએ પણ ભાવાવેશમાં અનીકેત સાથે છુપા સંબંધની શરૂઆત કરી દીધી હતી. બંધ ઓરડામાં પ્રથમવારના મિલનમાં અનિકેત અનિતાને કહ્યું હતુ અનિતા તારે જે જરૂરત હોય તે મને કહેજે હું તારી જરૂરત પુરી કરીશ પૈસાનો ટેકો જોઈતો હોય કે, અન્ય પણ કોઈ જરૂરત હોય તો કહેજે અને અનિકેત તરફથી મળેલ આમંત્રણ અનિતાએ હોંશે હોંશે સ્વીકાર્યું હતું ત્યારબાદ અનિતાની બધી જરૂરતો અનીકેત પુરી કરતો અઠવાડીયે એકાદવાર આવી ને તે અનિતાની શારીરીક જરૂરીયાત પણ પૂરી કરતો.

અનીકેતે તો એક દિવસ એમ પણ અનિતાને કહ્યું હતું કે અનિતા હું તારી સાથે લગ્ન કરવા માગું છું. તારા સમાજને તને પસંદ હોય તો આપણે લગ્ન કરી લઈએ. ત્યારે અનિતા એ આ બાબતમાં પોતે મજબૂર છે એમ જણાવી ને અનિકેતને વાર્યો હતો.

સ્મરણો ના ઘૂઘવતા દરીયામાં જાણે કે અનિતા આમથી તેમ ને આડી અવળી ઘુમરાતી હતી. અનિકેત સાથે સંબંધનો વિચ્છેદ કરી શકાય તેમ ન હતું. અનિતાને સમજાતું ન હતું કે આ દુર્ભાગ્યનો અંત કેમ કરી આવશે ? ક્યારે આવશે ?

**- સમીર બારોટ (ચંડીસર)**

## ઉપર્સગ - પરિષહ વખતે સ્થિરતા કોના આધારે ?

પ્ર. પ્રભુશ્રી મહાવીર - વર્ધમાન સ્વામી માનવના - દેવ આદિના ભયંકર ઉપસર્ગો વખતે શાંત - પ્રશાંત શી રીતે રહી શક્યા ?

જ. શરીરમાં કાંટો ઘૂસ્યો હોય તો એ કાઢવા માટે બીજો કાંટો ઘૂસાડવો પડે છે...શરીરમાં નકામો ભાગ હેરાન કરતો હોય તો ઓપરેશન કરી એને કાઢવાની પ્રોસેસ વખતે સમજુ વિવેકી માનવ એને ઉપકારી સમજે છે. બસ એ જ રીતે આત્મામાં ઘૂસી ગયેલા નિકાચત કર્મો ગોવાળ વગેરેના ઉપર્સગ વગર નિકળે એવા નહોતા એમ વિચારી પ્રભુ એમ સમજતા હતા કે 'આ ગોવાળ વગેરે એફ.આર.સી.એસ લંડન રિટર્ન ડોકટર છે... એ મને હેરાન કરતા નથી નિકાચિત એવા કર્મોને મારા આત્મા પરથી દૂર કરવા માટેની હિતકારી પ્રોસેસ કરી રહ્યા છે, મને કર્મમુક્ત કરવા માટે ઉપકારી છે. ઉપકારી જ્યારે ઉપકાર કરતા હોય ત્યારે રાડારાડી - બૂમાબૂમ કોણ વિવેકી કરે ? ન જ કરે. કર્મ ખપાવાનો અવસર આવો ફરી ક્યારે મળશે પ્રાણી !

## જિનેશ્વરદેવના સર્વ ઉપદેશનું રહસ્ય (significance)

શ્રી જિનેશ્વર દેવો...એ ઓ ભવ્ય જીવોને માર્ગદર્શન આપે જીવ માટે હિત શું ? અહિત શું ? હિત પ્રાપ્તિ કેવી રીતે થાય ? અહિતથી નિવૃત્તિ માટે શું શું કરવું ? સમજી લો જાણો gndicotor stone...રસ્તા પરનો માર્ગદર્શક પત્થર... મનુષ્ય - તિર્યંચ આદિગતિ - મોક્ષગતિ આદિની પ્રાપ્તિ કેવી કેવી રીતે થાય ? તેની સાચી સમજણ આપવાનુ કામ કરે. ઉપદેશ આપે... એ સર્વ ઉપદેશનું રહસ્ય જણાવે છે.

**અપ્પા ખલુ સયયં રકિરવઅવ્વો! સવ્વિંદ્રિણિંહ સુસમાહિણિહમ !**
**અરકિખ ઓ જાઈપહે રૂવેદ્ર, સુરકિખ ઓ સવ્વદ્રુહાણ મુચ્ચઈ !**
**(દશવૈકાલિક ચૂ.૨-૧૬)**

દશ દષ્ટાંતે દુર્લભ માનવ દેહ - એમાં મળેલી પાંચે ઈન્દ્રિયોની પટુતા - મન - બુધ્ધિ આ બધું પુણ્યથી મળે છે. સાચું પુણ્ય તે જ જાણવું જેના સદઉપોયગ દ્વારા આત્મા નિર્ભય સુંદર ગુણ પ્રાપ્તિ દ્વારા સુખી થાય પુણ્યથી મળેલી આ બધી સામગ્રી નિત્ય એવા આત્માની રક્ષા માટે અર્થાત અનાદિ કાળથી આત્માને દુ:ખી કરતા આંતર શત્રુઓ જેવા કે રાગ; (affection - liking) દ્વેષ; (hatred - dis-likeng)કામ; (sensual - sexual pleasure )ક્રોધ; (anger) મદ; (tintoxication) માન; (pride) આદિથી બચવા માટે છે. પુણ્યથી મળેલી આવી સુંદર સામગ્રીથી આત્માને સર્વેયા - સર્વથા સુખી કરવો જોઈએ.પુણ્ય દ્વારા મળેલી સુંદર સામગ્રીથી શારીરીક - પોદ્ગલિક (pertaining to body) સુખ પ્રાપ્તિ એ વાસ્તવિક સુખ પ્રાપ્તિ છે જ નહી - સુખ પ્રાપ્તિની ભ્રમણા છે. - સ્વપ્નાની સુખડીની જેમ આત્માની ભૂખ દૂર કરી શકનાર નથી. સારી રીતે ઝાઝવાના જળની જેમ આત્માની તૃષા છીપાવનાર નથી. સારી પાળેલું - પોષેલું અલમસ્ત બનાવેલું શરીર નાશ પામે છે. અને તેના દ્વારા આચરેલા - દુષ્કર્મો આત્માને રક્ષાવિનાનો બનાવી જન્મ - જશ - મૃત્યુ આદિ વિડંબણાઓનો ભોગ બનાવે છે. માટે જ વીતરાગ - સર્વજ્ઞ શ્રી જિનેશ્વર દેવનો અત્યંત ઉપયોગી (usefal) ઉપદેશ સમજી લો:- આત્માને સુરક્ષિત બનાવો સુરક્ષિત બને લો સુંદર ગુણવંત આત્મા સર્વકાળને માટે - સર્વથા દુ:ખથી મુક્ત બને છે - શાશ્વત સુખનો ભોગી બને છે...- **પં.શ્રી ગુણસુંદર વિજયજી ગણી**




# શિસ્ત જાળવવા માતાપિતા બાળક ઉપર અંકુશ લાદે છે

**માતાપિતા શિસ્તને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે**

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અને માહિતી સભર અભ્યાસમાં જાણવા મળ્યું છે મોટા ભાગના માતાપિતા ઘરમાં શિસ્તને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. શિસ્ત જાળવવા માટે તે દરેક પગલા લે છે. બાળકોને શિસ્તમાં રાખવા માટે તેમના પર નિયંત્રણો પર લાદે છે. અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે ૬૫ ટકા ભારતીયો તેમના બાળકોને શિસ્તમાં રાખવા માટે હાથ ઉપાડે છે. આ અભ્યાસ ૧૦ શહેરોને આવરી લઈને કરવામાં આવ્યો હતો જેમાં અમદાવાદ અને સુરતને પણ આવરી લેવામાં આવ્યા છે. અભ્યાસમાં જાણવા મળ્યું કે જ્યારે માતા-પિતા ખૂબ જ નારાજ થઈ જાય છે ત્યારે બાળકોને સજા આપતા હોય છે. અમદાવાદ, મુંબઈ, સુરત, પૂણે, ચેન્નાઈ, બેંગ્લોર સહિતના ૧૦ શહેરોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું કે આશરે ૬૫ ટકા માતા-પિતા તેમના બાળકોને સજાના ભાગરૂપે ફટકારે છે. ૧૪ ટકા માતા-પિતા એક સપ્તાહમાં એક વખત તેમના બાળકોને સજાના ભાગરૂપે ફટકારે છે. આશ્ચર્યજનક બાબત એ છે કે પિતાની સરખામણીમાં માતાઓ તેમના બાળકોને સજા કરવામાં આગળ રહી છે. આમા પણ ગૃહિણીઓ નોકરી કરતી મહિલાઓની સરખામણીમાં બાળકોને શારીરિક સજા વધુ કરે છે. બાળકોને માર મારવા

અનુસંધાન પાના નં.૬ ઉપર



# 'જલન બળતરા'

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

દરેક વ્યક્તિની આંતરિક શક્તી જુદી જુદી હોય છે. એક જ ઘરમાં રહેતા સગાભાઈબહેનોની પ્રકૃતિ જુદી હોય છે. એટલું જનહીં બે જુડવા ભાંડરૂઓની પ્રકૃતિ પણ જુદી હોય છે. એકને તડકો સહન થાય છે અને એકને ઠંડક પસંદ આવે છે. માનસિક લક્ષણો પણ ભિન્ન હોય છે. એક શાંત પ્રકૃતીનું હોય છે એક તામસી હોય છે. સ્વાદમાં એકને તીખાશ ભાવતી હોય છે એકને મીઠાશ કે મીઠાઈ ભાવતી હોય છે. એક હોંશિયાર હોય છે બીજું ડલ કે કમજોર હોય છે. એક બહાદુર, હિમ્મતવાળું હોય છે. એક ડરપોક, બીકણ હોય છે એક આનંદી હોય છે બીજું ગુસ્સાવાળું હોય છે. એકને પાચનક્રિયા સારી હોય છે જે ખાય તે પચી જાયછે બીજાને અપચો થાય છે જે ખાય તે પચતું નથી. ઉલટી કરીને ખોરાક કાઢી નાખે છે. અથવા ઝાડા થઈ જાય ને બધો જ ખોરાક નીકળી જાય છે. એકને મનોરંજન માણવું ગમે છે, બીજાને મનોરંજન કે સંગીત ગમતાં નથી. ઉદાસ રહે છે એક આખો દિવસ પ્રવૃત્તિમાં રહી સ્ફૂર્તિમય રહે છે બીજો આળસુ હોય છે આખો દિવસ પડયા રહેવુ ગમે છે, બે કદમ ચાલવા પણ ગમતાં નથી.

આજે આપણે એવા મુદાની વાત કરીશું કે ઈશ્વરે માનવીની શરીરની રચના કરી છે. શિયાળો, ઉનાળો કે ચોમાસુ આવે તેમાં માણસ પોતાના શરીરને વસ્ત્રો દ્વારા કે બાહ્ય ઉપચારો દ્વારા કે ખોરાક વિગેરેથી શરીરના તાપમાનને સમતોલ રાખે છે.

શરીરના વિભિન્ન અંગોમાં તાપમાનમાં જુદા જુદા કારણોને લીધે અંગોમાં ગરમી લાગે, અને બળતરા થતી હોય છે. જેમ કે શરીરમાં તાવ આવે ત્યારે માથાથી પગ સુધી બળતરા થતી હોય છે. અસહ્ય તડકો લાગે, સનસ્ટ્રોક થાય ત્યારે માથું કે કપાળમાં ગરમાવો થઈ બળતરા થતી હોય છે. આંખોમાં કન્જેકટીવાઈટીસ થાય તો આંખો લાલ થઈ બળવા લાગે છે. મોંઢામાં ચાંદા પડે તો જીભ કે મોંઢામાં બળતરા થાય છે. શરદી, ખાંસીને લીધે નાક તેમજ ગળામાં બળતરા થાય છે, કાકડા (ટોન્સીલ્સ) ને લીધે ગળામાં બળતરા તેમજ દુઃખાવો થાય છે. પેટમાં એસીડીટી, અલ્સરને લીધે છાતીમાં તેમજ હોજરીમાં, આંતરડામાં બળતરા થાય છે, કીડનીમાં પથરી થાય કે પેશાબના રોગોને લીધે પેશાબમાં બળતરા થાય, પાઈલ્સ, મસા કે ભગંદરને લીધે સંડાસના ભાગમાં બળતરા થાય, બ્હેનોને માસિક ધર્મમાં બળતરા થાય, જનનાંગોમાં બળતરા થાય.

આ સિવાય ચામડીના રોગો તજાગરમી તેમજ આ સિવાય શરીરની જુદી જુદી વ્યાધિઓમાં બળતરા થતી હોય છે. આજે આપણે બળતરા વિશે લક્ષણ પ્રમાણે હોમિયોપેથીક દવાઓ આપવામાં આવે છે.

**બળતરા (બર્નીંગ)ની દવાઓ:**

**૧.સલ્ફર :** આખા શરીરમાં બળતરા થાય, પેટમાં બળતરા થાય, પેશાબમાં બળતરા થાય, ચામડીમાં બળતરા થાય, હાથપગના તળીયામાં બળતરા થાય, માથામાં દુઃખાવો સાથે બળતરા થાય, જ્યારે તાવ આવે ત્યારેપગથી માથા સુધી બળતરા થાય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે.

હોઠ, કાન, નાક આંખોમાં સંડાસના ભાગમાં તેમજ બહેનોના પ્રાઈવેટ પાર્ટસમાં લાલ થઈ અને બળતરા થાય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે. આ દવાનું ખાસ લક્ષણ એ છે કે ઠંડા વાતાવરણથી, ઠંડા ખોરાકથી તેમજ ઠંડા પાણીનો ઉપયોગ કરવાથી બળતરા મટે ત્યારે આ દવા આપવામાં આવે છે.

**૨. કન્થારીસઃ** આખા શરીરમાં બળતરા થાય જાણે અગ્નિમાં શેકાતા હોઈએ તેવી અનુભુતિ થાય, ગળામાં બળતરા થાય, અંડાશય ઓવરીમાં બળતરા થાય,

.અનુસંધાન પાના નં.૬ ઉપર

# હઠીલો વ્યાધિ – શ્વાસ

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

એવું લખાણ છે કે ૧૨૦ વર્ષની ઉમરે ભગવાન શ્રીકૃષ્ણે સૌરાષ્ટ્રમાં દેહત્યાગ કર્યો ત્યારે મથુરામાં વસુદેવજી કહેછે કે, પિતા પહેલા પુત્ર નો દેહત્યાગ......ટૂંકમાં મૃત્યુ સૌને માટે નિશ્ચિત છે છતાં પણ દરેક રોગ નો ઉમર સાથે પણ સંબંધ છે. હેડકી અને શ્વાસ એ ઘડપણ ના જ નહિ, એક સમયે તો માત્ર અંતકાળે જ થતા હતા. પરંતુ આજે તો પાંચ વર્ષના બાળકને પણ પૂછવું પડે કે, શ્વાસ ચડે છે? આજની આ સ્થિતિ ને માટે તમે કદાચ કળિયુગ ને જવાબદાર ગણી ને પલાયન વાદી બનશો, પરંતુ હુંઆજે મારા ૩૩ વર્ષના અનુભવથી કહીશ કે, જે બાળક નું સંવર્ધન ગર્ભમાંથી જ આયુર્વેદ આધારે થયું હોય તેની તન, મન, બુદ્ધી, સ્મૃતિની જીવનભરની તંદુરસ્તી બેજોડ હોય. આજે આપણે આપણું ભૂલ્યા, સાચો આયુર્વેદ ભૂલ્યા, ભારતીય જીવન પદ્ધતિ ભૂલ્યા તેનું આ પરિણામ છે.ઘરના આંગણા માં તુલસી હોય ને શરદી માં, અરડૂસી ને શતાવરી ની વેલ હોય ને શરીર માં થી લોહી વહી જાયત્યારે, લીમડો બાજુમાં હોય ને ઓરી, અછબડા, ગરમી ને ગુમડા થયા હોય ત્યારે દવાઓ માટે દર- દર ભટકીયે ત્યારેઆપણા થી અધિક કોણ અભાગી?

શ્વાસ રોગના પાંચ પ્રકાર છે. ૧, ઊર્ધ્વ શ્વાસ. ૨, મહા શ્વાસ. ૩, છિન્ન શ્વાસ. ૪, તમક શ્વાસ. ૫, ક્ષુદ્રશ્વાસ. તેમાં તમક ને ક્ષુદ્ર શ્વાસ જ મટી શકે છે. અન્ય ત્રણ પ્રકારના શ્વાસ તો બળવાન માણસને તેનાં અવ્યક્ત લક્ષણોસાથે હોય તો જ મટે છે.મહર્ષિ ચરક કહે વાયુને કફથી થતો તમકશ્વાસ એ મૂળ તો પિત્તના સ્થાન માંથી ઉત્પન્ન થાય છે અને આખાયવર્ષમાં સૌથી વધુ પિત્તનો પ્રકોપ શરદ ઋતુમાં થાય છે. તેથી શરદમાં કે શરદ આવે તે પહેલા જો પંચકર્મ પદ્ધતિથીવિરેચન કરાવી લેવામાં આવે તો પિત્ત ના રોગો થાય જ નહિ. તેથી તેમણે સૂત્ર આપ્યું કે,

વિરેચન કર્મ એટલે ઝાડા કરાવવા તેટલો મર્યાદિત અર્થ રખે કરતાં. વિરેચનથી શરીરની ઈન્દ્રિયો પ્રસન્ન થાય, પિત્તના, શ્વાસના, લોહી બગાડના, ચામડીના, વાયુના, પેટના, ગર્ભાશયના, પક્ષાઘાત- લકવાના, માનસિક રોગોમટે છે કે મટવાની શરૂઆત થાય છે. અહી ૩ થી ૫ દિવસ કકડી ને ભૂખ લગાડી, રોગ પ્રમાણે સિદ્ધ ઘીથી શરીરને તૃપ્ત કરવામાં આવે પછી ત્રણ દિવસ આખા શરીરે માલીસ ને શેક આપવામાં આવે, તે પછી વૈદ્ય ઝાડા કરાવે તે વિરેચન છે. જેપંચકર્મ વૈદ્ય પાસે જ કરાવવું. વિરેચન કરાવ્યા બાદ યોગ્ય આયુર્વેદ સારવાર લેવામાં આવે તો જ શ્વાસરોગ સંપૂર્ણતઃ મૂળથી મટે છે.

આજે તો એકટીફેડ, ડેરીફાયલીન ને એલર્જી ની દવાઓ થી શરુ કરીને બેટનેસોલ, ડેક્ઝોના જેવા સ્ટીરોઈડથી શ્વાસને કાબુમાં રાખી ને લોહી, હાડ, માંસ ને શુક્ર ધાતુનો શોષ થાય પછી અંતિમ તરણું આયુર્વેદનું સમજીને આવે પછી કેવી રીતે ઝડપી મટે? અને બુદ્ધુ લોકો આયુર્વેદને બદનામ કરે કે ભાઈ, દેશી દવા તો ધીરે ધીરે મટાડે. અરે ભાઈ! આયુર્વેદ તો માતા સમાન છે. તે ખબર પણ ન પડતાં દર્દ ને મૂળથી, સરળતાથી મટાડી દે છે.

આવો..... આયુર્વેદને અપનાવો....... ને સ્વસ્થ જીવન થકી દૈવી, તેજસ્વી જીવન જીવવાનો સંકલ્પ લ્યો.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર) મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# માઈગ્રેનથી મુક્તિ

**સાઈકોથેરાપીસ્ટ**

માઈગ્રેન ખરેખર તો એક પ્રકારનો સિન્ડ્રોમ છે, જેના કેટલાંય લક્ષણો છે. આ લક્ષણો મહિલાઓમાં સામાન્ય છે અને પિરિયડ્સ શરૂ થતાં પહેલાં મોટા ભાગે આનો એટેક થાય છે. માઈગ્રેનનો દુઃખાવો બે રીતે થાય છે. વિથ ઓરા ઓર વિધાઉટ ઓરા અર્થાત દુઃખાવાની પહેલા આંખો અંજાઈ જવી કે ન અંજાઈ જવી

માઈગ્રેનથી પીડિત છો, તો આ બાબતો પર પૂરતું ધ્યાન આપો માઈગ્રેનના દર્દીઓમાં ૭૦ ટકા મહિલાઓ હોય છે. એમાંથી ૬૦થી ૭૦ ટકા મહિલાઓનું કહેવું છે કે, તેમને પિરિયડ્સની પહેલાં માઈગ્રેનનો એટેક જરૂર આવે છે. ખરેખર, પિરિયડ્સ શરૃ થતાં પૂર્વે મહિલાઓના શરીરમાં ઈસ્ટ્રોજન હોર્મોનનું સ્તર ઘટી જાય છે. જે પ્રિમેન્સ્ટ્રુઅલ માઈગ્રેન છે. એક ડોક્ટર સાહેબના જણાવ્યા અનુસાર માઈગ્રેન ખરેખર તો એક પ્રકારનો સિન્ડ્રોમ છે, જેના કેટલાંય લક્ષણ છે. જે મહિલાઓમાં સામાન્ય છે અને પિરિયડ્સ શરૃ થતાં પહેલાં મોટે ભાગે આનો એટેક થાય છે. માઈગ્રેનનો દુઃખાવો બે રીતે થાય છે. વિથ ઓરા ઓર વિધાઉટ ઓરા અર્થાત્ દુઃખાવાની પહેલાં આંખો અંજાઈ જવી કે ન અંજાઈ જવી.

બર્થ કંટ્રોલ પિલ્સ અને મેનોપોઝ વખતે લેવાનારી હોર્મોન્સ રિપ્લેસમેન્ટ થેરેપી પણ માઈગ્રેન માટે જવાબદાર છે. જે બર્થ કંટ્રોલ પિલ્સમાં ઈસ્ટ્રોજન હોર્મોનનો હાઈ ડોઝ હોય છે, તેનું સેવન કરનારી મહિલાઓમાં માઈગ્રેનની સમસ્યા વધુ હોય છે. જોકે માઈગ્રેનનું કોઈ ચોક્કસ કારણ શોધાયું નથી, પણ હમણાં જ થયેલા અધ્યયનમાં જાણવા મળ્યું છે કે એ આનુવંશિક હોય છે.

**કારણ :**

જરૃરિયાત કરતાં વધારાનો સ્ટ્રેસ આપને માઈગ્રેન આપી શકે છે. સ્ટ્રેસ થવાથી મસ્તકમાં કંઈક ખાસ કેમિકલ્સ રિલીઝ થાય છે, જેને ફાઈટ કે ફ્લાઈટ રેસ્પોન્સ કહે છે. આ કેમિકલ્સ માઈગ્રેન માટે જવાબદાર મનાય છે. કેટલાંક ખાસ ખાદ્યપદાર્થો કે પીણાં જેવાં કે જૂનું અને પ્રોસેસ્ડ ચીઝ, આલ્કોહોલ, આજીનો મોટો, જંકફૂડમાં રહેલ નાઈટ્રેટ્સ. જરૃરિયાતથી વધુ કેફિન લેવું કે એકદમ જ એને લેવાનું બંધ કરી દેવું પણ માઈગ્રેન આપી શકે છે. આપણા મસ્તકની રક્ત ધમનીઓ કેફિનના પ્રત્યે સેન્સિટિવ થઈ જાય છે અને એ જ કારણે કોઈ દિવસ ચા કે કોફી ન પીવાથી આપને માથાનો દુઃખાવો થવા લાગે છે. " ઋતુ કે જગ્યાનો બદલાવ પણ માઈગ્રેન લાવી શકે છે. એક રિસર્ચ અનુસાર સૈનિકોની પત્નીઓને માઈગ્રેનની ફરિયાદ વધુ રહે છે. એનું મોટું કારણ તેમની સેક્સ્યુઅલ લાઈફનું ડિસ્ટર્બ રહેવું છે. લાઈફ સ્ટાઈલમાં બદલાવ, સમયસર ભોજન ન કરવું, થાક, ઓછી કે વધુ ઊંઘ. લક્ષણ : માથાના એક ભાગમાં નસોના ફફડાટની સાથે હળવું દર્દ, જે ધીમે ધીમે વધીને તેજ દર્દમાં તબદીલ થઈ જાય છે. કંઈક કામ કરવાથી, ચાલવા-ફરવાથી આ દર્દ વધુ વધી જાય છે.

માથામાં દુઃખાવાની સાથોસાથ જીવ ગભરાવો, ઊલટી થવી, પેટ બગડવું અને પેટમાં દુઃખાવો થવો. ભૂખ ન લાગવી. ઠંડા કે ગરમ તાપમાન પ્રત્યે સેન્સિટિવિટી. થાક, બેહોશી, આંખો સામે અંધારું છવાવું. દર્દ શરૃ થવાના થોડાક સમય પહેલાં કેટલાક લોકોને માથાની નસો ખેંચાવી, આંખો અંજાઈ જવી જેવાં લક્ષણ મહેસૂસ થાય છે.

મોટા ભાગની મહિલાઓ દરેક પ્રકારના માથાના દુઃખાવાને માઈગ્રેન સમજી બેસે છે. જોકે, સામાન્ય પેઈન કિલર્સ લેવાથી રાહત થઈ જાય છે. એને રિબાઉન્ડ પેઈન કહે છે. જોખમની ઘંટડી ક્યારેક ક્યારેક માથાના એક જ ભાગમાં થનારું દર્દ એ કોઈ પ્રકારની ટ્યૂમરની નિશાની પણ હોઈ શકે છે. માઈગ્રેન એ આંખોની રોશની ગુમાવાનું, પેરાલિટિક સ્ટ્રોકનું કારણ પણ બની શકે છે. સ્વાસ્થ્યનો વિચાર ભૂખ્યા પેટે ન રહેશો. એનાથી માઈગ્રેન વધે છે. ગભરામણ અને તનાવથી બચો. જે માઈગ્રેન વધારે છે. બીટા બ્લોકર્સ ડ્રગ્સ માઈગ્રેન એટેકને રોકે છે, ડોક્ટરની સલાહ મુજબ લો. ડાયટની થાળી તાજાં ફળ અને શાકભાજી અવશ્ય ખાવ. ચીઝ, ચોકલેટ, ચા વગેરેથી શરીરમાં સેરોટોનિન હોર્મોન વધે છે,એને ન ખાવ. ચાઈનીઝ ફૂડથી પરેજી રાખો. હળવું ભોજન જ લો.

# સમગ્ર વિશ્વ એક જ રાષ્ટ્રતારૂં મારૂં સહીયારૂં ને મારૂં મારા બાપનું, અનેક સમસ્યાના મુળમાં રહેલી પ્રકૃતિ !!

**મન બિલોરી કાચ** — **મંજુ પ્રજાપતી**

તો પછી એ કહેવત આપણા સાહિત્યમાંથી રદ કરી નાખવી પડી કે..

તારૂં મારૂં સહીયારૂં ને મારૂં મારા બાપનું..

તો પછી આપણા વિશ્વની સંખ્યાબંધ સમસ્યાઓનું આપોઆપ નિરાકરણ આવી જાય.

બસ જરૂર છે માત્ર એક ક્રાંતિકારી વિચારને ખરા અર્થમાં અમલમાં મુકવાની..

જોકે માનવજાતિનાં સ્વભાવને આપણે સારી રીતે ઓળખીએ છીએ. સમસ્યા કે પ્રશ્નોના સંગાથ વગર જીવવાની તેને ટેવ જ નથી. પ્રશ્નો ના હોય તો વળી માનવ એ ઉભા કરશે. આમ છતાં જો એ અભૂતપૂર્વ વિચાર મૂર્તિમંત થઈ જાય તો માનવજાતનું કલ્યાણ થવાની દિશામાં એક મહત્વનું પ્રથમ પગલુંભર્યુ ગણાશે.

એ વિચાર આમ તો સર્વપ્રથમ ઓશો રજનીશ એવા વિશ્વ વિખ્યાત પ્રખર ચિંતકના દિમાગમાં સ્ફૂર્યો હતો. તેમણે એક વખત એમ કહ્યું હતું કે, આપણા વિશ્વમાં કુલ ૧૯૫ રાષ્ટ્રો છે પરંતુ જો આ તમામ દેશો એકબીજામાં વિલીન બની જાય તો આખું વિશ્વ એક વિરાટ રાષ્ટ્રમાં પરિવર્તીત થઈ જાય.

આપણા વિશ્વના ૧૯૫ ભાગલા પડયા છે. નાના મોટા આ ૧૯૫ રાષ્ટ્રોનું એકબીજામાં વિલીનીકરણ થઈ જાય,તમામ સરહદો ભુંસાઈ જાય અને આખી દુનિયા માટે માત્ર એક જ વૈશ્વિક સરકાર હોય તો ?

આ દુનિયા મારૂં તારૂં ને ફલાણાનું નક્કી કરવામાં આજ સુધી ઉંચી નથી આવી. આપણા માનવ સમુદાયે દેશનાં સીમાડાઓ દોરીને વિશ્વને અનેક સમસ્યાઓમાં ધકેલી દીધું છે.

સ્વાર્થ અને જીવ વચ્ચે પ્રકૃતિદત્ત નાતો છે. પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા જીવ માત્ર જાતજાતનાં રસ્તાઓ અપનાવતાં રહ્યા છે. બહુ લાંબો વિચાર કરીએ ત્યારે એમ સમજાય છે કે આપણી દુનિયાની ઝીણામાં ઝીણી સમસ્યાનું મુળ માનવીના દિમાગમાં રહેલું છે. એકે એક પ્રશ્ન અને સમસ્યા માનવીના દિમાગમાં વિકસેલી બુધ્ધિનું જ પરિણામ છે. આદિકાળથી જ માનવ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા નવી નવી સાનુકુળતાઓ શોધતો રહ્યો છે.

જોકે પૃથ્વીના સર્જન બાદ કાળક્રમે જંગલી પશુ જેવો માનવી અનુભવે ધીમે ધીમે પોતાની બુદ્ધિ વિકસાવતો રહ્યો હતો. અહીં આશ્ચર્ય થાય તેવી એક વાત રજુ કરવાનું મન થાય છે કે..

તારૂં મારૂં સહીયારૂં ને મારૂં મારા બાપનું..

આ વૃત્તિ, પ્રકૃતિ કે વિચાર પ્રત્યેક જીવમાં જન્મજાત જ પડેલ હોય છે. જંગલી જનાવર પણ પોતાનો અંકુશ હેઠળનો વિસ્તાર સુનિશ્ચિત કરી લેવાની પ્રકૃતી ધરાવે છે. જંગલી જનાવરની જેમ જ આપણા શેરી મહોલ્લામાં રહેતા કુતરા જેવા પાલતુ જનાવરો પણ જે તે શેરી ગલીને પોતાનાં બાપની જાગીર સમજી અન્ય વિસ્તારનાં શ્વાનને ત્યાં પ્રવેશ કરવા દેતાં નથી. આવી પ્રકૃતિ જંગલી જનાવરોની પણ હોય છે અને આવા અનુભવો પરથી જ આદિ માનવોનાં દિમાગમાં આ પ્રકારની વૃત્તિ પ્રકૃતિ વિકસી હશે.

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે જે તે એરીયાના સીમાડા નક્કી કરવાની વૃત્તિ પ્રત્યેક જીવમાં પડેલી છે. માનવના દિમાગમાંથી આ વિચાર નિર્મુળ કરવો અત્યંત કઠીન છે. જો કે એક જમાનો એવો પણ આ દુનિયાએ નિહાળ્યો જ છે.જેમાં બ્રિટન અડધી પોણી દુનિયા પર પોતાનું રાજ ચલાવતું હતું

અનુસંધાન પાના નં.૬ ઉપર

# સગર્ભા અવસ્થા વેળા હાર્ટ અટેકનો ભય વધુ : રિપોર્ટ

**આરોગ્ય સંહીતા**

સગર્ભાવસ્થાના ગાળામાં હાર્ટ અટેકનો ખતરો વધી જાય છે. સંશોધકોએ કહ્યું છે કે સગર્ભાવસ્થા અને હાર્મોનમાં થતા ફેરફાર કેટલીક સમસ્યાઓ ઉભી કરી શકે છે. બાળકને જન્મ આપ્યા બાદ મહિલામાં હાર્ટ અટેકનો ખતરો વધી જાય છે. મોટી સંખ્યામાં મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. અલબત્ સગર્ભાવસ્થા દરમિયાન હાર્ટ અટેકનો ખતરોઓછો રહે છે. દરેક ૧૬ હજાર ડિલિવરી પૈકી એક મહિલામાં હાર્ટ અટેક થાય છે. પરંતુ આજ વયમાં બિન સગર્ભા મહિલા કરતા ખતરો ૩થી ૪ ગણો વધારે છે. વધુમાં સગર્ભાવસ્થા દરમિયાન હાર્ટ અટેક વધુ તીવ્ર રીતે થાય છે. આ સપ્તાહમાં જ શિકાગોમાં અમેરિકન કોલેજ ઓફ કાર્ડિઓલોજીના વૈજ્ઞાનિક સેશનમાં અભ્યાસના તારણો રજુ કરવામાં આવ્યા હતા. હાર્મોનના સ્તરે થતા ફેરફાર, બ્લડ વોલ્યુમમાં વધારો અને અન્ય સારિરીક ફેરફાર સગર્ભાવસ્થા દરમિયાન થાય છે. જેના કારણે ખતરો વધી જાય છે. સંશોધકોનું કહેવું છે કે સામાન્ય વસ્તુમાં જોવા મળતા લક્ષણો કરતા સગર્ભા મહિલાઓમાં જુદા જુદા કારણોથી હાર્ટ અટેક થાય છે. અમેરિકામાં કરવામાં આવેલા અભ્યાસમાં પરિણામથી આગામી દિવસોમાં આને લઈને વધુ અભ્યાસ હાથ ધરવામાં આવશે. જનરલ વસ્તીમાં હાર્ટ અટેક માટે સ્પષ્ટ માર્ગદર્શિકા આપવામાં આવી ચુકી છે. આ માર્ગદર્શિકા હમેશા સગર્ભા સંબંધિત હાર્ટ અટેક સાથે લાગુ પડતી નથી. વર્ષ ૨૦૦૫ બાદથી લેવામાં આવેલા ૧૫૦ કેસોના નિરીક્ષણ બાદ આમા આ બાબત જાણવા મળી છે.

# મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

વૈદિક ધર્મશાસ્ત્રોમાં માનવીય શરીરને જુદાં જુદાં કુલ સાત શરીરોનું મિશ્રણ હોય તેવો મત રજુ થયેલો છે. આ સાત શરીરોમાં.. ૧.ભૌતિક શરીર ૨.ભાવ શરીર ૩. સુક્ષ્મ શરીર ૪.મનોમય માનસ શરીર ૫. આત્મિક શરીર ૬.બ્રહ્મ શરીર અને ૭.નિર્વાણ શરીરનો સમાવેશ થાય છે. જે પૈકી અહીં પ્રથમ ચાર શરીર વિશે જાણીશું. પ્રથમ આવે છે આપણું ભૌતિક શરીર જેમાં સર્વ અંગ ઉપાંગો, અવયવો બધું જ સમાવિષ્ટ હોય છે. આને 'અન્નમય' શરીર પણ કહેવાય છે.

આ ભૌતિક શરીરની અંદર એકબીજા પ્રકારનું શરીર પણ અસ્તિત્વ ધરાવે છે.તેને પ્રાણમય શરીર કહે છે. તે આપણા આ ભૌતિક શરીરને જીવંતતા કે પ્રાણ બક્ષે છે. હલનચલન અને શરીરનાં સઘળાં કાર્યો આપણાં આ પ્રાણમય શરીરથી જ થાય છે. આ પ્રાણમય શરીરને સુક્ષ્મ શરીર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સુક્ષ્મ શરીર ભૌતિક નથી તે અતિ સુક્ષ્મ હોવાથી અદ્રશ્ય છે પરંતુ અત્યારે વિજ્ઞાનના વિકાસની સાથે આ 'સુક્ષ્મ શરીરને સમજવા માટેના ખાસ કેમેરા પણ બનવા લાગ્યા છે અને આવા કેમેરા દ્વારા જે ઈમેજ પ્રાપ્ત થાય છે તેને ઘણીવાર આત્મા કે આભામંડળ તરીકે પણ ઓળખવામાં આવે છે. ખાસ કરીને હિંદુ ધર્મમાં દેવી દેવતા કે કઈપણ ભગવાનનું ચિત્ર દોરતી વખતે તેમનાં મસ્તકની આજુબાજુ એક આછા પ્રકાશરૂપે આત્મા પણ દોરતાં હોય છે. આત્માને ફોટોગ્રાફના સ્વરૂપમાં લેવા માટેના પ્રયાસો અને સંશોધનો સૌ પ્રથમ રશિયન વિજ્ઞાની કીર્લીયન દ્વારા થયો હતો.

આ પ્રાણમય શરીરની અંદર રહેલા ત્રીજા પ્રકારના શરીરને 'મનોમય શરીર' કહેવાય છે અને આ મનોમય શરીર એટલે એક અર્થમાં આપણું મન અથવા મન શરીરના પરસ્પરના સંબંધો.

મનોમય શરીરથી પણ વધારે ઉંડે એક બીજું શરીર

અનુસંધાન પાના નં.૬ ઉપર

# વધુ પ્રમાણમાં ઠંડાપીણા લેવાથી શ્વાસની સમસ્યા થઈ શકે : અભ્યાસ

**આરોગ્ય**

(જી.એન.એસ) ન્યૂયોર્ક

સોફ્ટ ડ્રીંક વધારે પીનાર લોકો માટે લાલબત્તી સમાન ચેતવણી નવા અભ્યાસમાં આપવામાં આવી છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વધારે પ્રમાણમાં સોફ્ટ ડ્રીંક પીનાર લોકોમાં અસ્થમા જેવી શ્વાસની તકલીફ વધી શકે છે. આ ઉપરાંત ક્રોનિક ઓબ્સસ્ટ્રકટીવ પલ્મોનરી ડિસીઝ (સીઓપીડી) જેવા રોગને આમંત્રણ આપે છે. સોડા ટ્રબલમેકર હોવાની બાબતનો ખુલાશો થયા બાદ વધારે પ્રમાણમાં સોફ્ટ ડ્રીંક પીતા લોકોને સાવધાન થઈ જવાની જરૂર છે. જનરલ રેસ્પીરોલોજીમાં પ્રકાશીત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે હજારો લોકોને આવરી લઈને સંશોધન કર્યા બાદ આ નવી બાબત જાણવા મળી છે. ઓસ્ટ્રેલિયન અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે વધારે પડતા પ્રમાણમાં સોડાનો ઉપયોગ કરનાર લોકોમાં ઘણી બિમારીઓનો ખતરો પણ રહે છે. આ અભ્યાસના ભાગરૂપે ૧૬ અને તેની મોટી વયના ૧૬૯૦૭ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.આ અભ્યાસ દરમિયાન દરરોજ અડધા લીટર સોફ્ટ ડ્રીંકનો ઉપયોગ કરનાર લોકો પર નજર રાખવામાં આવી હતી. હેવી સોડા ડ્રીંકર્સમાં અસ્થમાંનો ખતરો ૧.૨ ગણો વધારે રહે છે. જ્યારે સીઓપીડી થવાનો ખતરો ૧.૭ ગણો વધારે રહે છે. જ્યારે સોફ્ટ ડ્રીંકનો નહીં કરનાર લોકોમાં ખતરો ખૂબ ઓછો રહે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ધ્રુમ્રપાનની સાથે સોફ્ટ ડ્રીંકનો ઉપયોગ કરવાથી સીઓપીડી

અનુસંધાન પાના નં.૬ ઉપર

## હોમીયોપેથીક

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

મૂત્રદ્વારમાં બળતરા થાય, પેશાબ કરતી વખતે વિશેષ બળતરા થાય, ચામડી ઉપર છાલા પડે અને ઘાવ થઈ બળતરા થાય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે.

**૩. આર્સેનિકમ આલ્બમ :** જ્યારે તાવ કે ફીવરથી આખું શરીર તપે, આખા શરીરમાં બળતરા થાય, આંખ, નાક, જીભ, ગળું, માથુ, પેટ આંતરડા સંડાસના ભાગમાં બળતરા થાય, પેશાબમાં બળતરા થાય, હૃદયના ભાગમાં બળતરા થાય જેને હાર્ટબર્ન કહેવામાં આવે છે. હાથપગના તળીયામાં બળતરા થાય એ સમયે આ દવાનું વિશિષ્ટ લક્ષણ એ છે કે શરીર ઉપર શેક કરવાથી પગને નવશેકા પાણીમાં રાખવાથી ગળાની બળતરા ગરમ પાણીના કોગળા કરવાથી તથા ભઠ્ઠી કે તાપ પાસે બેસવાથી કે સુર્યના તડકામાં બેસવાથી બળતરા ઓછી થાય ત્યારે આ દવા આપવામાં આવે છે. બહેનોને માસિક સ્ત્રાવ ગરમઆવે, પ્રદર પણ બળતરા સાથે આવે, ઉનવા થાય, ત્યારે ગરમ પાણીનો શેક કરવામાં રાહત થાય ત્યારે આ દવા આપવામાં આવે છે.

**૪. નેટ્રમસલ્ફ :** પેટની બીમારી તેમાં પણ ખાસ કરીને એસીડીટીમાં હોઠ, જીભ ગળું છાતી, હોજરી, આંતરડા, મળદ્વાર સુધી સખત બળતરા થાય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે. આ સિવાય બળતરા માટે લક્ષણ પ્રમાણે ચેમોમીલા, અપીસમેલીફીકા,કોલ્ચીકમ, સીકેલકોરબોવીસ્ટા, સ્પાઈરેન્થીસ વિગેરે દવાઓ આપવામાં આવે છે.

રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

## મન બિલોરી કાચ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

એ વખતે એમ કહેવાતું હતું કે બ્રીટનનો સુરજ કદી પણ આથમતો નહોતો. મતલબ કે અનેક રાષ્ટ્રો પર બ્રીટનનું શાસન ચાલતું જ હતું. એવી જ રીતે ધારો કે હવે આખી દુનિયા ઉપર તમામ રાષ્ટ્રોની સર્વસંમતિથી એક જ સરકારની રચના કરવામાં આવે તો ?આ અશકય નથી. આખા વિશ્વમાં માત્ર એક જ સરકાર રચાય અર્થાત આખું વિશ્વ એક જ રાષ્ટ્ર બને અને આ સરકાર દુનિયાનું સંચાલન કરે તો ? આ પ્રશ્ને ખરેખર વિચાર કરવા જેવો છે. તેવું શું નથી લાગતું ? જો આ વિચાર સાકાર થાય તો વિશ્વમાં કલ્પનાતીત પરિવર્તનનો દૌર ફુંકાય, એક નવી સવાર પડે, એક નવા અભૂતપૂર્વ યુગનો પ્રારંભ થાય.

આપણે જાણીએ છીએ કે બીજા વિશ્વયુદ્ધ પછી ઈ.સ.૧૯૪૪ ૪૬ માં લગભગ તમામ રાષ્ટ્રોએ સાથે મળીને 'યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન' એટલે કે સંયુકત રાષ્ટ્ર સંઘ નામક વૈશ્વિક સંસ્થાની સ્થાપના કરેલી છે. જેને કારણે યુનો તરીકે પણ ઓળખાવીએ છીએ. અલબત્ત અપવાદ રૂપે રાષ્ટ્રો યુનોના સદસ્ય નથી બન્યા ને યુનોનાં ઠરાવ કે સમજુતીને અનુસરતાં નથી પરંતુ બાકીના તમામ સદસ્ય રાષ્ટ્રો યુનોની ગતિવિધિને અનુસરે છે. યુનો દ્વારા વિશ્વના જરૂરીયાત એવા તમામ રાષ્ટ્રોમાં લોક કલ્યાણની પ્રવૃત્તિઓ થાય છે.

અરે આર્થિક રીતે નબળા અને ગરીબ રાષ્ટ્રો જે કાર્ય કરી નથી શકતા તેવા તે અનેક કાર્યો સંખ્યાબંધ રાષ્ટ્રોમાં 'યુનો ' કરે છે એમ પણ કહી શકાય કે યુનો અમુક અંશે એક આંતરરાષ્ટ્રીય સરકાર જેવી ભૂમિકા અદા કરી રહ્યું છે. ઉપરોકત ઉદાહરણ અહીં એટલા માટે ટાંકયું છે કે વિશ્વમાં ફકત એક જ વૈશ્વિક સરકાર શકય બની શકે તેવી સંભાવનાઓ માનવ ઈચ્છે તો સર્જી શકે તેમ છે. અરે કમ સે કમ ગંભીરતાથી વિચારી તો શકાય જ છે.

મારૂં તારૂં ને ફલાણીનું એવી જ વિચારસરણીથી બહાર નહીં આવતો માનવ સમુદાય પોતાની આ અતિ સ્વાર્થી નીતિરીતીને કારણે કેટ કેટલીયે સમસ્યાઓનો સર્જક બન્યો છે.

આખું વિશ્વ એક રાષ્ટ્ર બની જાય તો કેવું સારૂં ? આ કલ્પનાને સાકાર કરવાની દિશામાં આગળ ધપવું એક ચમત્કારી પગલું બની રહે તેમ છે. લોકો સ્વયં આ માટે ઝુંબેશ ચલાવે, વિચારકો આ વિચારને જોરશોરથી વેગ આપે, રાજદ્વારી નેતાગીરી આ લોકલાગણીનો પડઘો ઝીલી આગળ આવે અને વિશ્વને એક નવી દિશામાં દોરી જાય એવી સવાર કયારેક તો પડશે જ એવી આશા રાખીએ..હે.. માનવ જાગ.. ઉભો થા.. પરિવર્તનની દિશામાં ડગલા માંડ તારે સમસ્યાઓ સિવાય કશું જ ગુમાવવાનું નથી.

**- મંજુ પ્રજાપતિ**

## માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

જે ખરેખર શરીર નથી પરંતુ એવું પરમતત્વ પરમઆનંદ હોવાપણું વગેરે છે. તેને 'ચેતનામય શરીર' કહેવાય છે. આ ચેતના આમ તો સર્વ જીવોમાં અને સમગ્ર સૃષ્ટીમાં વ્યાપ્ત છે અને આને જ આપણે 'ચેતના' તરીકે ઓળખીએ છીએ.

સાધક જેમ વધુ ને વધુ પ્રયત્નો કરતો જાય છે તેમ તેમ ધીમે ધીમે અન્નમય શરીરથી માંડીને છેવટે ચેતનામય શરીરનો સાક્ષાત્કાર કરી શકે છે. શરૂઆત અન્નમય શરીરથી થાય છે.

ત્યારબાદ યોગ્ય આસનો, પ્રાણાયામ અને અન્ય હઠયોગોનો આશરો લઈ ત્યાર પછીના તબક્કા પાર કરીને મનોમય શરીરની અવસ્થા સુધી ખુબ જ સરળતાથી પહોંચી શકાય છે.

ત્યારબાદ મનોમય શરીર સુધી પહોંચવા માટે અન્ય વિધિઓનો પ્રયોગ કરવામાં આવે છે. જેમ કે ધ્યાન, પ્રત્યાહાર ધ્યાન-ધારણા દ્વારા ધ્યાન સુધી પહોંચવું પડે છે. ત્યારબાદ ચોથા ચેતનામય શરીર સુધી સમાધિ અવસ્થા દ્વારા જ પહોંચી શકાય છે. આ બધી અવસ્થાઓને અતિક્રમવામાં આવે અથવા તેની પેલે પાર પહોંચવામાં આવે તો પછી આત્મ સાક્ષાત્કાર થાય છે. આત્મજ્ઞાન થાય છે અને તેને જ પરમ આત્મા સ્વરૂપ અને પરમાનંદમય અથવા સચ્ચિદાનંદ રૂપ સ્વરૂપ ગણવામાં આવે છે. આ સચ્ચિદાનંદ એટલે સત્+ ચિદ+ આનંદ...!

મન સદાયને માટે પરમ આનંદમય હોય જ છે તેથી સ્તો તેને એમ પણ કહેવાય છે.'અહં સચ્ચિદાનંદમ્' અહં એટલે આપણો ચીલાચાલુ હું નહીં પરંતુ પરમ 'અહમ સ્વરૂપ' પરમાનંદમયતા જ માત્ર છે.

સમગ્ર બ્રહ્માંડમાં જીવન શાશ્વત રીતે ધબકતું રહે છે તે એકદમ લયબદ્ધ, ધીરજવાન પરમ ગાઢ શાંતિની અવસ્થામાં હોય છે. પશુ પક્ષી કીટકો અને નાના અસંખ્ય જીવો એકબીજાના સહકારથી જેને સહજીવન કહી શકાય. અસ્તિત્વમય હોય છે. આ અસ્તિત્વ માત્ર એક મોટો ઉત્સવ છે, આનંદ છે, બસ તેને અનુભવેલું આવશ્યક છે. **ડૉ. પ્રવિણ પટેલ**

## શિસ્ત જાળવવા

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

માટેના જે મુખ્ય કારણો જાણવા મળ્યા છે તે એ છે કે બાળકો મોટાભાગે શિસ્તમાં રહેતા નથી જેથી માતા-પિતા હતાશા તરફ દોરી જાય છે. મેટ્રોમાં હાઈસ્ટ્રીસ લેવલ જોવા મળી રહ્યું છે જેના લીધે કાઉન્સીલરોની મદદ પણ લેવામાં આવી રહી છે. અખબારોમાં વારંવાર એવા અહેવાલ પણ આવી રહ્યા છે કે સજા મળવાની સ્થિતિમાં બાળકો ઘરમાંથી ભાગી જાય છે અથવા વધુ કઠોર પગલાં પણ લે છે. આવા અહેવાલ વચ્ચે અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મુંબઈમાં ૧૦ માતા-પિતા પૈકીના ૭ માતા-પિતા તેમના બાળકોને સજાના ભાગરૂપે ફટકારે છે. અભ્યાસના તારણ સાથે કેટલાક માતા પિતા હજુ પણ સહમત નથી. વધુ વ્યાપક અભ્યાસ હવે કરાશે.

# બહિર્મુખ સ્વભાવની વ્યક્તિઓને ઘેરી ઉંઘ આવે છે : અભ્યાસ

(જી.એન.એસ) ન્યૂયોર્ક,

અમેરિકાના એક હજાર લોકોના સર્વેક્ષણ મુજબ બહિર્મુખ વ્યકિતઓની સરખામણીમાં અંતર્મુખ સ્વભાવની વ્યકિતઓનીઉંઘ વધારે ડહોળાતી હોય છે. એ સર્વેક્ષણ પ્રમાણે બહિર્મુખ સ્વભાવની વ્યકિતઓની ઉંઘમાં ખલેલ ઓછી પડે છે અને એમને ઘેરી ઉંઘ આવે છે. એ ઉપરાંત બહિર્મુખ સ્વભાવની વ્યકિતઓને ડરામણાં સ્વપ્નો ઓછા આવે છે.

ગાદલાં, તકિયા, ઓશિકાંની એક બ્રેન્ડ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં સહભાગી ઉમેદવારોને એક પ્રશ્નોની યાદી સુપરત કરવામાં આવતી હતી. સહભાગી લોકોનાં વ્યકિતત્વોના વર્ગીકરણ માટે એ પ્રશ્નોના ઉત્તરોનો આધાર લેવાતો હતો. સહભાગી વ્યકિતઓએ પ્રશ્નોના ઉત્તરો આપ્યા પછી એમને એમની ઉંઘ અને સ્વપ્નો બાબતના અનુભવો વિશે સવાલો પુછવામાં આવ્યા હતા. એ સવાલ-જવાબના સિલસિલામાં ઉંઘ કેટલી પ્રગાઢ આવે છે. અને સ્વપ્નો કેવાં આવે છે, એને આધારે એનો સંબંધ એમના વ્યકિતત્વ સાથે હોવાનું સંશોધકોએ જણાવ્યું હતું. એ સંશોધન મુજબ બહિર્મુખ વ્યકિતઓ આખી રાતમાં એક પણ વખત વચ્ચે ઉઠયા વગરે ઉંઘે છે અને સવારે જાગે ત્યારે ભરપુર ઉર્જાનો અહેસાસ ધરાવે છે.

સંશોધકોએ સર્વેક્ષણ બાબતે જણાવ્યું હતું કે અંતર્મુખ સ્વભાવની વ્યકિતઓને ડરામણા તથા અસ્પષ્ટ સ્વપ્નો આવવાનું પ્રમાણ વધારે હોય છે. અભ્યાસમાં સ્વપ્નોના પ્રમાણમાં પણ તફાવત નોંાયો છે. બહિર્મુખ વ્યકિતઓની સરખામણીમાં અંતર્મુખ વ્યકિતઓને એમના દાંત પડવા જેવી ઘટનાઓનાં સ્વપ્નો વધારે આવે છે. અંતર્મુખ વ્યકિતઓ જયારે જાગવા ઈચ્છતી હોય ત્યારે એમને ઉંઘ આવવા માંડે છે, પરંતુ બહિર્મુખ વ્યકિતઓ સાથે એવું નથી બનતું.

# યોગ કરતાં મેડિટેશન કરવાથી માનસિક તાણ ઝડપથી ઘટે છે : અભ્યાસ

(જી.એન.એસ) લંડન

માનસિક તાણ ઘટાડવાના વિવિધ ઉપાયોની અસરકારકતા ચર્ચાતી રહે છે. તાજેતરમાં સંશોધકોએ અભ્યાસ બાદ એવું તારણ મેળવ્યું છે કે માનસિક તાણથી રાહત મેળવવામાં યોગાસનો અને બગીચાની કામગીરીઓ કરતાં વધારે મેડિટેશન ઉપયોગી થાય છે. બ્રિટનની યુનિવર્સિટી ઓફ વેસ્ટમિન્સ્ટરની એક ટીમ ઉપરાંત અન્ય સંશોધકોએ આઠ અઠવાડિયાંમાં ૯૮ જણના કરેલા અભ્યાસમાં આ બાબત જાણવા મળી હતી.

સંશોધન-અભ્યાસ માટે એ ૬૮ જાણને ત્રણ જૂથમાં વહેંચવામાં આવ્યા હતા. અભ્યાસમાં સહભાગી થનારાઓ દર અઠવાડિયે ગ્રુપ-ગાર્ડનિંગ અને પ્રકૃતિ સંવર્ધનની પ્રવૃતિઓ અને યોગ શિબિર માટે એકઠા થતા અથવા રોજ દસ મિનિટ મેડિટેશન કરતા હતા. અભ્યાસમાં સહભાગી થનારા લોકોના સ્ટ્રેસ હોર્મોન કોર્ટિઝોલ લેવલ્સ ચેક કરવામાં આવતાં હતા.

માનસિક તાણની બાદબાકી એટલે કે હેલ્ધી સ્ટ્રેસ રિસ્પોન્સનો અર્થ સવારે ઊંઘ ઊડે એ વખતની પ્રફુલ્લિતતાને આધારે સમજાય છે. એ સ્થિતિ કોર્ટિઝોલ અવેકનિંગ રિસ્પોન્સ (ઝછઇ) તરીકે ઓળખાય છે. દિવસ દરમ્યાન ઝછઇનું લો-લેવલ જળવાવું જરૂરી છે. યોગને કારણે ઝછઇના લેવલમાં સાધારણ સુધારો જોવા મળ્યો હતો. બગીચાનાં કામો કરનારના ઝછઇમાં ૨૦ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી, પરંતુ રોજ મેડિટેશન કરનારા જૂનથના ઝછઇમાં બાવન ટકાનો સુધારો નોંધાયો હતો

# કંટાળાની લાગણી ધરાવતા લોકો વહેલા મૃત્યુ પામે છે : અભ્યાસ

(જી.એન.એસ) બ્રિટન

વ્યકિત શરીરથી કેટલી સ્વસ્થ છે એના કરતાં માનસિક રીતે કેટલી સ્વસ્થ છે એ તેની ઓવરઓલ આવરદા માટે બહુ મહત્વનું છે. બ્રિટનની યુનિવર્સિટી કોલેજ ઓફ લંડનના રિસર્ચરોએ ૭૫૨૪ સિવિલ સર્વિસ કરનારાં સ્ત્રી-પુરૂષોનો સ્ટડી કરીને તારવ્યું છે કે જે લોકોને પોતાની જિંદગીમાં કંટાળાની લાગણી ખૂબ રહેતી હોય તેઓ ૬૫ વર્ષ પહેલાં મૃત્યુ પામે એનું રિસ્ક ૩૭ ટકા જેટલું વધી જાય છે.

અભ્યાસકર્તાઓએ નોંધ્યું હતું કે જીવનમાં કંટાળો ફીલ કરનારા લોકો એકસાઈટમેન્ટ માટે વ્યસનોના રવાડે ચડી જાય છે. વ્યકિત વર્કિંગ હોય કે નોન-વર્કિંગ, જો તેને પોતાની જિંદગીમાં એકધારાપણું ફીલ થતું હોય તો તેઓ સહેલાઈથી ડિપ્રેશનમાં સરી પડે છે. કંટાળેલા અને ડિપ્રેશનમાં હોય એવા લોકો શરીરમાં રોગોની શરૂઆત હોય ત્યારે જ એનો ઈલાજ કરવાનું ટાળતા હોવાથી તેમની શારીરિક સમસ્યાઓનું નિદાન મોડેથી થાય એવું બની શકે છે.

## આરોગ્ય

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

માટેનો ખતરો ૬.૬ ગણો વધી જાય છે. જ્યારે બંનેથી દૂર રહેનાર લોકોની સરખામણીમાં આવા લોકોમાં ખતરો ૬.૬ ગણો રહે છે. આ જોખમ ડોઝ સંબંધિત છે. સીઓપીડી અથવા અસ્થમાના ખતરા સોફ્ટ ડ્રીંક ઉપર આધારિત હોય છે. સોફ્ટ ડ્રીકનું પ્રમાણ કેટલું છે તેના ઉપર બાબતો આધારિત રહે છે. સોડાના સંબંધમાં પહેલા પણ ઘણા અહેવાલ આવી ચુક્યા છે. સોફ્ટ ડ્રીંકના મામલામાં જુદા જુદા અહેવાલોમાં તેમાં રહેલા ઘટકતત્વો અંગે પણ જાણ કરવામાં આવી ચુકી છે. પરંતુ સોડાના સોખીન લોકોમાં આની કોઈ અસર દેખાઈ નથી.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :....................... પતિ/પિતા :.......................
માતા : ........................જ.તા. ...............ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ................................................
મોકલનારની સહી : ........................................

## ડીસામાં પોલીસની...

**પાના નં.૮ ચાલુ**

બાબતની પણ અનેક ફરિયાદો થયેલી છે.તો બીજી તરફ લીઝ હોલ્ડરો અને ટ્રક માલિકો દ્વારા પણ પોલીસ દ્વારા ખોટી રીતે ડમ્પરો પકડી હેરાનગતિ કરાતી હોવાની ફરિયાદો અનેક વખત કરવામાં આવે છે.

ત્યારે રવિવારે ડીસામાં હાઈવે પર અલગ-અલગ જગ્યાએ પોલીસ દ્વારા રેતી ભરેલા ડમ્પરો પકડવામાં આવતા ડમ્પર ચાલકો અચાનક હડતાલ ઉપર ઉતરી ગયા હતા અને પોલીસ દ્વારા હેરાનગતિ અને હપ્તાની માગ કરી હોવાના આક્ષેપ કરી જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરી હતી. તેઓના જણાવ્યા મુજબ અમારી પાસે રોયલ્ટીનો પાસ હોવા છતાં તેમજ ઓવરલોડ માલ ભરેલ ન હોવા છતાં પોલીસ દ્વારા ખોટી રીતે હેરાનગતિ કરવામાં આવે છે. પોલીસ દ્વારા રેતી ભરેલી ટ્રક ચલાવવા માટે રીતસરના હપ્તાની માગ કરાતી હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

## કાશ્મિર મુદ્દે ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

દીધી હતી. જોકે, પાછળથી અલગતાવાદી નેતા શબ્બીર અહમદ શાહે પંતને મળીને કાશ્મીર માટે પોતાના મુદ્દા રજૂ કર્યા હતા, પણ જયારે બંને પક્ષે કોઈ સમાધાન ન થયું ત્યારે સરકારે ૨૦૦૨માં ચર્ચા કરવી બંધ કરી દીધી હતી.

ત્યાર બાદ ઑગસ્ટ ૨૦૦૨માં વરિષ્ઠ વકીલ રામ જેઠમલાનીના નેતૃત્વમાં ૮ સભ્યની કાશ્મીર કમિટી બનાવાઇ હતી અને એમનું કામ અલગતાવાદી નેતાઓને ચર્ચા માટે રાજી કરવાનું હતું.

આ કમિટીમાં એ વખતે સુપ્રીમ કોર્ટના વકીલ અશોક ભાન, ભૂતપૂર્વ કાયદા પ્રધાન શાંતિભૂષણ, પત્રકાર દિલીપ પડગાંવકર તથા એમજે અકબર, ભૂતપૂર્વ આઇએફએસ અધિકારી વીકે ગ્રોવર અને જુરિસ્ટ ફલી નરિમાનનો સમાવેશ કરાયો હતો. જોકે, કાશ્મીરીઓના કમનસીબે આ કમિટી પણ નિષ્ફળ ગઇ હતી અને ત્યાર બાદ એમનું સ્થાન રાજ્યપાલ નરેન્દ્રનાથ વોહરાએ લીધું હતું. ભૂતપૂર્વ સચિવ તરીકે કામ કરી ચૂકેલા વોહરાએ ત્યારે વાટાઘાટ કરવાનું કામ સંભાળ્યું હતું.

એમના પ્રયત્ન ત્યારે અસફળ બન્યા જયારે અલગતાવાદી નેતાઓએ ફક્ત વડા પ્રધાન સાથે જ વાત કરવાની જીદ પકડી. વોહરાની નિષ્ફળતા બાદ પણ કેન્દ્ર સરકારે સતત કાશ્મીરમાં ચર્ચા દ્વારા શાંતિ લાવવાના પ્રયત્ન ચાલુ રાખ્યા હતા.

ત્યાર બાદ ભાજપના નેતા અરુણ જેટલીને વાટાઘાટ કરવા માટે નિયુક્ત કરાયા હતા. રૉના ભૂતપૂર્વ પ્રમુખ એએસ દુલ્લતને પણ જેટલીની ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. જોકે, આ ટીમ પણ કશો નીવેડો લાવી શકી નહોતી.

કૉંગ્રેસના નેતૃત્વવાળી સરકારની ૨૦૦૨માં અલગતાવાદી નેતાઓને ચર્ચા કરવા લાવવામાં મળેલી નિષ્ફળતા બાદ તો જાણે અલગતાવાદી નેતાઓ એવા માથે ચઢયા કે એમણે ત્યાર બાદ કોઇપણ પ્રતિનિધિ સાથે ચર્ચા કરવાનો સતત નનૈયો જ ભણ્યે રાખ્યો.

૨૦૧૦માં જયારે ઘણા મહિના સુધી ચાલેલા આંદોલનમાં સુરક્ષાદળની ગોળીઓથી ૧૨૦ નાગરિકના મોત થયાં, ત્યારે સરકારે દિલીપ પડગાંવકર, એમએમ અન્સારી અને પ્રો. રાધાકુમારની ટીમને કાશ્મીર મુદ્દો ઉકેલવા મોકલ્યા હતા. આ ટીમે પોતાનો કાશ્મીર રિપોર્ટ તો સરકારને રજૂ કર્યો હતો, પણ ત્યાર બાદ કૉંગ્રેસ સરકારે અને કૉંગ્રેસ પછી ભાજપ સરકારે એ રિપોર્ટમાં શું હતું, એની જનતાને જાણ નથી કરી.

હવે ફરીથી જયારે ભાજપ સરકાર ચર્ચા દ્વારા કાશ્મીર મુદ્દો ઉકેલવા માગે છે, ત્યારે સર્વત્ર એક જ સવાલ પુછાઇ રહ્યો છે કે શું મોદી આ કોકડું ઉકેલવામાં સફળ થશે?

## ભાજપનો ચીની ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

થઈ શકી નથી. કથિતપણે ટ્વિટમાં કસ્ટમ બિલની કેટલીક તસવીરો પણ લગાવવામાં આવી છે. તેમાં ભાજપની ચૂંટણી સામગ્રી પહોંચાડનારી શાર્પલાઈન કંપની દ્વારા ૯૪ લાખ રૂપિયા કસ્ટમમાં ડ્યૂટી તરીકે કથિત ચુકવણી કરવાનો મામલો સામે આવ્યો છે.

કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલ પ્રમાણે ચૂંટણી સામગ્રીમાં ભાજપના મોટા-મોટા બેનરો વડાપ્રધાન મોદી, ભાજપ અધ્યક્ષ અમિત શાહ, મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને પાર્ટીના અન્ય નેતાઓની તસવીરો છે. ટ્વિટમાં લખવામાં આવ્યું છે કે ભાજપે ગુજરાતની ચૂંટણી માટે ચીનથી સામગ્રી આયાત કરી છે.

મેડ ઈન ઈન્ડિયા કેમ નહીં ભાજપની પોલ ખુલી ગઈ છે. મહત્વપૂર્ણ છે કે ભાજપ અને આરએસએસ હંમેશાથી ભારતીય માલસામાનને પ્રોત્સાહિત કરવા માટે પહેલ કરતા રહ્યા છે અને વખતોવખત આંદોલનો પણ ચલાવ્યા છે.

### અહેવાલને લઈને મોદી સરકારને પણ ઈંતજાર

# વિશ્વ બેંકનો કારોબારને લઈ અહેવાલ ૩૧મીએ જારી થશે

### બેરોજગારી અને અર્થતંત્રને લઈને થઈ રહેલી ટિકા વચ્ચે ભારતના રેંકિંગમાં મોટો સુધારો થવાની સરકારને આશા

નવીદિલ્હી

નોટબંધી અને જીએસટી જેવા મોટા આર્થિક સુધારા હાથ ધરવામાં આવ્યા બાદ બેરોજગારી અને અર્થતંત્રને લઈને થઈ રહેલી ટિકા ટિપ્પણી વચ્ચે મોદી સરકારને પણ સારા સમાચારનો ઈંતજાર છે. બે દિવસ બાદ જ એટલે કે ૩૧મી ઓક્ટોબરના દિવસે વિશ્વ બેંકના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ આવનાર છે. એમ માનવામાં આવે છે કે, આ સર્વે રિપોર્ટમાં ભારતના રેંકિંગમાં ઉલ્લેખનીય સુધારો થઈ શકે છે. અર્થવ્યવસ્થાને મજબૂત કરવાના ઈરાદાસર ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની મોટી ભૂમિકા છે. મિડિયા રિપોર્ટની વાત ઉપર વિશ્વાસ કરવામાં આવે તો મોદીને પણ આ અહેવાલનો ઈંતજાર છે. સરકારને આશા છે કે, આ વખતે ભારતના રેંકિંગમાં ઉલ્લેખનીય સુધારો થશે. વિશ્વ બેંકનો અહેવાલ ૩૧મી ઓક્ટોબરના દિવસે જારી કરવામાં આવનાર છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ૨૦૧૮ સર્વે રિપોર્ટમાં ભારતના રેંકિંગમાં સુધારો થઈ શકે છે. છેલ્લા અહેવાલમાં ભારતની રેંકિંગ ૧૩૦માં ક્રમાંક ઉપર હતી. વાણિજય મંત્રાલય અને ડીઆઈપીપીના એક અધિકારીએ પણ આ તરફ ઈશારો કરતા કહ્યું છે કે, જો રેંકિંગમાં ઉલ્લેખનીય સુધારો થશે તો ચૂંટણી માહોલમાં સરકાર પાસે વધુ એક મોટા હથિયાર આવી જશે. સરકાર આ રિપોર્ટને રજૂ કરીને તમામ ટિકાકારોની બોલતી બંધ કરવાના પ્રયાસ કરશે. કેન્દ્ર સરકારે છેલ્લા એક વર્ષમાં નોટબંધી અને જીએસટી જેવા ખુબ જ મુશ્કેલ અને સાહસી આર્થિક સુધારા હાથ ધર્યા છે જેના પરિણામ સ્વરુપે તેની પ્રતિકુળ અસર કામચલાઉ ધોરણે નજરે પડી છે. જીડીપીમાં ઘટાડો પણ થયો છે. દેશના ઐતિહાસિક ટેક્સ સુધારા જીએસટીને અમલી બનાવી દેવામાં આવ્યા બાદ સુધારાની ગતિ વધી છે. વિદેશી મૂડીરોકાણના મામલામાં ભારતે ચીનને પાછળ છોડી દેવાના મામલામાં સફળતા હાંસલ કરી છે. સુત્રોના કહેવા મુજબ મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા બાદથી હજુ સુધી દેશમાં આશરે ૧૭૦ અબજ ડોલરનું વિદેશી રોકાણ આવ્યું છે. કેન્દ્રીય વાણિજય મંત્રી સુરેશ પ્રભુએ કહ્યું છે કે, દેશને ટૂંક સમયમાં જ સારા સમાચાર મળશે. બીજી બાજુ ડીઆઈપીપીના સેક્રેટરી રમેશ અભિષેકે કહ્યું છે કે, વિશ્વ બેંકના રિપોર્ટને લઈને અપેક્ષા છે કે, રેંકિંગમાં સુધારો થશે. આ દિશામાં છેલ્લા એક વર્ષના ગાળા દરમિયાન શ્રેણીબદ્ધ પગલા લેવાયા છે. જો ભારતની રેંકિંગમાં સુધારો થશે તો તેની સીધી અસર અર્થવ્યવસ્થા પર પડશે. રેંકિંગથી જાણી શકાય છે કે, દેશમાં બિઝનેસ કરવાની બાબત કેટલી સરળ બની છે. દેશમાં મૂડીરોકાણ માટે સ્થિતિ સર્જાય છે તો વિદેશી કંપનીઓની નજર પણ તેના ઉપર રહેશે. સારા રેંકિંગ ધરાવનાર દેશમાં જ વિદેશી કંપનીઓ કારોબાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. રોજગાર માટે નવી તકો પણ સર્જાશે. બેરોજગારીના મુદ્દા ઉપર ઘેરાયેલી મોદી સરકાર માટે જો રેંકિંગમાં સુધારો થશે તો વિપક્ષને પણ જવાબ મળશે.

### એરબેગ્સ અને અન્ય સુવિધાઓ કારમાં રહેશે

# ૨૦૧૯થી કારમાં સ્પીડ એલર્ટ સિસ્ટમ, સેન્સર્સ જરૂરી બનશે

### ૮૦ કિલોમીટર પ્રતિકલાકથી વધુની સ્પીડ થઈ ગયા બાદ એલર્ટ કરનાર સિસ્ટમ રહેશે :રિવર્સ એલર્ટ સિસ્ટમ હશે

નવીદિલ્હી

જુલાઈ ૨૦૧૯થી બનનારના તમામ કારમાં એરબેગ્સ, સીટબેલ્ટ રિમાન્ડર્સ, ૮૦ કિલોમીટર પ્રતિકલાકથી વધારે સ્પીડ પર એલર્ટ કરનાર સ્પીડ વોર્નિંગ સિસ્ટમ, રિવર્સ પાર્કિંગ એલર્ટ, મેન્યુઅલ ઓવરાઈડ સિસ્ટમ જેવી સુવિધા ફરજિયાત થઈ જશે. માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા આને મંજુરી આપી દેવામાં આવી છે. હાલમાં મોંઘી અને લકઝરી કારમાં જ સુરક્ષા સંબંધિત આ પ્રકારના માપદંડનો ઉપયોગ થઈ રહ્યો છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ભારતમાં થનાર માર્ગ અકસ્માતોને ઘટાડવાના હેતુસર આ નિર્ણય કર્યો છે. અત્રે નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૬માં ભારતમાં મૃત્યુ પામનાર પ્રતિ ૧.૫ લાખ લોકો પૈકી આશરે ૭૪૦૦૦ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. તેમની લાઈફ ઓવર સ્પીડીંગના સકંજામાં આવી ગઈ હતી. પરિવહન મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે, નવી કારમાં એવી વ્યવસ્થા ફિટ કરી દેવામાં આવશે જે સ્પીડ ૮૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી ઉપર પહોંચ્યા બાદ ઓડિયો એલર્ટ કરશે. સ્પીડ ૧૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પહોંચી ગયા બાદ આ એલર્ટનો અવાજ વધુ તેજ થશે. ૧૨૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ગાડીની ઝડપ થઈ ગયા બાદ આ એલર્ટનો અવાજ સતત વાગશે. પાવર ફેલીયોરની સ્થિતિમાં જો સેન્ટ્રલ લોકિંગ સિસ્ટમ કામ કરવાનું બંધ કરી દેશે તો મેન્યુઅલ ઓવરરાઈડ સિસ્ટમથી ડ્રાઈવર અને પેસેન્જર સરળતાથી બહાર નિકળી શકશે. રિવર્સ પાર્કિંગ દરમિયાન થતાં અકસ્માતોને રોકવા માટે કારમાં રિવર્સ પાર્કિંગ એલર્ટ આપવામાં આવશે. કાર જ્યારે રિવર્સ ગેરમાં પાછળ જશે ત્યારે ડ્રાઈવરને રિયર મોનિટરિંગ રેંજની દ્રષ્ટિથી જાણી શકાશે કે પાછળ કોઈ વ્યક્તિ અથવા કોઈ વસ્તુ છે કે કેમ. એરબેગ્સ અને રિવર્સ પાર્કિંગ સેન્ટર્સને શહેરમાં ચાલતા હળવા વાહનો માટે પણ ફરજિયાત કરવામાં આવશે.

## પાટણ પાલિકા પ્રમુખના ઘર આગળ જ ભુગર્ભ ગટર ઉભરાઈ

પાટણ

પાટણ નગરપાલિકાની માળખાગત સુવિધાઓની સેવા આપવામાં પાલિકા ઊણું ઉતર્યું છે ત્યારે ગત શુક્રવારે પાલિકાના પ્રમુખના ઘર આગળ જ ભુગર્ભ ગટર ઉભરાતાં ગંદા પાણીથી લોકો ત્રાસી ઉઠ્યા હતા શહેરની ઝીણીપોળ નજીક આવેલી ભુગર્ભ ગટરની લાઈનો અંદરો અંદર ચોકઅપ થઈ જતાં વહેલી સવારથી જ ગટરના ગંદાપાણી ઉભરાયા હતા. અને છેક લોટેશ્વર વિસ્તાર સુધી ગટરનું પાણી વહેતું થયું હતું જેથી આ વિસ્તારના રહીશો અને વાહન ચાલકો પરેશાન થઈ ગયા હતા. પાલિકાના પ્રમુખના ઘર આગળ જ ગંદા પાણીનો ભરાવો થતાં અહીંથી નિકળવું મુશ્કેલ બન્યું હતું.

## દૂધના ફેટ બાબતે માર મારતાં ત્રણ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર

તલોદના જસાજીની મુવાડીમાં ગત સોમવારે મુવાડીના છનાભાઈ કાળાભાઈ પ્રજાપતિએ દૂધના ફેટ ઓછા આવવા બાબતે ફરિયાદ કરતાં ઈન્દ્રસિંહ મૂળસિંહ ઝાલા, સિધ્ધરાજસિંહ છત્રસિંહ ઝાલા અને ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ ઝાલા વગેરેએ અપશબ્દો બોલ્યા હતા. તથા ઈન્દ્રસિંહ અને ધર્મેન્દ્રસિંહે પકડી રાખી સિધ્ધરાજસિંહ ઝાલાએ માથાના ભાગે સ્ટીલની બરણી મારી હતી અને ગડદાપાટુનો માર માર્યો હતો.

## પાટણ છીંડીયા દરવાજા બહારની સોસાયટીના રહીશો ગંદા પાણીથી ત્રસ્ત

પાટણ

પાટણ શહેરમાં આડેધડ વિકાસના કામો અને રહેણાંક વિસ્તારોમાં બાંધકામને લઈ ગટરના પાણી અને વરસાદી પાણીના નિકાસનું કોઈ આયોજન સત્તાધિશો દ્વારા કરવામાં આવ્યું નથી. છેલ્લા બે વર્ષથી શહેરના છીંડીયા દરવાજા બહાર સોસાયટીના રહીશો ગંદા પાણીથી ત્રાસી ઉઠ્યા છે, તેમાં ભૈરવ - ૧સોસાયટીના રહીશો ગંદકીની સમસ્યાથી પીડાતા હોવાથી આ વિસ્તારના લોકોએ ગતરોજ પાટણ નગરપાલિકા રજુઆત કરી હતી. શહેરમાં જુનાગંજ, નાગરવાડા , તેમજ નવી સ્ટેટ બેંક આગળ થતી ગંદકી દૂર કરવા પણ લોકોએ પાલિકામાં રજુઆત કરી છે. સિધ્ધનાથ મહાદેવથી સરકારી પુસ્તકાલય તરફ આવવાના માર્ગ પરથી કચરાના ઢગલા દૂર થતા નથી. તેથી મચ્છરોનો ઉપદ્રવ પણ વધી પડ્યો છે. અને લોકોને રોગચાળાનો ભય સતાવે છે.

## મેઘરજના બાલોડીયાની પરિણીતાનો ઝેરી દવા ગટગટાવી આપઘાત

મોડાસા

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બાલોડીયા ગામની ૩૨ વર્ષીય પરિણીતાએ સાસરીયાના માનસીક અને શારીરિક ત્રાસથી તંગ આવીને કોઈ ઝેરી દવા ગટગટાવીને જીવન ટુંકાવી દેતાં ગામલોકોમાં ચકચાર મચી જવા પામી હતી.

મૃતક પરિણીતાના પિયર પક્ષ તરફથી જગદીશભાઈ બાબુભાઈ વણઝારાએ મેઘરજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૪૯૮ (ક), અને ૩૦૬ હેઠળ ગુનો દાખલ કરીને સબ ઈન્સ્પેક્ટર વ્યાસે વધુ તપાસ ચલાવેલ છે.

ભિલોડા તાલુકાના મઉટોડા ગામની રેખાબેન વણઝારા નામની યુવતીના મેઘરજના બાલોડીયા ગામના યુવાન ચીનુભાઈ રૂપાભાઈ વણઝારા સાથે થયા હતા. પરંતુ સાતેક વર્ષથી ગમે તે કારણસર તેણી ઉપર શારીરિક માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હોવાની હકીકત ફરિયાદમાં જણાવેલ.

## મોડાસા- મેઘરજ એસટી બસમાંથી બેગની ઉઠાંતરી

મોડાસા

મોડાસાથી મેઘરજ તરફ જતી એસટી બસમાં મુસાફરી કરતાં પ્રવાસીની બેગની ઉઠાંતરી કરતી ટોળકીએ બસમાંથી બેંકના એક પૂર્વ મેનેજરની બેગ ઉઠાંતરી કરતા મોડાસા પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી. મેઘરજના રહીશ અને નાગરિક બેંકના પૂર્વ મેનેજર પી.આર.મહેતા પોતાના પરિવાર સાથે ગાંધીનગરથી મોડાસા બસમાંથી ઉતરી બાજુમાં ઉભેલી મોડાસાથી મેઘરજ જતી બસમાં બેઠા હતા અને તેઓએ તેમની બેગ એસટીની છાજલીમાં મુકી હતી. ત્યારે આ પરિવારની નજર ચુકવી બેગની ઉઠાંતરી કરી કોઈ ઈસમ ફરાર થઈ ગયો હતો. આ બાબતે મોડાસા પોલીસ મથકે લેખિતમાં ફરિયાદ નોંધવામાં આવતા પોલીસે બેગની ઉઠાંતરી કરતી ટોળકીના માણસોના ફોટોગ્રાફ બનાવતા એક વ્યક્તિનો ફોટો ફરિયાદીએ ઓળખી બતાવ્યો હતો. બેગમાં સરકારી દસ્તાવેજો, કપડાં અને બેંકની ચેકબુક હતી.

## વિવિધ મંડલના પ્રભારી તરીકે નિયુક્તિ

પાટણ

જિલ્લા સંગઠન પ્રભારી મયંકભાઈ નાયક તથા જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલની અનુમતીથી ઝોન પ્રભારી દશરથજી ઠાકોર, પ્રવિણભાઈ ઠક્કર તથા ભાવેશભાઈ પટેલ દ્વારા પાટણ જિલ્લાના ૧૪ પૈકી ૧૧ મંડલના સંગઠનના પ્રભારી તરીકે નિયુક્તિ કરવામાં આવે છે. એમ જિલ્લા ભાજપ કાર્યાલય મંત્રી નવીન પ્રજાપતિ અખબારી યાદીમાં જણાવે છે.પટેલ લાલુભાઈ અમથાભાઈ- સિધ્ધપુર તાલુકો, તન્ના હેમંતભાઈ શંકરલાલ - સિધ્ધપુર શહેર, સિંધવ રમેશભાઈ બાવાભાઈ - સમી તાલુકો, ઠક્કર રમેશભાઈ ઠાકરશીભાઈ - સાંતલપુર તાલુકો, ઠાકોર બચુજી વરવાજી- શંખેશ્વર તાલુકો, ઠાકોર બાબુજી બાજુજી - રાધનપુર તાલુકો, ઠક્કર ચંદુલાલ ચતુરલાલ - રાધનપુર શહેર, ડૉ.ઝુલા વિષ્ણુદાન વાઘજીભાઈ- હારીજ શહેર, પટેલ રાજેન્દ્રભાઈ અમરતલાલ- સરસ્વતી તાલુકો, શુક્લ ગોપાલભાઈ નટવરલાલ- ચાણસ્મા શહેર, ચૌધરી નારણભાઈ અજુભાઈ - ચાણસ્મા તાલુકો.

## અલ્પેશ ઠાકોર આંદોલન કરવા ગયા હતા અને પાછા આવી ગયાઃ પરેશ ધાનાણી

હિંમતનગર

ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે, ત્યારે કોંગ્રેસે પણ દરેક જિલ્લાઓમાં અને પ્રદેશમાં પોતાના નેતાઓને મેદાનમાં ઉતારી દીધા છે. કોંગ્રેસી નેતા પરેશ ધાનાણીએ હિમતનગરમાં કોંગ્રેસી કાર્યકરોને સંબોધ્યા હતા. કોંગ્રેસને જીતાડવા એકઝૂટ થઈ કામે લાગી જવા જણાવ્યું હતું. જો કે પરેશ ધાનાણી ભાંગરો વાટતા જાતિવાદનાં રાજકારણને પ્રોત્સાહન આપ્યું હોય તેવું નિવેદન કરી બેઠા હતા.

ઠાકોર સેનાના નેતા અને પોતાને ઓબીસી નેતા ગણાવતા અલ્પેશ ઠાકોર વિષે પૂછાતા કોગ્રેસ દ્વારા જ અલ્પેશ ઠાકોરને ઓબીસી આંદોલન કરવા પ્રમોટ કરાયા હોય તેવું જણાતું હતું. પરેશ ધાનાણીને પૂછવામાં આવ્યું કે અલ્પેશ ઠાકોર કોગ્રેસમાં જોડાયા તો કોગ્રેસને કેટલો ફાયદો થશે તો તેમણે જવાબ આપ્યો કે, ''શામ કા ભૂલા સુબહ કો ઘર વાપિસ આયે તો ઉસે ભૂલા નહિ કહતે.''

તેમણે વધુમાં એવું પણ કહ્યું હતું કે, 'અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જ હતા, થોડો ટાઈમ આદોલન કરવા ગયા હતા અને કામ પૂર્ણ થતા પાછા કોગ્રેસમાં જોડાઈ ગયા છે.' આવી વાત કરતા સ્પષ્ટ સંકેત મળે છે કે કોંગ્રેસે જ અલ્પેશ ઠાકોરને દારૂબંધી ,યુવાનોને રોજગારી, ખેડૂતોના પ્રશ્નોને લઈ આંદોલન કરાવી મતોનું રાજ-કારણ કરવાનો કોંગ્રેસનો મનસુબો જાહેર થઇ ગયેલો જોવા મળે છે.'

પાટીદારો હાલ ભાજપથી નારાજ થઈ કોંગ્રેસ તરફનો ઝૂકાવ જોવા મળી રહ્યો છે ત્યારે પૂછવામાં આવ્યું કે શું કોંગ્રેસ પાટીદારોને અનામત આપશે કે નહી તો પરેશ ધાનાણીએ ગોળ ગોળ જવાબ આપી કોઈપણ પ્રકારની સ્પષ્ટતા કરી નહોતી.

## પાટણ પાલિકાના પૂર્વ પ્રમુખની માતાના ગળામાંથી સોનાની માળાની ચીલઝડપ

પાટણ

શહેરનાબીજા રેલ્વે ગરનાળા નજીક આવેલી નવજીવન સોસાયટીમાં ઘરના ઓટલા ઉપર બેસી શાક સમારી રહેલા વૃદ્ધાના ગળામાં પહેરેલી સોનામાં મઢેલી તુલસીની માળાની ચીલ ઝડપ કરી બાઈક પર સવાર બે શખસો ફરાર થઈ ગયા હોવાની ઘટના મંગળવારના રોજ પ્રકાશમાં આવવા પામી હતી.

રેલ્વેના બીજા ગરનાળા પાસે આવેલી નવજીવન સોસાયટીના બ્લોક નં-૧૭માં રહેતા પાટણ નગરપાલિકા પૂર્વ પ્રમુખ હેમત તન્નાના મોટાભાઈ નીલાધરભાઈ શંકરલાલ તન્નાના ઘરે રહેતા તેમના ૮૦ વર્ષિય માતા મેનાબેન મંગળવારની સવારે ઓટલા ઉપર બેસી શાકભાજી સમારી રહ્યા હતા. ત્યારે બ્લેક કલરના બાઈક ઉપર સવાર બે અજાણ્યા લબરમુછીયા યુવાનોએ સોસાયટીમાં પ્રવેશી રેકી કરી મેનાબેન તન્ના ગળામાં પહેરેલી સોને મઢેલી એક તોલાની સોનાની તુલસીની માળાની ચીલઝડપ કરી ફરાર થઈ ગયા હતા. બનાવને લઈ હતપત બનેલા મેનાબેન બુમા બુમ કરતા ઘરમાં રહેલા અન્ય સભ્યો બહાર દોડી આવ્યા હતા. જો કે, બનાવને અંજામ આપી બાઈક સવાર બંને યુવાનો રેલ્વે ગરનાળા તરફ ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. બનાવની જાણ અને બી ડીવિઝન હેમંત તન્નાને થતાં તેઓએ ઘટના સ્થળે આવી એલસીબી પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફે ઘટના સ્થળે આવી ચીલઝડપ કરી ભાગી છુટેલા બે અજાણ્યા બાઈક સવાર શખસોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન બનાવ્યા હતા.

## પાટણ જીલ્લાના ચૂંટણી અધિકારી દ્વારા નોડલ અધિકારીઓ સાથે કામગીરીની સમીક્ષા કરી

પાટણ

પાટણ જીલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ''ફ્રી એન્ડ ફેર ''માહોલમાં સંપન્ન કરાવવા માટે જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સર્વ ક્ષેત્રીય કામગીરી હાથ ધરાઈ છે.જીલ્લા ચૂંટણી અધિકારી આજે યોજેલી નોડલ અધિકારીઓની બેઠકમાં ૧૮ નોડલ અધિકારીઓ દ્વારા ચૂંટણી સંદર્ભે કરાયેલી કામગીરીની સમીક્ષા કરતા જણાવ્યું હતું કે ,જીલ્લામાં વધુમાં વધુ મતદારો મતદાન કરી શકે તે માટે મતદાતા જાગૃતતા અભિયાનને વધારે ગતિશીલ બનાવવાની જરુર છે .મોક પોલીન્ગના નિદર્શન અને મતદાન જાગૃતિ રથ મારફતે મતદાતાઓમાં મતદાન માટેની તેમજ ઈ વિ એમ વીવી પેટ અંગેની જાગૃતતા ઉભી કરવા પ્રયાસો હાથ ધરવા જણાવ્યું હતું




,જીલ્લામાં સિદ્ધપુર ખાતેના કાર્તિકી મેલામાં ઉપરાંત જીલ્લામાં અગરિયા વિસ્તારો ,વિચરતી જાતિઓમાં પણ મતદાતાઓ જાગૃત બને તે માટે પ્રયાસો કરવા જણાવ્યું હતું .જીલ્લા ચૂંટણી અધિકારી વધુ વધુમાં ઉમેર્યું હતું ,જીલ્લા ચૂંટણી અધિકારીએ ચાર વિધાનસભા બેઠકોના નિર્વાચન અધિકારીઓ માટે વચ્ચે સંકલન અને સમન્વય ઉભા કરી કાર્યવાહીમાં એક બીજાના પુરક અને માર્ગદર્શક બનવા જણાવ્યું હતું જીલ્લા ચુન્તાની અધિકારીએ કાયદો અને વ્યવસ્થા ના ભાગરૂપે વાહન રિકવીઝેશન ચૂંટણી કંટ્રોલ રૂમ મીડિયા સેન્ટર એમ,સી ,એમ સી ચુન્તાની કર્મચારીઓ માટેના મતદાન માટેની વ્યવસ્થા મતદાનના દિવસે ફેક્ટરી કામદારો માટે રાજા સુનીશ્ચતીત કરવા પણ અનુરોધ કરો હતો .

જીલ્લા વિકાસ અધિકારી, ચુન્તાની અધિકારી, સહીત જુદી જુદી કામગીરી ના નોડલ અધિકારી માટે ઉપશ્તીત રહ્યા હતા

## સિધ્ધપુર શહેર અનુ.જાતિ મોરચાના પ્રમુખ- મહામંત્રી તથા પાટણ શહેર મહિલા મોરચાના પદાધિકારીઓની વરણી

પાટણ

જિલ્લા સંગઠન પ્રભારી મયંકભાઈ નાયક તથા જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલની અનુમતીથી, જિલ્લા ભાજપ મહામંત્રી દશરથજી ઠાકોર, પ્રવિણભાઈ ઠક્કર તથા ભાવેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગતરોજ અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ વશરામભાઈ રણછોડભાઈ સોલંકી દ્વારા સિધ્ધપુર શહેર અનુસુચિત જાતિ મોરચાના મંડલના પ્રમુખ તથા મહામંત્રી તથા જિલ્લા મહિલા મોરચા પ્રમુખ દામીનીબેન પ્રજાપતિના આદેશથી પાટણ શહેર મહિલા મોરચાના પ્રમુખ વિજયાબેન બારોટ દ્વારા પાટણ શહેર મહિલા મોરચાના પદાધિકારીઓની નિયુક્તિ કરવામાં આવેલ છે. એમ જિલ્લા ભાજપ કાર્યાલય મંત્રી નવીન પ્રજાપતિ અખબારી યાદીમાં જણાવે છે.

પાટણ શહેર (મહિલા મોરચો):-

ઉપપ્રમુખ : ૧. પ્રજાપતિ તારાબેન કાન્તિભાઈ (વોર્ડ નં.-૬) , ૨. ઠાકોર તુલસીબેન કનુભાઈ (વોર્ડ નં-૯), ૩. કરલીયા સરોજબેન વિનોદભાઈ (વોર્ડ નં.-૭), મંત્રીઃ- ૪. બ્રહ્મભટ્ટ ઈન્દુબેન તેજેન્દ્રભાઈ (વોર્ડ નં.-૪) ૫. યોગી જયશ્રીબેન ભગાભાઈ (વોર્ડ નં.-૧) ૬. ઠક્કર હેતલબેન મહેન્દ્રભાઈ (વોર્ડ નં.-૧૧), ૭. ભીલ ગીતાબેન પ્રવિણભાઈ (વોર્ડ નં.-૨), ૮. જોષી ગીતાબેન રમેશચંદ્ર (વોર્ડ નં.-૮), કોષાધ્યક્ષઃ- ૯. મેવાડા ભાવનાબેન વિષ્ણુભાઈ (વોર્ડ નં.-૧૦), સિધ્ધપુર શહેર (અનુસુચિત જાતિ મોરચો):- પ્રમુખઃ- પરમાર શૈલેષભાઈ નાથાલાલ (ફુલપુરા), મહામંત્રીઃ- રાઠોડ ભરતભાઈ લાલજીભાઈ (નવાવાસ)ની વરણી કરવામાં આવી છે.

## રાહુલ કઈ રીતે પાટીદારને અનામત આપશે? : ભાજપનો વેધક સવાલ

(જી.એન.એસ) ગાંધીનગર

તાજેતરમાં ભાજપમાં જોડાયેલા પાસના બે અગ્રણીઓ વરૂણ પટેલ અને રેશમા પટેલે પત્રકાર પરિષદ યોજીને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પાટીદારોને કઇ રીતે અનામત આપશે? કોંગ્રેસ પાટીદારોને ઓબીસીના ૨૭ ટકામાંથી ૨૦ ટકા અનામત આપશે કે આર્થિક રીતે પછાત(ઈબીસી)ના નામે આપશે? તેવા સવાલો કરીને કહ્યું કે હાર્દિક પટેલ ટ્વીટ કરીને રાહુલ પાસેથી અનામત માંગે છે પણ કઇ રીતે કોંગ્રેસ અનામત આપવા માંગે છે તે કેમ પૂછતાં નથી? વાસ્તવમાં હાર્દિક આવા ટ્વીટ કરીને પાટીદાર સમાજને ગુમરાહ કરી રહ્યાં છે.

## હિંમતનગર વિધાનસભા કાર્યકર્તાઓનું સ્નેહ સંમેલન યોજાયું

હિંમતનગર

સતીષ ભટ્ટ



ગુજરાત વિધાનભસાની ચુંટણીના પ્રવાસે આવેલા ઉત્તર પ્રદેશના કેબીનેટ મંત્રી ડૉ.મહેન્દ્રસિંહે આજે હિંમતનગર સ્થિત હિંમતનગર શહેર તાલુકા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા જણાવેલ કે, મને અહીં આવતા વિજય સંમેલનમાં આવ્યો હોય તેવું લાગ્યુ છે. અહીં ઉત્સાહ સાથે બહુ જ મોટી સંખ્યામાં તમે બધા આવ્યા છો અહીંના વિધાનસભાના કેટલા મતદારો છે, કેટલા બુથ છે, કેટલા ઘરો પણ છે તેની મારી પાસે સંપૂર્ણ માહીતી છે તમે એક કાર્યકર્તા ૨૦-૨૦ મત અપાવશો તો આપણે ભારી સંખ્યામાં જીતીશું તેથી જ તમારી મુસ્કાન બતાવે છે કે, પ્રદિપસિંહે ગુજરાતની સરકારે કરેલા કામો અને કેન્દ્રની સરકારે કરેલા કામોની વિસ્તૃત માહીતી આપી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતની પ્રજાના પ્રશ્નોનું નિવારણ, પ્રજાના વિકાસની વાત કરી હતી અને જણાવેલ કે, નરેન્દ્રભાઈ મોદીએ ભષ્ટ્રાચાર મુક્ત યોજનાઓ કરી અને ભારતીય હોવાનું સ્વાભીમાન જગાડ્યુ છે. સાંસદ દીપસિંહ રાઠોડે જણાવેલ કે, આપણે ભારતને સમર્થ બનાવવા માટે કામ કરીએ, બધુ જ ભુલી એક મેક થઈ કાર્ય કરીએ.

ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ નૂતન વર્ષની બધા જ કાર્યકર્તા, વડીલો, મહીલાઓને શુભેચ્છા પાઠવી જણાવેલ કે, અહીં બધા જ સંમેલનમાં ઉપસ્થિત તમામનો આભાર માનું છુ, ઓબીસી એકતા મંચના નામે કેટલાક લોકો ખીચડી પકવતા હતા અને આજે બધા જોડાયા તે ગૌરવની ની બાબત છે આપણે સૌ ભગવાધારી કાર્યકર્તા હતા જે લોકો પાછા આવ્યા તેમણે નરેન્દ્રભાઈ મોદી ઉપર વિશ્વાસ મુક્યો કારણ કે, દેશ અને દુનીયામાં આપણું ગૌરવ વધ્યુ છે. ભારતીય જનતા પાર્ટીના પ્રવાહમાં આજે ૫૦૦ કાર્યકર્તાઓ જોડાયા છે હિંમતનગર તાલુકાએ વિકાસમાં વેગ આપ્યો તેનું આ પરિણામ છે અગાઉ સ્વર્ગસ્થ રણજીતસિંહજી ચાવડા, પ્રફુલભાઈ પટેલ અને મે પણ ૨૯૦૦ કરોડ રુપીયાના વિકાસના કામો થયા છે અને અનેક કામો હજુ ચાલુ છે.જયારે ૨૭૫ કરોડના ખર્ચે નવીન કનેકટીવીટીના કામો, દુધ ઉત્પાદનમાં જેઠાભાઈ પટેલના સહકારથી દુધ ઉત્પાદનમાં વધારો, સિંચાઈ ના કામો, આરોગ્ય લક્ષી, એવા અસંખ્ય કામો તાલુકામાં થયા છે, આગામી દિવસોમાં અમે સી.કે.પટેલે જણાવેલ કે, પૂર્વ પ્રાઈમ મિનીસ્ટરે ગુજરાતમાં વિકાસના કામોમાં રસ ન હતો, આજે આપણા પ્રાઈમ મીનીસ્ટર વિકાસશીલ વ્યક્તિ મળ્યા છે જે નર્મદાનું કામ પૂર્ણ થયું તે તમે જોઈ શકો છો, સ્કીલ ડેવલપમેન્ટ થકી યુવાનોની ચિંતા કરી છે. અનામત વિશે વાત કરતા જણાવેલ કે, આંદોલન કારીઓના પ્રશ્નો પુરા કર્યા છે. છેલ્લો પ્રશ્ન શહીદ પરીવારનો હતો તે પણ સમાજે આપ્યા છે આંદોલન કારીઓની દાનત શું છે તે બધા ને ખબર પડી જશે કાર્યક્રમમાં તાજેતરમાં ગુજરાત બીન અનામત આયોગના ઉપાધ્યક્ષ બનેલ એડવોકેટ રશ્મીભાઈ પંડ્યા તેમજ ખાદી બોર્ડમાં ડીરેકટર બનેલ વિજય વણઝારાનું ઉત્તર પ્રદેશના કેબીનેટ મંત્રી ડૉ.મહેન્દ્રસિંહના હસ્તે સન્માન કરવામાં આવેલ. સ્વાગત પ્રવચન નીલાબેન પટેલે કરેલ અને પાલીકાના વિકાસના કામોની જાણકારી આપી હતી. શહેર ભાજપ પ્રમુખ અનીરુધ્ધ સોરઠીયાએ કાર્યકરોને આગામી ચુંટણીમાં કામે લાગી જઈ દેશ વિરોધી તત્વોને જાકોરો આપવા હીમાયત કરી હતી.

## પાટણના સિદ્ધપુર ખાતે જીલ્લા ચૂંટણી અધિકારીના હસ્તે મતદાતા જાગૃતિ રથનું પ્રસ્થાન

પાટણ

પાટણ જીલ્લામાં વિધાનસભાની ચાર બેઠકો માટે યોજાનાર ચૂંટણી દરમ્યાન વધુમાં વધુ મતદાન કરવાની લોક જાગૃતિ ઉભી થાય તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલ દ્વારા મતદાન જાગૃતિ રથ નું પ્રસ્થાન કરાવાયું હતું.આ ઉપરાંત તેમણે મોક પોલીંગ સ્ટેશન નો પણ શુભારંભ કર્યો હતો .અને દ્દ્દ્ક માટે ની લોક જાગૃતિ માટે પણ સુચના આપી હતી .આ પ્રકાર ના મોક પોલીંગ સ્ટેશનચૂંટણી પંચની સુચનાથી જીલ્લામાં તમામ તાલુકા સેવા સદન માં ઉભા કરાશે.

પાટણ જીલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી ,૨૦૧૭ જાહેર થયા બાદ અમલમાં આવેલ આદર્શ આચારસહિતાને ધ્યાને લેતા જીલ્લાની વિવિધ ટીમો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવે છે .પાટણ જીલ્લાના વિવિધ તાલુકાઓમાં ભીંત લખાણ -૫૯ ,પોસ્ટર -૩૨ ,બેનર -૨૬ ,અન્ય ૮૪ મળી કૂલ -૨૦૧ આચાર સહિતા ભંગને લગતી બાબતો જાહેર મિલકત પરથી દૂર કરવામાં આવેલ છે .જયારે ખાનગી મિલકતો પરથી ભીંત લખાણ -૩૯૩ ,પોસ્ટર -૧૩૮ ,બેનર -૧૨૨ ,અન્ય -૧૩ મળી કૂલ ૬૬૬ આચારસંહિતા ભંગને લગતી બાબતો દૂર કરવામાં આવેલ છે . આ ચૂંટણીઓની જાહેરાત થયા તારીખથી આજ સુધી કૂલ ભીંત લખાણ -૨૦૧૫ ,પોસ્ટર ૬૦૧ ,બેનર -૪૪૧ અન્ય ૧૭૦૮ મળી કૂલ -૪૭૬૫ આચારસંહિતા ભંગને લગતી બાબતો જાહેર મિલકત પરથી દૂર કરવામાં આવેલ છે .કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે પોલીસ વિભાગ દ્વારા આજ સુધી કૂલ ૪૫૦ લાઈસન્સવાળા હથિયાર જમા કરવામાં આવ્યા છે ,અને પાટણ જીલ્લામાં કૂલ ૭ નાકા કાર્યાન્વિત કરાયા હોવાનું જીલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## પાટણની સગીરવયની યુવતીને ભગાડી જનાર યુવાનની ધરપકડ

(જિ.પ્રતિ) પાટણ

રાજુભાઈ ઠક્કર



એ.એ.સુમરા (પો.સ.ઈ) નું પાટણ સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં તા. ૨૫/૧૦/૧૭ ના રોજ હાજર થતાં પાટણ એસ.પી. પોસ્ટીંગ કરતા પોલીસ ઈન્સપેક્ટર પરમારે લેખિત હુકમમાં પાટણ સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૮૯/૧૭ આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬ મુજબના ગુનામાં આરોપી રીપલ પ્રમોદકુમાર પરમાર (રહે. અમરેલી) કમાલખાન બલોચની ૧૭ વર્ષીય પુત્રી જેનીફરને ભગાડી ગયેલ. જે મળી ન આવતા ગુજરાત હાઈકોર્ટમાં હેપીયર્સ દાખલ થયેલ. બાદમાં એસ.પી. અને પી.આઈ.ના સંકલનથી આરોપીના મોબાઈલના લોકેશનથી અને તેની સાથે વાતચીતના નંબરોથી તપાસ કરતાં આરોપી તથા ભોગ બનનાર યુવતી રાજકોટ ખાતે હોવાની ચોક્કસ હકીકતના આધારે પોલીસે પકડી પાડેલ. આ તપાસ દરમ્યાન એલ.સી.બી. પી.આઈ અને પોલીસ સ્ટાફે આરોપીને પકડી પાડવામાં મોટી સફળતા મળેલ.

આરોપી સગીર વયની યુવતીને પાટણથી તા. ૧૮/૬/૧૭ ના રોજ ભગાડી ગયેલ. જે બાબતે બી ડિવીઝનમાં ૮૯/૧૭ થી ગુનો દાખલ થયેલ. પોલીસે આ કેસમાં ટેકનોલોજી અને બુધ્ધિનો ઉપયોગ કરીને ગુનેગારને પકડી પાડેલ.

## પાટણ જિલ્લા માં આદર્શ આચારસંહિતા અમલ હેઠળ ૩૫૬ હથિયાર લાયસન્સ જમા લેવાયા

પાટણ

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ સંદર્ભ પાટણ જિલ્લામાં અમલી બનેલી આદર્શ આચારસંહિતા અને કાયદો વ્યલવસ્થાહ્નના નિયમનના ભાગે જિલ્લાઆ પોલીસ વિભાગે ૩૫૬ હથિયાર લાયસન્સદ જમા લીધા છે. અને જિલ્લામિં કુલ મળી ૭ નાકા કાર્યરત કરાયા છે.

# વડગામના પસવાદળ માતાજીના મંદિરમાંથી બે સબમર્સીબલ પંપની ચોરી

**પસવાદળમાં ચોરીનો સીલસીલો યથાવત : એક અઠવાડિયામાં ચોથી ચોરી થતાં ફફડાટ**


સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

વડગામ તાલુકાના પ્રસિધ્ધ યાત્રાધામ પસવાદળ ગામે આવેલ શ્રી શકરામ્બિકા માતાજીના મંદિરમાં શનિવાર રાત્રે તસ્કરો દ્વારા બે સબમર્સીબલ પંપની ચોરી કરતા ગામમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રસિધ્ધ યાત્રાધામ પસવાદળ ગામ વચ્ચે આવેલ શકરામ્બિકા માતાજીના મંદિરના પ્રાંગણમાં આવેલા અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાંથી બે સબમર્સીબલ પંપ વિજકેબલ સાથે કાંઢીને અજાણ્યા તસ્કરો લઈ ફરાર થઈ ગયા હતા જો કે મંદિરમાં શ્રધ્ધાળુઓની ભીડ રહેતા તેમજ રાત્રિરોકાણ કરતા હોઈ તસ્કરો મંદિરને નિશાન બનાવી શકયા ન હતા. જો કે પસવાદળ ગામમાં એક અઠવાડિયામાં આ ચોથી ચોરીના બનાવ બનવા પામ્યો છે. અગાઉ બે જગ્યા એ ખેતરની ઓરડીમાંથી વિજ-કેબલની ચોરી થઈ હતી જયારે શનિવાર રાત્રે ગ્રામ પંચાયતના વારિગૃહના વિજકેબલની પણ ચોરી થવાનું જાણવા મળે છે. મંદિરની બે સબમર્સીબલ ચોરી અંગે મંદિરના પુજારી રાજુભાઈ દવે દ્વારા છાપી પોલીસ મથકે રવીવારે ફરીયાદ નોંધાવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

**એકજ મોડસ ઓપરેન્ડીથી ચોરી**

પસવાદળ મંદિરમાં ચોરીના બનાવ બાબતે તસ્કરો જાણ ભેદુ હોવાનું જણાઈ આવે છે. જ્યારે તસ્કરો એકજ મોડસ ઓપરેન્ડી મુજબ વિજ કેબલ સહિત વિજ ઉપકરણોની ચોરીના મહારથી હોવાનું જણાઈ આવે છે.

# ડીસામાં પોલીસની દાદાગીરી સામે ડમ્પર ચાલકો હડતાલ પર


ભરત સુંદેશા

**પોલીસ હપ્તા માંગતી હોવાના આક્ષેપ**

ડીસા

ડીસામાં બનાસ નદી ની રેતી ભરીને દોડતા ડમ્પર ચાલકોને પોલીસ દ્વારા વારંવાર થતી હેરાનગતિ સામે તેમજ પોલીસ દ્વારા હપ્તાની માંગણી કરાતી હોવાના આક્ષેપ સાથે રવિવારે અનેક ક્વોરીઓના ડમ્પર ચાલકે અચાનક હડતાળ પર ઉતરી ગયા હતાં.

ડીસાની બનાસ નદીમાં ભૂસ્તર વિભાગ દ્વારા રેતીના ખોદકામ માટે વ્યાપક પ્રમાણમાં લીઝ હોલ્ડરોને પરમીટ આપવામાં આવી છે. જો કે પરમિટની આડમાં કેટલીક લીઝો ગેરકાયદેસર રીતે પણ ચાલી રહી છે અને રાત દિવસ રેતીનું ખનન કરી ટ્રકો મારફતે બનાસકાંઠા અને અન્ય જિલ્લામાં રેતીનું વહન કરવામાં આવે છે. લીઝ હોલ્ડરો સામે રોયલ્ટી ચોરી અને ગેરકાયદેસર ખનન

અનુસંધાન પાના નં.૬

# મતદાન માટે એક કલાકનો સમય આ વિધાનસભા ચૂંટણીથી મળશે




યશપાલસિંહ ટી.વાઘેલા

વાહ ''તાજ''વાહ.. આ ઐતિહાસિક ધરોહર પણ રાજકીય વિવાદમાં નફરત તરફ ધકેલાઈ જાય ને તો નવાઈ નહીં. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં એકાદ ભાષણમાં આ મુદ્દો પણ પ્રજા વચ્ચે આવી શકે. બનાસકાંઠા જિલ્લાની કુલ ૯ (નવ) વિધાનસભા બેઠકોનું સંચાલન નવનિયુક્ત જિલ્લા કલેક્ટર આર.જે. માંકડીયાના હસ્તક રહેશે. ૨૧,૩૬, ૧૩૯ મતદારો ૨૫૫૩ મતદાન મથકો પરથી તાઃ ૧૪/૧૨/૨૦૧૭ ના રોજ સવારે ૮ થી ૬-૦૦ વાગ્યા સુધી મતદાન કરી શકશે. એક કલાકનો સમય ઐતિહાસિક રીતે વધારવામાં આવ્યો છે. ભૂતકાળની ચૂંટણીઓમાં અંતિમ તબક્કાનો કલાક તો ભારે મતદાન માટેનો શ્રેષ્ઠ સમય રહેતો હતો. આ વખતે સીસીટીવી કેમેરા વીવીપેટને બીજી કડકાઈ વચ્ચે ક્યાં કેટલું લોકશાહી ઢબે મતદાન થાય છે. એ જ જોવાનું રહેશે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર કમ ચૂંટણી અધિકારીએ ચૂંટણી ખર્ચ માટે ૧૩૫ જેટલી અલગ અલગ ટીમ બનાવી મોનિટરીંગ ચાલુ કર્યું છે. જે આગામી સમય કેટલી તટસ્થતાથી કામ કરે છે. એ પ્રજામાં એક સળવળતો સવાલ છે. ૧૯ જેટલા નોડલ અધિકારીઓની નિમણુંક કરી છે. આ ઉપરાંત છેલ્લા ઘણા સમયથી બીએલઓ ઝોનલ અધિકારીઓની દોડધામ મતદારોથી માંડીને મતદાન મથકોની ચકાસણીમાં ચાલી જ રહી છે. ૨૫ મી ઓક્ટો-૨૦૧૭ થી ૨૦/૧૨/૨૦૧૭ સુધીનો ગાળો ચૂંટણીમય રહેશે. આમ તો ક્યાંકને ક્યાંક ચૂંટણીનું ચક્રવ્યૂહ ચાલતુ જ રહે છે ને પ્રજાને માથે બોજ વધે છે. નાના નાના રજવાડા નાબૂદ તો થયા પણ અત્યારે હાલમાં કેટલા રાજાઓ કેવા જલસા કરે છે. તેનો અભ્યાસ કોઈ તજજ્ઞો શિક્ષણવિદો અભ્યાસુઓએ કર્યો છે? રાજાશાહીમાં રાજાઓએ પ્રજાલક્ષી શાસન કર્યું. અમુક બદી તો રહી હશે પણ આ લોકસેવકો કરતા તો સુશાસનની અનુભૂતિ ચોક્કસ થતી હતી. આજે જ્ઞાતિવાદ- અનામતને અન્ય વિવાદી મુદ્દાઓ ઉછાળીને પ્રજાને ગેરમાર્ગે દોરવામાં આવે છે. ને પ્રજા ઝડપી એ માર્ગે ઘેરાઈ જાય છે. આ ચૂંટણીમાં પ્રજાલક્ષી સુશાસન સ્થપાય તેવી ભાવના - આશા વ્યક્ત કરીએ. ત્યાં પ્રજા - વિસ્તારના હૃદયનો મિજાજ પણ જોવો પડશે ને વધુ આવતીકાલે.

# ધાનેરાના નેનાવા નજીક ટ્રકમાંથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો




એન.કે.મોદી

**રૂા.૩૦.૪૧ લાખના મુદામાલ સાથે બે ની અટકાયત**

તા.પ્રતિ. ધાનેરા

જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરની સુચના તથા એ.એચ.ચૌધરી (નાયબ પોલીસ અધિક્ષક થરાદ) ના માર્ગદર્શન મુજબ આગામી સમયમાં વિધાનસભા ચુંટણી યોજાનાર હોઈ અને હાલમાં ગુજરાત રાજયમાં આચાર સંહીતા અમલમાં હોઈ ચુંટણી સરળતાથી, શાન્તીથી, નિષ્પક્ષ રીતે યોજાય તે સારૂ બોર્ડરની ચેક પોસ્ટ ઉપર સઘન વાહન ચેકીંગ કરવા અને દારૂના કેશો શોધી કાઢવા માટે કડક સુચના કરેલ છે જેના આધારે ગતરોજ આર.કે.પાઠક (પોલીસ ઈન્સપેકટર ધાનેરા) તથા દિલાવરખાન સીકન્દર ખાન, ભેમજીભાઈ ધનરાજ ભાઈ, પ્રકાશભાઈ ભીખા ભાઈ, જબ્બરસીંગ હુકમસીંગ, ઈશ્વરભાઈ હરસંગાભાઈ, પ્રધાનજી ધારસીજી, વિજય સિંહ સોમસિંહ, અરજણાજી સ્વરૂપાજી વગેરે પો.સ્ટાફના માણસો સાથે નેનાવા ચેક પોસ્ટ પર સઘન વાહન ચેકીંગ હાથ ધર્યું હતું.

જે દરમિયાન બાતમી આધારિત નાકાબંધી સમયે ટાટા ટ્રક ગાડીની અંદર પ્લાસ્ટીકના કેરેટ નીચે સંતાડેલ વિદેશી દારૂની પેટી નંગ-૪૨૫ બોટલ નંગ-૫૧૦૦ કિં રૂા.૨૦,૪૦,૦૦૦ નો ઝડપી લીધો હતો. આથી પોલીસે કિ રૂા.૧૦,૦૦,૦૦૦ ની ગાડી તથા મોબાઈલ નંગ -૨ કિં.રૂા.૧૦૦૦/- ના મળી કુલ મુદામાલ ૩૦,૪૧, ૦૦૦/- નો કુલ મુદામાલ કબજે કર્યો હતો તેમજ ટ્રકના ચાલક કેશારામ જીયારામ જાતે જાટ ચૌધરી (સારણ) રહે. મેવાનગર તા.પચપદરા જી.બાડમેર (રાજસ્થાન) તથા ગુરૂચરણ સીંગ સ/ઓ રમજાન શાહ જાતે શીખ (જાટ) રહે.ફુલેવાલ તા.મોગા જી.મોગા (પંજાબ) વાળા ઓને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસાની રસાણા કેનાલમાં પિતા પુત્રી ડૂબવાના બનાવમાં બીજી પુત્રીની લાશ મળી

**૪૦ કલાક બાદ પણ પિતાની લાશ હજુ લાપત્તા : બાઇક સાથે કેનાલમાં ખાબક્યા હતા**


ભરત સુંદેશા

ડીસા

ડીસા પાલનપુર હાઈવે પર રસાણા ગામ નજીકથી પસાર થતી દાંતીવાડાની મુખ્ય કેનાલમાં શનિવારે સવારે બાઈક પર સવાર પિતા અને બે પુત્રીઓ કેનાલમાં ખાબકતાં ત્રણેયના મોત નિપજયા હતા. જેમાં એક પુત્રીની લાશ શનિવારે મળી હતી જયારે ભારે શોધખોળ બાદ બીજી પુત્રીની લાશ છેક ગઢ નજીક કેનાલમાંથી રવિવારે બપોરે મળી આવી હતી. જયારે પિતાની લાશ હજુ પણ શોધખોળ ચાલુ છે.

ડીસાના પાટણ હાઈવે પર આવેલ બંગલોઝ ખાતે રહેતા યોગેશકુમાર નટવરલાલ મોદી પોતાની બે પુત્રીઓ શ્લોકા અને જેની સાથે રવિવારે સવારે પાલનપુરથી ડીસા તરફ આવી રહ્યા હતા. ત્યારે રસાણા પાસે દાંતીવાડા મુખ્ય કેનાલ નજીક અચાનક બાઈક પરનો કાબુ ગુમાવતા બાઈક કેનાલમાં ખાબકી હતી.આ દરમિયાન તુરંત આજુબાજુના લોકો તેમજ સ્થાનિક તરવૈયાઓ અને પોલીસ દ્વારા ત્રણેયને કેનાલમાંથી શોધવાની કામગીરી હાથ ધરાવતા શ્લોકા ( ઉ.વ.૧૦)ની લાશ બે કલાકની જહેમત બાદ મળી હતી.

જોકે શનિવારે મોડી રાત સુધી જેની અને યોગેશભાઈની લાશ મળી આવી ન હતી. ત્યારબાદ રવિવારે પણ સ્થાનિક તરવૈયાઓ અને પોલીસ દ્વારા કેનાલમાં છેક ગઢ સુધી અને આસેડા સુધી તપાસ હાથ ધરાઈ હતી. જેમાં યોગેશભાઈની નાની પુત્રી જેની લાશ ગઢ નજીક કેનાલમાંથી મળી આવી હતી. જયારે હજુપણ યોગેશભાઈની લાશનો અતો પત્તો મળ્યો નથી. પોલીસ અને સ્થાનિકો દ્વારા શોધખોળ ચાલુ છે.

**તંત્રે માનવતા નેવે મૂકી કેનાલમાં પાણી બંધ ન કર્યુ**

ડીસા રસાણા નજીક કેનાલમાં પિતા અને બે પુત્રીઓને ડૂબવાના બનાવમાં કેનાલમાં પાણીનો પ્રવાહ ચાલુ હોય લાશો કાઢવામાં અને લાશો શોધખોળ કરવામાં ખુબ જ તકલીફ પડતી હોય પોલીસ અને લોકો દ્વારા કેનાલમાં પાણી બંધ કરવા દાંતીવાડા સિંચાઈ વિભાગની જણાવાયુ હતુ .પરંતુ શનિવારે મોડે સુધી કે રવિવારે પણ કેનાલમાંથી પાણી છોડવાનું બંધ કરાયું ન હતું. જેથી એક પુત્રીની લાશ પાણીમાં તણાઈને છે ૧૦ કિલોમીટર દૂર ગઢ સુધી પહોંચી ગઈ હતી. જ્યારે હજુ પણ યોગેશભાઈની લાશનો તો અત્તો પત્તો નથી અને શોધખોળ ચાલુ છે પરંતુ સિંચાઈ વિભાગ દ્વારા કેનાલમાં પાણી બંધ કરવામાં આવ્યુ નથી .આ અંગે પરિવારજનો ,સામાજિક અગ્રણીઓ દ્વારા કલેક્ટર, નાયબ કલેક્ટર વગેરેને પણ જાણ કરાઈ હતી પરંતુ કોઈએ પાણી બંધ કરવામાં રસ લીધો ન હતો જેથી હજુ પણ લાશો મળી નથી.

# કાંકરેજ ટીડીઓ અને અધિક મદદનીશ ઈજનેરને માહિતી ન આપવા બદલ નોટીસ


વિજય સિલ્વા

**કોર્ટમાં હાજર રહેવા માટે કારણ દર્શક નોટીસ પાઠવાઈ**

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાની તમામ ગ્રામ પંચાયતોની માહિતી અધિકારના કાયદા ૨૦૦૫ હેઠળ વર્ષ ૨૦૦૮/૦૯ થી વર્ષ ૨૦૧૫/૧૬ સુધીની સરકારની ચાલતી વિવિધ યોજનામાંથી વિકાસના કામો કઈ કઈ જગ્યાએ કરવામાં આવેલ અને તાલુકાની ગ્રામ પંચાયતોમાં વિકાસના કામોમાં કઈ કઈ ગ્રામ પંચાયતોમાં ગેરરીતીની ફરીયાદોની અરજીઓ બાબતે તપાસ કર્તા અધિકારીઓ દ્વારા શુ કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ વિકાસના કામોમાં ચૂકવાયેલ બીલોની પ્રમાણીત નકલો તેમજ એમ.બી.મુજબ વર્ષ વાઈઝના કામોના રેકર્ડની પ્રમાણીત નકલ. શિહોરીના અરજદાર દ્વારા માહીતી અધિકાર કાયદા ૨૦૦૫ હેઠળ તા.૨૮/૩/૨૦૧૬ ના રોજ માહીતી માંગવામાં આવી હતી. પરંતુ જાહેર માહીતી અધિકારી દ્વારા સમય મર્યાદામાં માહિતી ન આપતા અરજદાર ભટેસરીયા દોહજી મધુજી (બલુભા) એ તા.૬/૫/૨૦૧૬ ના રોજ અપીલ કરેલ. જેમાં તેઓ ને માહીતી ન મળતા તા.૮/૭/૨૦૧૬ ના રોજ ફરીથી અપીલ દાખલ કરેલ જેમાં પણ માહીતી ન મળતા તેઓએ ગુજરાત માહિતી આયોગમાં રજુઆત કરેલ જેના અનુસંધાને ગુજરાત માહિતી આયોગ દ્વારા વિવાદી ભટેસરીયા હાંહજી મધુજી (બલુભા) તેમજ પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી એવા અધિક મદદનીશ ઈજેનર શ્રી તાલુકા પંચાયત કાંકરેજ બાંધકામ શાખા અને અપીલ સતાધિકારી શ્રી તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત કાંકરેજને કોર્ટ નં.૧ સમક્ષ હાજર રહેવા માટેની કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ જેમા સદર અપીલની સુનાવણી તા.૧૦/૧૧/૨૦૧૭ ના રોજ ૧૧/૩૦ કલાકે હાથ ધરશે. આ નોટીસને લઈ કર્મચારી બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

**ડીસા સહિત જિલ્લામાં**

# ફુલગુલાબી ઠંડીની શરૂઆત થતા ખેડૂતો રવિ સીઝનના વાવેતરની તૈયારીઓમાં લાગ્યા


નરસિંહ દેસાઈ

**જિલ્લામાં સૌથી મહત્વપૂર્ણ સીઝનનો પ્રારંભ**

પ્રતિનિધિ વડાવળ

દિવાળીના દિવસોની સમાપ્તિ બાદ ખેડુતો રવિસીઝનના વાવેતરની કામગીરીમાં લાગી જતા હોય છે. જેને જિલ્લામાં સૌથી મહત્વપૂર્ણ સીઝન ગણવામાં આવે છે. જેથી ખેડુતો દ્વારા ફુલગુલાબી ઠંડીની શરૂઆત સાથે શિયાળુ વાવેતરની તૈયારીઓ શરૂ કરી દેતા હોય છે.

ડીસા સહિત જિલ્લામાં પિયતની પુરતી સગવડ ઉપલબ્ધ હોવાના પગલે શિયાળમાં સૌથી વધુ વાવેતર થાય છે. જિલ્લામાં ટ્યુબવેલ, કેનાલોના માધ્યમથી ખેતી કરતો ખેડુત શિયાળાની ઋતુમાં ઘઉં, રાયડો, બટાટાનું બહોળા પ્રમાણમાં વાવેતર થાય છે. જેને લઈ ખેડુતવર્ગ દ્વારા ખરીફ પાકને લઈ ખેતરોમાં ખેડ ખાતર અને પાણીની વ્યવસ્થા કરવામાં લાગી ગયા છે. ચાલુ સિઝનમાં દિવાળીના દિવસો બાદ પણ ઠંડીનું પ્રમાણ ઓછુ જોવા મળતા ખેડુતો દ્વારા વાવેતરમાં વિલંબ થઈ રહ્યો છે. જિલ્લામાં નવરાત્રી બાદ ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે. જેથી ખેડુતો દિવાળીના સમયગાળામાં રાયડા, ઘઉં સહિતના વાવેતર કરી દેતા હોય છે. પણ આ વર્ષે શિયાળાની ઋતુની ધીમા પગલે આગમનથી ખેડુત વર્ગમાં પણ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. તેમ છતાં શિયાળાની ઋતુ જામે તે પહેલા ખેડુતો દ્વારા રવિ સિઝનના વાવેતરની તમામ તૈયારીઓ પુરી કરવા લાગી ગયા છે. આવતા અઠવાડિયાથી ડીસા સહિત સમગ્ર જિલ્લામાં રવિ સીઝનમાં સમગ્ર જિલ્લામાં વાવેતરની કામગીરી પૂરજોશમાં ચાલુ થઈ જશે. ડીસા પંથકમાં બટાટાનું વાવેતર ૫ સપ્ટેમ્બરની આસપાસ સમગ્ર પંથકમાં ચાલુ થશે તેમ ખેડુતો દ્વારા જણાવાયું હતું.

# જેનાલ ગામે સોલંકીવાસ પ્રાથમિક શાળા સુધીના રોડનું કામ શરૂ


બી.ટી.દરબાર

પ્રતિનિધિ જેનાલ

ડીસા તાલુકાના જેનાલ ગામે સોલંકીવાસ પ્રા.શાળા સુધી નવા રોડનું રાજ્યમંત્રી કેશાજી ચૌહાણના હસ્તે ખાતમુહુર્ત કરાયુ હતું.

ગામના સરપંચ વિરમજી ગગજીના સહકારથી આસપાસના ખેડુતોએ રસ્તો ખુલ્લો કરી આપતાં રોડનું કામ શરૂ થયુ હતું. ગામથી સોલકી વાસ પ્રા. શાળા સુધી નવો રોડ બનશે તો શાળાના બાળકો તેમજ ગામમાં દુધ ભરાવવા આવતા લોકોને અવરજવરમાં સરળતા રહેશે.

# દાંતા પોલીસે ચોરીના ગુનામાં નાસતો - ફરતો આરોપી ઝડપી લીધો



પ્રતિનિધિ દાંતા

દાંતાના દેનાબેન્કની પાછળ કેપ્ટન મોબાઈલ નામની દુકાનમાં તા.૭/૫/૧૫ ના રોજ ચોરી કરનાર આરોપી કાળાભાઈ અમરાભાઈ ખોખરીયા રહે. કોટેશ્વર અંબાજીને દાંતા પોલીસે ઝડપી પાડેલ છે. તેને દુકાનમાંથી જુદી જુદી કંપનીના મોબાઈલ નંગ ૧૫ કિંમત રૂા. ૨૦,૫૦૦ ની ચોરી કરી લઈ જઈ ગુનો કર્યાની ફરીયાદ દાંતા પો.સ્ટે.નોંધાવેલ છે. જેમાં આ ગુનામાં ત્રણ ઈસમોની સંડોવણી હોવાનું જાણવા મળેલ છે. જેમાં એક નાના ભાઈ સોમાભાઈ ગૌરેણા રહે. કોટેશ્વર અંબાજીવાળાની પકડાઈ ગયેલ અને કાળાભાઈ અમરાભાઈ ખોખરીયા અને વધુ એક શખ્સ નાસી છુટ્યા હતા.

૧૫ વર્ષથી આપની સેવામાં ઉપલબ્ધ
ક્રિષ્ના હોસ્પિટલ અને આઇ.સી.યુ.
ગાયત્રી મંદિરની બાજુમાં સ્પોર્ટસ કલબ રોડ, ડીસા
ડીસાનું એક માત્ર ૬ વેન્ટીલેટર
(કૃત્રિમ શ્વાસોશ્વાસના મશીનો) ધરાવતું I.C.U.
ઝેર નિવારણ કેન્દ્ર
ડૉ. તેજલબેન જે.પટેલ
M.B.B.S. M.D. (ગુજરાત યુનિ. પ્રથમ)
આઇ.સી.યુ. નિષ્ણાંત
• જંતુનાશક દવાઓ તેમજ ઝેર પીધેલ દર્દીની અધતન સારવાર
• ગંભીર દર્દીઓની સારવાર
ડૉ. જીજ્ઞેશ એમ.પટેલ
M.B. DGO FLAMS પ્રસુતિ તથા સ્ત્રી રોગ નિષ્ણાંત
• પ્રસુતિગૃહ (૨૪ કલાક) • વંધ્યત્વ નિવારણ કેન્દ્ર
• સોનોગ્રાફી સેન્ટર

જાહેર આભાર



પરમાર સોરાપજી બાબુજી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી સાહેબના આદેશથી બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીરભાઈ ચૌહાણની સુચનાથી કાંકરેજ તાલુકાના ધારાસભ્યશ્રી ધારસીભાઈ ખાનપુરા સાહેબની ભલામણથી કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશભાઈ ઠક્કર, કાંકરેજ તાલુકાના કોંગ્રેસ અગ્રણીઓ, તમામ પદાધિકારીઓ, આગેવાનશ્રીઓ તેમજ કોંગ્રેસ પક્ષના તમામ હોદ્દેદારો અને કાર્યકર મિત્રોએ મારી કોંગ્રેસ પક્ષ પ્રત્યેની વફાદારીની કદર કરી મારી કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિમાં મહામંત્રી પદે નિમણૂંક કરવા બદલ સર્વે આગેવાનશ્રીઓનો હું ખૂબ ખૂબ આભાર વ્યકત કરૂં છું અને જાહેર જનતાને નૂતન વર્ષની શુભકામના પાઠવું છું.

લિ.
પરમાર સોરાપજી બાબુજી
મુ.અરકુવાડા (ઉંબરી), તા.કાંકરેજ, જિ.બ.કાં.
મો.૯૯૨૫૬ ૧૮૨૭૨
મહામંત્રી : કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિ